
• અ વ શે ષ •

(ઇ. સ. ૧૯૨૨—૩૨ સુધીની તણખામાં
પ્રગટ ન થયેલી વાતોનો સંગ્રહ)

ધૂમકેતુ



ગુ જ રા ત સા હિ ત્ય મં દિ ર
ગાં ધી રો ડ; : : અ મ દા વા દ

VISIT…

LANZAROTE
Caliente.COM

પ્રકાશક
છોટાલાલ મગનલાલ શાહ
ગૂર્જર સાહિત્ય મંદિર,
ગાંધી રોડ – અમદાવાદ.


પહેલી આવૃત્તિ : પ્રત : ૧૨૫૦



મુદ્રક
મૂળચંદભાઇ ત્રીકમલાલ પટેલ
સૂર્ય પ્રકાશ પ્રિન્ટીંગ પ્રેસ,
પાનકોર નાકા : અમદાવાદ.

સ્વ. પ્રોફેસર મહાદેવ મલ્હાર જોશી,

જેમના વાત્સલ્યે અને તેજસ્વી
વાણીએ સાહિત્યની રસમૂર્તિનું પ્રથમ
દર્શન કરાવ્યું.



વખત તરતું રહી જાય છે. એના કરતાં તો એને એના મૂળ રુપમાં જોવાની મજા જ વધારે સારી છે. પહેલો વિભાગ જૂની પિછાન એવી જાતની વાતોનો છે. 'આરામની પળો'માં મોટે ભાગે ઇ. સ. ૧૯૨૦–૩૨ ના બારવર્ષના ગાળામાં અનુવાદ રૂપે કરેલી થોડી વાતો સંગ્રહી છે. જૂદા સંગ્રહ રુપે અપાય એટલો જથ્થો ન હોવાથી આંહીં એક સામટી સંગ્રહી લીધી છે. બાલ્ઝાક, મીસીસ ગાસ્કેલ, વિક્ટર હ્યુગો, ટાગોર વગેરે પ્રસિદ્ધ લેખકોની કૃતિઓની અનુકૃતિ એ વિભાગમાં છે.


ત્રીજો વિભાગ 'ભરતી અને ઓટ'નો આધુનિક છે તે વિષે કાંઈ ખાસ કહેવાનું નથી. તણખાના સંગ્રહમાં ન આવી શકે એવી કેટલીક વાર્તાઓ એ વિભાગમાં જોઇ શકાશે. આવી રીતે કેટલીક ઓછી પ્રસિદ્ધ કે અપ્રસિદ્ધ અવશેષ વાર્તાઓ આ સંગ્રહમાં આવી જાય છે.

આશા છે કે અવશેષ છતાં તણખાના અવશેષ રુપે હોવાથી તેમાંથી પણ ઘણી વાર્તાઓ યોગ્ય સત્કાર લાયક માલુમ પડશે. બાકી આ સંગ્રહમાં પ્રગટ કરેલી વાતો અનેક રીતે સુધારીને ફેરવી શકાય તેમ છે—એ ધ્યાન બહાર નથી.

૨૦ • ૯ • ૩૨
ખા ન પુ ર.
અ મ દા વા દ.

સ્વ. પ્રોફેસર મહાદેવ મલ્હાર જોશી,

જેમના વાત્સલ્યે અને તેજસ્વી
વાણીએ સાહિત્યની રસમૂર્તિનું પ્રથમ
દર્શન કરાવ્યું.



અ * વ * શે * ષ

(ઇ. સ. ૧૯૨૨–૩૨ સુધીની તણખા મંડળમાં
પ્રગટ ન થયેલી વાતોનો સંગ્રહ)

લેખકનાં બીજાં
ફ પુસ્તકો ફ

રાજમુગટ
પૃથ્વીશ
તણખા
તણખા : મંડળ બીજું
તણખા : મંડળ ત્રીજું
પ્રદીપ
પડછાયા
પડઘા
ભીલકુમાર અને બીજાં નાટકો

હવે પછી પ્રગટ થનારાં

સ્વપ્ન શિલ્પી
મૂકવાણી
તણખા : મંડળ ચોથું
વિભૂતિ
ભસ્મ
સ્ત્રી
તેજની મૂર્તિઓ
પગદંડી
રજકણ
ઇતિહાસ દર્શન

ગુજરાત સાહિત્ય મંદિર

જૂની પિછાન

અકસ્માત

ઘનશ્યામના કુટુંબમાં ગુલાબ સુગંધ જેવી હતી. ગુલાબને જોઈ સૌ હસતા અને તે સૌને જોઈ હસતી. ગુલાબ હોય ત્યારે કાંઈક રસિક મશ્કરીની આશા ખરી. ગુલાબ વિનાનું વાતાવરણ ભારે ખમ રહેતું અને એક બીજા તરફ જોનાર સૌ કાં નજર ચૂકવતા અથવા શાંત રહેતા. ઘનશ્યામને સીતાદેવીથી ગુલાબ એક જ પુત્રી હતી. ગુલાબની વય પંદર વર્ષની હશે. પણ પંદર વર્ષની ઉમ્મરે હોય, તેના કરતાં વધારે રસિકભાવ ગુલાબમાં જન્મ્યા હતા. ઘનશ્યામનો સ્વભાવ નિર્મળ હતો. અને પોતે વકીલાતમાં સારી રીતે કમાતા હોવાથી ગરીબને મદદ કરવાની તક જવા દેતા નહિ. ઘનશ્યામના પડોશમાં નંદનાથ દીક્ષિતનું ઘર હતું. ગુલાબ પોતાની મેડી પર બારીમાં બેસતી, ત્યારે સામે નંદનાથનું ઘર દેખાતું. ગુલાબ એમ ઘણી વખત બેસતી પણ એક દિવસ તેની નજર અકસ્માત નંદનાથના ઘરમાં નવી આવેલ સ્ત્રી પર પડી. નંદનાથની દીકરી સરસ્વતી હમણાં જ સાસરેથી આવી હતી. સરસ્વતી સાથે ગુલાબને જૂની મિત્રાચારી હતી. સ્ત્રીઓની મિત્રાચારી સહજ જન્મે

છે, અને ક્ષણમાં ભૂલાય છે. પણ સરસ્વતી અને ગુલાબ હજી એક બીજાને એટલાં જ હર્ષથી મળતાં.

બપોરે સરસ્વતી ગુલાબ પાસે આવી. બન્નેએ ખૂબ હસી હસીને વાતો કરી. સરસ્વતી પાસે વાતમાં તો સાસુનો સ્વભાવ ને પોતાની યુક્તિ એટલું જ. પણ પંદર વર્ષે સ્ત્રીઓને આવી વાતો પર જ પ્રીતિ હોય છે. ત્યાર પછી હમેશાં ગુલાબ તથા સરસ્વતીને એક બીજાને મળવાનું બન્યું. ગુલાબ નંદનાથને ત્યાં જતી ત્યારે એક ચોર હમેશાં બારી-માંથી છાની ચોરી કરતો. એ ચોરવાને બદલે આપતો હતો. નંદનાથનો પુત્ર ચંદ્રવદન થોડા વખત થયાં આવ્યો હતો. ચંદ્રવદન વિજ્ઞાનનો અભ્યાસ કરતો હતો પણ ચિત્રકળાનો ખાસ શોખ ધરાવતો. એમાં એની હથોટી વખણાતી અને એમાં એકાદ સારું ઈનામ પણ મેળવ્યું હતું. ગુલાબ નીકળતી ત્યારે હમેશાં એ બારીમાંથી બહાર જોતો અને ખબર હોય કે કોણ જાણે કેમ પણ ગુલાબ બારી પાસેથી નીકળતી ત્યારે એની ચાલ પણ ઉતાવળી થતી; એ જરાક શરમાતી અને હમેશાં આંખ તો પાછી ફર્યા વિના રહેતી નહિ.

ચોરી કરનારને ગુલાબની ધાસ્તી પ્યારી લાગતી. ધાસ્તી રાખનાર ગુલાબને ચંદ્રવદનની ચોરી વહાલી લાગતી. આ ચોરી અને ધાસ્તી કેટલોક વખત ચાલ્યાં. પરંતુ એક વખત તો સરસ્વતી પાસે ચંદ્રવદનનો ફોટો ગુલાબે જોયો. જીવતા ચંદ્રવદન કરતાં ફોટાનો ચંદ્રવદન સારો લાગ્યો. જીવતો ચંદ્રવદન ભવ્ય હતો. ફોટાનો ચંદ્રવદન સુંદર હતો. ગુલાબને આ પક્ષપાત થયા પછી હવે એ ક્યારેક બારી પાસે ઠેસ વગાડતી ને ચપળ હરિણીની માફક જરાક પાછું જોઈ

લેતી ! અને બારી પાસે ચંદ્રવદન પણ મનોવિજ્ઞાનનો અભ્યાસ કરતો ઉભો જ હોય !

ગુલાબ પાણી ભરવા જાય ત્યારે તેને ખાત્રી હતી કે બારીમાંથી નક્કી કોઈની નજર બહાર પડે છે ! સરસ્વતી અને ગુલાબ વારંવાર ત્યાં ઉભા રહેતાં. ક્યારેક સરસ્વતી આવવાની હોય તો ગુલાબ રાહ જોતી ત્યાં ઉભી રહેતી. એક દિવસ ગુલાબ એમ ઉભી હતી ત્યારે જ ચંદ્રવદને બારીમાંથી રામાને બોલાવ્યો. અલબત, એને રામાની જરુર હતી માટે જ બોલાવ્યો હતો. પણ એ વખતે જ કેમ જરુર પડી એ જાણવું જરા મુશ્કેલ હતું.

ચંદ્રવદન અને ગુલાબની આંખ મળી. આંખ મળ્યા પછી સ્નેહનો વિકાસ અદ્દ્ભુત રીતે વધે છે. ત્યાર પછી ગુલાબને ચંદ્રવદનની આંખ વારંવાર અકથ્ય ઇતિહાસ કહી બતાવતી. અને ચંદ્રવદન પણ ઘનસ્યામનો ઓળખીતો થયો હતો.

ઘનશ્યામે નિશ્ચય કર્યો કે ચંદ્રવદન સાથે ગુલાબને ચોક્કસ પરણાવવી. ગુલાબને પણ એ વાત જાણવામાં આવી. હવે ચંદ્રવદન તથા ગુલાબ જ્યારે મળતાં ત્યારે જરાક આંખમાં હસતાં.

ચંદ્રવદન પાછો અભ્યાસ માટે ગયો. જવાની આગલી રાત્રે સરસ્વતી ગુલાબ પાસે અમસ્તી ગઈ હતી ને ગુલાબ તેને ઘર સૂધી મૂકવા આવી હતી. એકાંત શી રીતે શોધવી એ પુરૂષ કરતાં સ્ત્રી સ્વભાવને વધારે અનુકૂળ છે. ચંદ્રવદન ગુલાબને મળ્યો. ચંદ્રવદનને ખબર હતી કે પોતાની સામે નિર્દોષ મુગ્ધાનું સ્નેહી હૃદય ધડકી રહ્યું છે. આટલી ટુંકી મુલાકા-

તમાં ગુલાબ પોતાના આનંદી સ્વભાવ પ્રમાણે આનંદ પ્રસરાવતી ગઈ.

'જોઉં છું ! હવે આવો ત્યારે વાત. બેન પર વહાલ છે કે ગુલાબ પર એ ત્યારે ખબર.'

'જરુર. કાગળ લખવો ભૂલું તો તું સંભારી આપજે.'

'ના.'—ગુલાબે જરાક મરડાઇને કહ્યું—'સંભારવાનો ઠરાવ નથી. કાગળ લખવો હોય તો લખજો. તમારે તો એમ કરીને મારા અક્ષર જોવા છે !'

'તારા કરતાં કાંઈ તારા અક્ષર વધારે વાંકા નહિ હોય.' ગુલાબ અને ચંદ્રવદન જૂદાં પડયાં.

ચંદ્રવદન શાંત લેખાતો. તે અભ્યાસી છતાં મળતાવડો મનાતો. વિદ્યાર્થીઓને તેના પર પ્યાર હતો તેમ ચંદ્રવદન પણ સૌની મુશ્કેલીસાં સાથે જ રહેતો. ચંદ્રવદનને સૌ મોટો માનતા છતાં તેનામાં નાના જેવી રસિકતા જોઈ, ચંદ્રવદન ન હોય તે આનંદ શુષ્ક લેખાતો.

એક વખત બધા 'કોલેજીઅનો' સાથે ચંદ્રવદન પણ ડુંગરમાં ઉપડયો. કોલેજીઅનો ઘણા આનંદમાં હતા. સૌ સાથે ચાલ્યા. ખૂબ આનંદ આવ્યો. એક નાની ટેકરી સપાટ ને સીધી ચડાવની હતી. પગથી બહુ નાની હતી ને પગથીમાંથી અકસ્માત કોઇ પડે તો લાગે તેમ હતું. ઉપરથી કોઇનો પગ સર્યો કે તે નીચે પડયો જ છે. નીચે તળાવનું પાણી હતું. એક જણનો પગ સર્યો પણ ખરો. તે ચંદ્રવદનના પગ પાસેથી જ નીચે ચાલ્યો. ચંદ્રવદને તરત જ એને પકડયો પણ એના જોરથી પોતે જ નીચે ગબડયો. જ્યારે પહેલો પડનાર કાંઇક ટેકો મેળવી લઇને

થોડે દૂર જઇને અટક્યો. ચંદ્રવદન નીચે ગબડ્યો ને એક ટેકરી પર અફળાયો. સૌ દોડ્યા. ચંદ્રવદનને સારી રીતે ઇજા થઈ હતી. એનો એક પગ ખોટો થયો. હાથ ઠુંઠો પડ્યો. આંખે જરા ઈજા થઈ. કેટલાક મશ્કરાઓએ એનું નામ રાણો સંગ પાડ્યું.

મનુષ્યમાં ખોટ હોય છે ત્યારે તેના મનમાં એક જાતની સદાની ગ્લાનિ રહે છે. ચંદ્રવદન ઘેર આવ્યો પણ આ વખતે એનો પગ ભારે હતો. સરસ્વતીએ એની મશ્કરી ન કરી પણ આવું જોઇ આંખમાંથી આંસુ લોહ્યું. નંદનાથ શાંત ચહેરે જોઇ રહ્યો. ઘરમાં એક જાતનું ગંભીર વાતાવરણ આવ્યું. ચંદ્રવદન પરાધીન હતો. તે હવે પોતાના ઓરડામાંથી બહુ બહાર ન નીકળતો. એકલો ઓરડીમાં બેસતો. એના જીવનક્રમમાં બધે જ ફેરફાર થયો. હવે ગુલાબને જોવાની તેણે ઇચ્છા પણ ન કરી. ગુલાબ બારી પાસેથી નીકળતી ત્યારે મોટેથી સરસ્વતીને બોલાવી ચંદ્રવદનને આડકતરી રીતે ખબર કરતી. છતાં બારી તો સજ્જડ બંધ રહેતી. જાણે અંદર કોઈ જ નથી.

ઘનશ્યામને ચંદ્રવદનના અકસ્માતની ખબર પડી. એનું મન વ્યગ્ર થયું પણ છેવટે આ વાત મનમાંથી કાઢી નાંખી. ગુલાબને માટે બીજી તજવીજમાં પડ્યો.

ચંદ્રવદન હવે દેખાતો નહિ, અને તેટલા જ માટે ગુલાબ તેને મળવા માગતી હતી. હવે સરસ્વતી ચંદ્રવદનની વાત ન કરતી, તો ગુલાબ એ વાત કાઢતી. ચંદ્રવદનના અકસ્માત પછી એ વધારે પ્રફુલ્લ બની દેખાતી. જો કે એનું મન તો વ્યગ્ર બન્યું હતું પણ તેણે એ કળાવા દીધું ન હતું.

નંદનાથ ગયા. આજે હવે ચંદ્રવદનની ઓરડીની બારી ખુલી હતી. નંદનાથ ગયા પછી ચંદ્રવદન ઉભો થયો. હાથમાંની છબી તરફ જોઈ રહ્યો: પોતે ખોડવાળો છે એ ઘડીભર ભૂલી ગયો.

'ઓ પ્રભુ! તું જાણે છે કે હું ગુલાબને કેવી–કેટલી ચાહું છું!'

તે બારી બંધ કરવા ગયો ત્યારે તેના હાથમાંથી છબી ખુરશી પર પડી રહી. તેની આંખમાં આંસુ હતાં કોઈ જલ્દીથી બારી પાસેથી દોડી ગયું એમ તેને લાગ્યું. તેણે આંખ સાફ કરી પણ ત્યાં દોડનાર બહુ દૂર પહોંચી ગયેલ.

તે દિવસે વરસાદ પડયો હતો. રાત્રિ ઘોર અંધારી હતી. ચંદ્રવદને સહેજ પવન લેવા બારણું ખોલ્યું પણ બહાર હજી વરસાદના છાંટા પડતા હતા. થોડીવાર પછી તેણે બારણું બંધ કર્યું. અને દીવો સળગાવી એક છબીપર થોડુંક કામ અધૂરૂં હતું તે પૂરું કરવા પ્રયત્ન કરવા લાગ્યો.

અચાનક એની ખુરશી પાછળથી ગુલાબનો મધુર હાથ પીઠી પર પડયો!

'ચંદ્રવદન, છબી ચિતરો છો તે પોતેજ આંહી છે.' ચંદ્રવદન સફાળો ખડો થયો. 'ગુલાબ! ગાંડી થઈ છે? હાથે કરીને દુ:ખી થાવું છે? હું અપંગ છું વિચાર કર! તું આંહી આવી શી રીતે?'

'એ તમારે શોધી કાઢવાનું છે. ખરો પ્રેમ ગમે ત્યાં રસ્તો કરી શકે છે અને હું તમને હજી એટલાજ ચાહું છું.'

'જો આ હાથ પગ! આંખ નિસ્તેજ છે!'

'નિસ્તેજ આંખમાં આ આત્માનું તેજ ચળકી રહ્યું છે. તમે તમારી ખોડથી વધારે વ્હાલા લાગો છો!'

'પરંતુ હું તને ધિક્કારૂં છું. મને તારા પર પ્યાર નથી. મને અપંગને અપયશનો ભાગી ન બનાવ.'

'તમારી છબી જૂદું જ કહે છે.' ગુલાબનો મધુર સ્વભાવ ખીલી નીકળ્યો. ચંદ્રવદન કાંઈ બોલે તે પહેલાં તેણે તેનો હાથ પકડી લીધોઃ 'તમે અપંગ છો માટે જ બીજા કરતાં તમારે આ ગુલાબના હાથની વધારે જરૂર છે!'

'હસવાગ્યે ચોરની પેઠે બારી પાસેથી તું દોડી ગઇ હઇશ!'

ગુલાબે હસતાં હસતાં જવાબ આપ્યો; 'ના, ના, હું ન હતી. એ તો તમે હમણાં બારીમાંથી ચોરી નથી કરતા માટે સ્વપ્નું આવ્યું હશે.'

બહાર વરસાદ તૂટી પડયો.

ગુલાબ બોલીઃ 'હવે હું ભીંજાઉં માટે ઘેર નહિ જાઉં. વળી તમને શરદી લાગે તો સગડી કોણ સળગાવે?'

●

બીજે દિવસે ખબર પડી કે શશીભૂષણ ચાલ્યો ગયો હતો. ગુલાબે ઠાવકે મોંએ કહ્યુંઃ કદાચ એણે બારીમાંથી ચોરી કરી તેની શિક્ષા થઈ હશે. વખતે તમે બારીમાંથી ચોરી કરી તેની શિક્ષા અપાવવા ગયો હોય! અને-ગુલાબે હસતાં હસતાં ઉમેર્યું-વખતે ઘનશ્યામની પુત્રીના રસ્તામાંથી ખસ્યો હોય!



શશીભૂષણ ચાલ્યો ગયો કારણ કે ઘનશ્યામના એના પર ઘણા ઉપકાર ચડ્યા હતા. અને રહેશે તો પોતે ગુલાબના જીવનમાં કંટક રૂપ બનશે એમ તેને ખાત્રી થઈ ચૂકી હતી. પણ એ ખાત્રી આપનાર ગુલાબ જ હતી એ ખબર તો ચંદ્રવદનને બહુ મોડેથી પડી. તેણે ગુલાબને કહ્યું: 'આ જાણ્યા પછી હું તને વધારે ધિક્કારું છું!'

'એ ધિક્કારની નિશાની બતાવવા માટે જ તમે આ ચિત્રમાં મારા ગાલ પર તલ નથી છતાં તલ કર્યો લાગે છે!' ગુલાબે હસતાં હસતાં કહ્યું.

આપઘાત

'બા હવે એક જ ઉપાય છે!' જગમોહન પોતાના નાના મઢુલી જેવા ઘરમાં ચિંતાતુર બેઠો હતો. ને અંતે તેમાંથી એક માર્ગ મળ્યો હોય તેમ થોડે છેટે એટલી જ ચિંતામાં બેઠેલ પોતાની મા તરફ ફરીને બોલ્યોઃ 'બા હવે એક જ ઉપાય છે!'

કસ્તુરબાઇએ શોકમાં ગરકાવ થયેલું પોતાનું મોં ઉંચું કર્યું; ને ધીમેથી બોલીઃ 'શું બેટા!'

'એટલું જ કે હું પરદેશ જાઉં!'

આ નાના કુટુંબપર હમણાં જ એક આફત વીતી ગઇ હતી; જગમોહનનો પિતા કરજ મૂકીને મરી ગયો હતો. ને તે કરજ માટે લેણદાર તાકીદ કરતો હતો.

જગમોહનના શબ્દોથી ઘરના એક ખૂણામાં થોડોક સંચાર થયોઃ ને પોતાના ઘૂમટામાંથી જગમોહનની વહુ વીજળીએ જગમોહન સામે દિલગીરી ભરેલી દૃષ્ટિએ જોયુંઃ આ દૃશ્ય તરફ કસ્તુરબાઇની દૃષ્ટિ ગઇ. ને તે તરત તડૂકી ઉઠીઃ

'અને આ મારી 'મોસલ'નું શું થાય? જો તો એના બેસવામાં ય ઢંગ છે! અને પાછું મીજાજનું પૂતળું!'

સાસુના શબ્દો વીજળીને બાણની માફક વિંધી રહ્યા. પણ નાનપણથી જ આ કુટુંબમાં આવેલી, તેથી આવા નિત્યવ્યવહારથી ટેવાઇ ગયેલ હતી. વળી પોતાના પિયરમાં સગું કહેવાય તેવું કોઇ હતું નહિ. જગમોહનના પાતળા દયા ભર્યા ચહેરા પર એનો બધો આધાર હતો.

'મા! જો તમે સંપીને રહો તો હું બે ચાર વર્ષ સુખે દુઃખે પરદેશમાં કાઢું ને આપણા ઘરની આબરૂ જળવાય.' જગમોહને દીર્ઘદૃષ્ટિ વાપરી માતાના સ્વભાવની ઉપેક્ષા કરી.

તે રાત્રે વિજળીએ રોતાં રોતાં જગમોહનના ખોળામાં માથું મૂક્યું: વિજળીને આજ હવે ખરું પિયર સાંભર્યું, એના ગામનાં ઝાડવાં ને નદી બધાં જ મનુષ્યો હોય તેમ સામે ખડાં થયાં.

'જો વળી હિમ્મત હારી બેઠી કે?'

વિજળી બેઠી થઇ. આંખ લોઇ એકી નજરે જગમોહન સામે જોઈ રહી.

'પણ ત્યારે શું કરું? તમે જૂઓ છો નાં? જેમ સાસુજીને વધારે નમું છું તેમ વધારે ખૂંદે છે!'

'હોય. એમ ચાલ્યા જ કરે. તું ઘૂંટડા ઉતારી ઉતારી આ ઘરને અમૃતસાગર જેવું બનાવે છે!'

'પણ હું સાથે આવું તો?'

'પછી હું તને તેડાવીશને?' જગમોહને હસીને કહ્યું: 'અને બોલ તારા માટે શું લાવવું છે?'

'મારા માટે?' વીજળીએ ઉદાસીનતાથી પ્રશ્ન કર્યો.

'તું કહે શું જોઇએ?'

વીજળીએ જમીન તરફ જોયું. ખારા સંસારમાં જગમોહનની મીઠાશ એને કંઈ કંઈ કરી નાખતી હતી. એ અબોલ જ રહી

જગમોહન પોતે જ બોલ્યો: 'તને સાંભરે છે? તે દિવસે શેઠની દીકરીના કાનમાં હીરાના 'એરીંગ' જોઇ શું થયું હતું?'

વીજળી હસી પડી: 'હા, શું થયું હતું? કાંઈ નહિ.'

'ના ખોટું. તારા માટે એવાં જ એરીંગ લાવું ત્યારે–' -જગમોહન બોલતો અટક્યો. પોતે એક મુફલીસ માણસ સ્ત્રી પાસે બડાઇ કરતો હતો એનું તેને ભાન આવ્યું.

વીજળીએ તેના સામે જોયું, એણે જગમોહનના મોં પર ઉદાસીનતા પ્રસરતી દીઠી.

'જોયું મને હિમ્મત આપો છો ને મારે માટે તમે...' વીજળી વધારે બોલી શકી નહિ. તે રાત્રિ દંપતીએ આનંદમાં શોકમાં અર્ધનિદ્રામાં ને તૈયારીમાં વિતાવી. બીજે દિવસે જગમોહન મુંબઈ જવા રવાના થયો. તે દિવસે જ કસ્તુરબાઇએ મહાપુરાણ બોલ્યું: 'અભાગણી! બાઇને તો સાહેબજાદી થાવું છે ને ધણી તો બિચારો 'રાન રાન ને પાનપાન' છે.'

વીજળી કોઇ દિવસ પ્રત્યુત્તર આપતી જ નહિ. ને કસ્તુરબાઇને એમ દ્વંદ્વયુદ્ધમાં સમાન પ્રતિસ્પર્ધી ન મળવાથી યુદ્ધનો ઉત્સાહ ચાલ્યો જતો. ને તેને સ્થાને એકલતા સાલતી.

જગમોહને મુંબઈ જઈ પહેલાં નોકરીમાં ને પછી વેપારમાં ઝુકાવ્યું. ચાર પાંચ વર્ષે કાંઈક એવો પાસો પડી ગયો કે જગમોહન ઠીક ઠીક કામ્યો. હીરાના એરિંગ ખરીદ્યાં, વળી પાછો સપાટામાં આવ્યો; ને પડતો પડતો પણ કાંઈક સ્થિતિસર બચી ગયો. લક્ષ્મીચંદ શેઠની દુકાનનો મુખ્ય મુનીમ ને બે આની ભાગદાર બની હાલ એટલામાં જ સંતોષ માની રહ્યો.

ત્યારપછી જગમોહન પોતાને ગામ પાછો ફર્યો. હજી કસ્તુરબાઈની એટલી જ કર્કશ જીભ અસ્ખલિત વાઙ્મય ચલાવી રહી હતી. પહેલો પ્રહાર તે દિવસે જગમોહન ઉપર જ પડયો. જગમોહને માતા પાસે ટ્રંક ખોલ્યો: જુદી જુદી નવીન ચીજો ને ઘરેણાં દેખાડયાં. એક ડાબલી જુદી સંતાડી. કસ્તુરબાઈએ કહ્યું: 'એ શું છે બેટા?'

'એ તો મા! હીરાનાં એરીંગ!' જગમોહન આનંદમાં બોલતાં બોલી ગયો.

'હીરાનાં? શું કરવા?'

જગમોહને જાણ્યું કે હવે માતાનો સ્વભાવ પણ કાંઈક સુધર્યો હશે, તે હસીને બોલ્યો: 'શું કરવા માડી! બીજું શું કરવા? આ પહેરશે.' ઘરના ખૂણામાં જાણે પોતાને કૌતુકસ્વભાવ ન હોય તેમ વીજળી બેઠી હતી તેના તરફ જગમોહને જોયું ને બોલ્યો. 'આ પહેરશે!'

થઈ રહ્યું. કસ્તુરબાઈએ તે દિવસે જગમોહનને કલિયુગનું માહાત્મ્ય ને આચાર વિચાર ઉપર એક લાંબુ ભાષણ આપ્યું ને ઉપસંહાર કરતાં બોલી: 'તમે હવે આજ કાલનાં છોકરાં બૈયરનું ઉપરાણું ખેંચો છો પણ તમારી

બાયડીઓ તમને દાદ આપે તેમ નથી. તેમ આ બાયડીઓ પવાલું દળીને પણ આપે તેમ નથી. અમારાં શરીર ને અમારો ધર્મ એ બધું હવે જાવા બેઠું છે. ઈશ્વર કરે તે ખરૂં.'

કસ્તુરબાઈની ચોકી તે દિવસથી વધારે મજબૂત બેઠી. પોતાના નિષ્કંટક રાજમાં કોઈ છિદ્ર શોધી ન જાય માટે આખો દિવસ વીજળી વિદ્યુતશક્તિ હોય તેમ તેનો ઉપયોગ કરતી. વીજળી જગમોહનના ઓરડા તરફ પગ વાળે, ત્યાં સાસુને એકદમ કરવાનું કાંઈ કામ સાંભરે જ. વીજળીએ પણ દિવસે જગમોહન પાસે બેસવાનું મૂકી જ દીધું ને સાસુની પાસે કામ ન હોય તો પણ બેસે.

આમ કરતાં જગમોહનને જવાનો દિવસ પાસે આવ્યો. વિજળી પણ જવાને તૈયાર થઈ. કસ્તુરબાઇને આ રૂચ્યું નહિ. તેણે તો દીકરાને એકલો જ તૈયાર કર્યો.

ફરીવાર પણ જગમોહન એકલો જ ગયો. ને વિજળી તથા કસ્તુરબાઇનો અખંડ વ્યવહાર એમ ને એમ ચાલ્યો!

જગમોહનની વધતી જતી ચાલાકી ને શેઠનો તેના પર પ્યાર એ વાત કેટલાક ગુમાસ્તાઓને ગમી નહિ. મુંબઈનાં મોટાં ઘર બહારથી રોનકદાર દેખાય છે એટલું જ, બાકી અંદર એટલું જ ઝેર ભર્યું હોય છે. જગમોહન આવ્યા પછી થોડા જ દિવસે શેઠ લક્ષ્મીચંદના ઘરમાં વાત થતી હતી:

'દાદુ! પણ આનો ઉપાય નથી કે શું?'—વાંકી સેંથી, જાડું શરીર ને બોલનારના ચહેરા પર પથરાયેલી વિલાસપ્રિયતા જોઈ આ સાદા શબ્દોનો ભાવાર્થ કોઈને

પણ ધ્રૂજાવે. શેઠની સ્ત્રી રૂક્ષ્મણી પોતાના નોકરને જગમોહનની જ વાત કરી રહી હતી.

'કરીએ તો ઘણાય છે ને ન કરીએ તો કાંઈ નથી.'

'ત્યારે સમજને! થાતો રોગ ને ઉગતો દુશ્મન મૂળમાંથી ડાંભ્યાં જ સારાં.'

'પણ એ હવે શેઠની જીભ થઈ પડ્યો છે!' દાદુએ વરાળ કાઢીઃ 'કાલે બીજી શેઠાણી લાવવી હોય તો તે એટલું પણ કરે તેમ છે!'

'ભલે તે આવતી હોય તો આવે. આ ઘરમાં બિચારી સુખી થશે!' શેઠાણીએ તીરછી આંખ કરી જવાબ વાળ્યોઃ ને જરાક હસી નીચે જોઈ ગઈ. દાદુનો ને શેઠાણીનો સંબંધ જૂનો હતો. તે આજથી પાછો શરૂ થયો. દાદુએ જગમોહનને–ઉખેડી નાંખવાનું માથે લીધું.

એક દિવસ જગમોહન રાત્રે સીનેમામાંથી પાછો ફરતો હતો તેટલામાં એને કોઈએ બોલાવ્યો. જગમોહને પાછું ફરી જોયું. દાદુ એને બોલાવી રહ્યો હતો.

'કેમ દાદુ?'

'શેઠ બોલાવે છે!'

'અત્યારે?' 'હા. વાલુકેશ્વર છે.'

શેઠ આમ અચાનક જગમોહનને ઘણીવાર બોલાવતા. એટલે જગમોહન દાદુ સાથે મોટરમાં બેસી રવાના થયો. રવાના થયો તે થયો ને ત્યાર પછી શેઠ લક્ષ્મીચંદના ગમે તેટલા યત્ન છતાં તેનો પત્તો લાગ્યો જ નહિ. શેઠાણીએ કહ્યુંઃ

'આ તમને ઠીક શિક્ષા થઈ. અજાણ્યા માણસો ગોતી કાઢો છો તે!'

'પણ હજી કાલે તો સીનેમામાં હતા !' દાદુએ સાક્ષી પૂરી.

'હશે, પોલીસ તપાસ તો કરે છે, થાય તે ખરૂં. દાદુ! મોટર તૈયાર કર તો !'

શેઠ નીચે ચાલ્યા ગયા.

'આ બિચારા શેઠ !' શેઠાણી હસી પડયાં.

'દાદુ ! જો જે હો. પોલીસ પણ આપણી જ છે નાં ?'

'હાસ્તો !'

'પતો લાગે તેમ નથી નાં ?'

'જમીન પોતે બોલે તો લાગે !'

'ઠીક છે. એ પણ જાણતો ગયો કે મુંબઈમાં વૈભવ શેઠનો છે પણ રાજ તો શેઠાણીનું જ છે !' દાદુ શેઠની મોટર તૈયાર કરવા ચાલ્યો ગયો: ને શેઠાણી જગમોહન જવાથી, વિલાસની નવી નવી શોધમાં ગૂંથાયાં. જગમોહન એના સ્વચ્છંદી જીવનને પામી ગયો હતો; ને શેઠને પણ ચેતાવી ચૂકયો હતો. આ ખબર મળતાં શેઠાણીએ એનો ઉપાય તુરત કર્યો. હજાર ધંધામાં હજાર રીતે પરોવાયલા, શેઠના મગજમાં, આ પરિસ્થિતિ પર શાંત વિચાર કરવા જેટલી પણ જગ્યા ન હતી. ને જગમોહન–વીજળીનો એક જ આરામ–ગયો.

જગમોહનના ગુમ થવાના સમાચાર પછી, વીજળીનું મૌન તૂટયું.એને કસ્તુરબાઈના ઘા હવે અસહ્ય થઈ પડયા. એણે હવે મુંબઈ જવાનો નિશ્ચય કર્યો. ને એક રાત્રિએ હિમ્મત કરી ઘર છોડયું. છોડતાં વિચાર થયો કે હીરાનાં

એરીંગ સાથે હોય તે ઠીક નહિ. ને સાસુ પણ વગોવે કે હીરાનાં એરીંગ લઈ નાસી ગઈ. ધીમે રહી પાછા ફરી એને બારીમાંથી જ પડતા મૂકયાં, ને સવારની વહેલી ટ્રેઈનમાં મુંબઈ ઉપડી ગઈ!

વીજળી મુંબઈ પહોંચી. જગમોહનનું સરનામું હતું એટલે શેઠને ત્યાં ગઈઃ શેઠ લક્ષ્મીચંદ મુખવાસ લઈ હીંડોળે ઝૂલતા હતા ને શેઠાણી, અડપલાં કરતાં સામે બેઠાં હતાંઃ એટલામાં ભૈયો આવ્યો.

'સાહેબ! કોઈ વીજળીબાઈ આવેલ છે!'

'વીજળીબાઈ!' શેઠે આશ્ચર્યમાં શેઠાણી સામે જોયું!

'શું કહે છે?'

'આપને મળવાનું.'

'તો આવવા દો.'

ગ્લાનિ ભરેલી વ્યાકુળ વિજળી આવીઃ એનાં વસ્ત્રો પણ અસ્તવ્યસ્ત હતાંઃ

'કેમ બાઈ?'

વીજળી ગભરાણીઃ શેઠાણીને જોઈ હિમ્મત આવી, શેઠાણી પાસે ગઈઃ 'હું આવી છું તમારા મુનીમને મળવા. એ મારા ઘરવાળા થાય.'

શેઠનો સ્વર નરમ પડી ગયોઃ 'હા બાપુ. બેન! પણ—પણ એનું તો કોઈ બદમાસે ખૂન કર્યું છે. પોલીસે આજે એવા સમાચાર આપ્યા!'

આભ તૂટે તેમ વિજળી મોકળે સાદે રોઈ રહી. શેઠાણીનું હૃદય પણ પીગળ્યુંઃ

'બાઇ, બનનાર બની, હવે તું મારી પાસે રહે.'

'હા બાઈ આંહીં તને ઉની આંચ નહિ આવે. મુનીમનો હિસાબ ચોખ્ખો કરી, પૈસા ચૂકાવી આપશું; તમારે છોરૂ છે ?'

'ના બાપુ કોઈ નથીઃ હું ને મારી સાસુ બે જ જણાં છીએ.'

'ઠીક તું આંહીં રહે; તારી સાસુને પાછળથી તેડાવી લેશું !'

વિજળી કસ્તુરબાઈના સ્મરણથી ધ્રૂજીઃ તે બોલીઃ 'મારે પૈસા જોતા નથી. તે મારી સાસુને મોકલાવજો. હું આંહીં એકલી તમારે ત્યાં રહીશ.'

'વારૂ.'

વીજળી ત્યાં રહી.

વીજળી આવી ત્યારે જ દાદુની નજર ફરી હતી. તે એક રાત્રે વીજળીના ઓરડામાં પેઠો. વીજળી સફાળી બેઠી થઇ. દાદુ આગળ વધ્યો. વીજળીને કાંઈ ઉપાય હાથ લાગ્યો નહિ. તે ગાભરી ગાભરી બારણા તરફ દોડી, પણ તે સજ્જડ બંધ હતું. બારીને ખેંચી તો તે ઉઘડી ગઈ. ને ચંદ્રનો ઉજાસ ઘરમાં વ્યાપી ગયો.

'કોણ ? મારા પીટયા દાદુ !'

દાદુએ દોડીને એક જ સપાટે એનો સાલ્લો પકડી લીધો. પણ સાલ્લાનો ફાટેલ કકડો ને 'ઓ નાથ ! તમારા શરણમાં' એટલા શબ્દો માત્ર દાદુ પાસે રહ્યા. વીજળીએ

અબરાટથી બીજો ઉપાય નથી એ જોઇને પોતાનું શીલ બચાવવા બારીથી નીચે પડતું મૂક્યું હતું !

0

બીજે દિવસે જ્યુરીએ શાંત રીતે અભિપ્રાય આપ્યો: 'વીજળી નામની ગામડાની અજાણી બાઇએ અવ્યવસ્થિત મગજ હોવાથી બારીએથી પડતું મૂકી પોતાનું ખૂન કર્યું છે.'

કસ્તુરબાઇને આ ખબર મળ્યા ત્યારે બરાબર રોયાં. વિધિસર કૂટયું ને કળજુગનો મહિમા પોતાના ઘરમાં પ્રવેશ ન કરી જાય માટે બરાબર સૂતક પાળ્યું !

હજી કસ્તુરબાઇ હમેશાં આઠ વખત દર્શને જાય છે ને કહે છે કે 'આ બધી શ્રીનાથજીની લીલા છે !'

૧૯૨૨

દર્શનની પ્યાસ

ગામથી થોડે દૂર વહેતા ઝરણા સિવાય બીજું કોઇ જાગતું ન હતું. સીમમાં તદ્દન અંધકાર હતો ને વરસાદના છાંટણાથી જમીન થોડી થોડી ભીની થઈ હતી. આ અંધકારને ભેદીને, એક જુવાન આગળ ધસતો હતો. તેનામાં આગળ જવાની ત્વરા જણાઇ આવતી હતીઃ ઝરણાની ડાબી બાજુ તે વળ્યો. ને થોડે દૂરથી આછો ઉજાસ આવતો હતો તે તરફ ગયોઃ થોડીવારમાં જ જંગલમાં એના શબ્દનો પડઘો ગાજી રહ્યોઃ

'ગુરુદેવ!'

એના શબ્દના જવાબમાં ઝૂંપડીનું બારણું ખૂલ્યું, ને લાકડાના તાપના પ્રકાશમાં એક વૃદ્ધ પણ તેજસ્વી ચહેરો દૃષ્ટિએ પડયો, તે આ અવાજથી જરા ખીજવાયા જેવો દેખાતો હતોઃ

'કોણ?' એણે પૂછયું

'હું હરદયાલ!'

'હા' તે વૃદ્ધ સમજી ગયો હોય તેમ બોલ્યોઃ 'ઠીક. ત્યારે તેં નિશ્ચય કર્યો?'

વિષે ચિંતા કરતી વિષાદમય અવસ્થામાં ચાલી ગઈ. આજે દસ દસ વર્ષ થયાં તે એક જ ધ્યાનમાં હતો. અંતે ગુરુદેવે કીધો હતો તે દિવસ આવ્યો : તે દિવસે બરાબર મધ્યરાત્રે ગુરુદેવ શારદાચરણ હરદયાલ સાથે બહાર આવ્યા. આખા જંગલમાં ગંભીર શાંતિ હતી. ઉપર આકાશમાં અનેક તારાઓ ડોકિયાં કરી રહ્યા હતા.

શારદાચરણે હરદયાલના ખભા પર હાથ મૂક્યો :

'હરદયાલ ! ઉપર શું છે જો !'

ઉપર અનંત તારા હતા.

'ગુરુદેવ ! કાંઇ નથી.'

'જો, ફરી જો.'

હરદયાલે ફરી ઉંચે જોયું : તે દઢ સ્વરથી બોલ્યો :

'ગુરુદેવ ! કાંઈ નથી.'

'હરદયાલ !' શારદાચરણે ગંભીર બનીને જવાબ વાળ્યો : 'આકાશમાં જે અનંત તારા છે તે દરેક જડ પદાર્થ જ નથી. જગતમાં જડ ને ચૈતન્ય એવા બે ભેદ નથી. ઓછું ને વધતું ચૈતન્ય એવા ભેદ છે. અનંત તારાની અનેક અસર નીચે તું કામ કરી રહ્યો છે. જો ચંદ્રની અસર વનસ્પતિ પર ને સમુદ્ર પર છે.'

હરદયાલે માથું ધૂણાવ્યું.

'તેં જોયું હશે કે ચંદ્રગ્રહણ વખતે ઘડીવાર સારી સૃષ્ટિમાં એક જાતની ગંભીર ગ્લાનિ છવાઈ રહે છે. વનસ્પતિસૃષ્ટિ ને જળ તદ્દન શાંત ને ગંભીર બની જાય છેઃ પાંદડાં નમી જાય છેઃ પક્ષીઓ મૂક બની જાય છેઃ ને મનુષ્યના મન ઉપર એક જાતની શેહ પડે છે.'

'હા.'

'ત્યારે જે વ્યવહારને જગત મૂર્ખ ગણે છે તે મૂર્ખ નથી પણ એટલો બધો સૂક્ષ્મ ને સંપૂર્ણ છે કે તેમાં કાંઈક ખામી કયાંકથી પણ આવી જાય છે. આ વ્યવહાર ગ્રહોની માનવ જીવનપર થતી અસર વિષે છે.'

'હવે તેવી જ રીતે મૃત્યુ પછી કર્મની જીવન ઉપર અસર છે ને તેથી પ્રાણતત્ત્વનો આવિર્ભાવ દુષ્કર જણાય છે તે એના સાચા નિયમોના અભાવે. આજે તું તારી જેટલી માનસિક તુલા બદલી શકશે તેના પર વિજયનો આધાર છે. કારણ કે જેમ ચામડી વિનાનું શરીર જરાક પણ સ્પર્શ ખમવા અશક્ત છે તેમ શરીર વિનાનો આત્મા જરાક પણ લાગણી જોવા અશક્ત છે. તને જે ઘડીએ લાગણી થશે તે ઘડીએ આ અદ્‌ભુત દેખાવ અદૃશ્ય થશે.

એટલું બોલી શારદાચરણ એકદમ ઝૂંપડીમાં ચાલ્યો ગયો : અને ત્યાં—એક સ્વચ્છ આસન પર બેસી ગયો. હરદયાલ તેની પાછળ ગયો ને એની સામે બેઠો. શારદાચરણના ભવ્ય કપાલમાં તેજની છાયા હોય તેવી ત્રણ રેખા શોભી રહી હતી.

વિષે ચિંતા કરતી વિષાદમય અવસ્થામાં ચાલી ગઈ. આજે દસ દસ વર્ષ થયાં તે એક જ ધ્યાનમાં હતો. અંતે ગુરુદેવે કીધો હતો તે દિવસ આવ્યો : તે દિવસે બરાબર મધ્યરાત્રે ગુરૂદેવ શારદાચરણ હરદયાલ સાથે બહાર આવ્યા. આખા જંગલમાં ગંભીર શાંતિ હતી. ઉપર આકાશમાં અનેક તારાઓ ડોકિયાં કરી રહ્યા હતા.

શારદાચરણે હરદયાલના ખભા પર હાથ મૂકયો :

'હરદયાલ ! ઉપર શું છે જો !'

ઉપર અનંત તારા હતા.

'ગુરુદેવ ! કાંઇ નથી.'

'જો, ફરી જો.'

હરદયાલે ફરી ઉંચે જોયું : તે દૃઢ સ્વરથી બોલ્યો :

'ગુરુદેવ ! કાંઈ નથી.'

'હરદયાલ !' શારદાચરણે ગંભીર બનીને જવાબ વાળ્યો : 'આકાશમાં જે અનંત તારા છે તે દરેક જડ પદાર્થ જ નથી. જગતમાં જડ ને ચૈતન્ય એવા બે ભેદ નથી. ઓછું ને વધતું ચૈતન્ય એવા ભેદ છે. અનંત તારાની અનેક અસર નીચે તું કામ કરી રહ્યો છે. જો ચંદ્રની અસર વનસ્પતિ પર ને સમુદ્ર પર છે.'

'તો આટલું કહેવું વધારે પડતું છે કે તેની . . . અસર મનુષ્ય પર પણ છે ? ને જેમ કુમળા અવયવને પડેલો ઘા વધારે દૃઢ બને છે તેમ જ્યારે મનુષ્ય પહેલો જ પૃથ્વી પર આવે ત્યારે તેના પર થતી અનેક ગ્રહોની અસર વધારે સ્થાયી ને અચૂક દૃઢ હોય છે. સમજે છે ?'

હરદયાલે માથું ધૂણાવ્યું.

'તેં જોયું હશે કે ચંદ્રગ્રહણ વખતે ઘડીવાર સારી સૃષ્ટિમાં એક જાતની ગંભીર ગ્લાનિ છવાઈ રહે છે. વનસ્પતિસૃષ્ટિ ને જળ તદ્દન શાંત ને ગંભીર બની જાય છે: પાંદડાં નમી જાય છે: પક્ષીઓ મૂક બની જાય છે: ને મનુષ્યના મન ઉપર એક જાતની શેહ પડે છે.'

'હા.'

'ત્યારે જે વ્યવહારને જગત મૂર્ખ ગણે છે તે મૂર્ખ નથી પણ એટલો બધો સૂક્ષ્મ ને સંપૂર્ણ છે કે તેમાં કાંઈક ખામી ક્યાંકથી પણ આવી જાય છે. આ વ્યવહાર ગ્રહોની માનવ જીવનપર થતી અસર વિષે છે.'

'હવે તેવી જ રીતે મૃત્યુ પછી કર્મની જીવન ઉપર અસર છે ને તેથી પ્રાણતત્ત્વનો આવિર્ભાવ દુષ્કર જણાય છે તે એના સાચા નિયમોના અભાવે. આજે તું તારી જેટલી માનસિક તુલા બદલી શકશે તેના પર વિજયનો આધાર છે. કારણ કે જેમ ચામડી વિનાનું શરીર જરાક પણ સ્પર્શ ખમવા અશક્ત છે તેમ શરીર વિનાનો આત્મા જરાક પણ લાગણી જોવા અશક્ત છે. તને જે ઘડીએ લાગણી થશે તે ઘડીએ આ અદ્દભુત દેખાવ અદૃશ્ય થશે.

એટલું બોલી શારદાચરણ એકદમ ઝૂંપડીમાં ચાલ્યો ગયો: અને ત્યાં–એક સ્વચ્છ આસન પર બેસી ગયો. હરદયાલ તેની પાછળ ગયો ને એની સામે બેઠો. શારદાચરણના ભવ્ય કપાલમાં તેજની છાયા હોય તેવી ત્રણ રેખા શોભી રહી હતી.

થોડી વારે શારદાચરણે હરદયાલ સામે જોયું: તે કાંઇ બોલ્યો નહિ, પણ તૈયાર રહેવાની સૂચના કરી. શારદાચરણ ધ્યાનસ્થ હતો. એકાએક ઝૂંપડીની ચારે ભીંતો વચ્ચે સુગંધી પ્રસરવા લાગી. શારદાચરણે હરદયાલ સામે જોયું, તે તદ્દન દઢ ને નિશ્ચિંત બેઠો હતો.

અરધા કલાકમાં આખી ઝૂંપડી સુગંધીથી ભરાઇ ગઈ ને શારદાચરણની બરાબર સામે થોડે અધર આસ્માની રંગનું વાદળ ઘૂમવા લાગ્યું. શારદાચરણે હરદયાલ સામે જોયું. દઢ રહેવાને માટે આ ત્રીજી વખતની આજ્ઞા હતી:

આછા આસ્માની રંગના વાદળમાં એકાએક આકાર થયો, પણ તે હજી વર્તી શકાય તેવો નહિ હતો. હરદયાલ. બહુ દઢતાથી પોતા પર સંયમ જાળવી રહ્યો. એની કુતૂહલ-વૃત્તિ ઠેકડા મારી રહી હતી, પણ શારદાચરણના એક દૃષ્ટિ-પાતે સૂચવ્યું કે જરાક પણ માનસિક તુલા ખોઇ કે તર-તજ દસ–બાર વર્ષની મહેનત વ્યર્થ છે!

બીજા અરધા કલાકમાં આછા આસ્માની રંગમાં નિર્દોષતાની મૂર્તિ જેવું, વિષાદની અતિરમ્ય છાયાવાળું, સ્ત્રીમુખ દેખાયું. હરદયાલ ઘણા સંયમથી શાંત બેઠો રહ્યો. સ્ત્રીમુખ એની માતાનું જ હતું. એની મધુર આંખમાં આંસુનાં ટીપાંને બદલે કરુણરસનો પ્રવાહ હતો. હરદયાલ તેની સામે જોઇ રહ્યો. વાતાવરણમાં એવી ગંભીરતા હતી . . . . શરીર વિનાના આત્માનું રૂપ એવું ભવ્ય હતું કે હરદયાલને ઉભા થવાનું કે નમન કરવાનું મન ન થયું. ન તે રોઇ શક્યો કે ન હસી શક્યો. ભવ્યતા સામે શ્રદ્ધા બેસે તેમ અકથ્ય શાંતિમાં તદ્દન છાનો બેઠો રહ્યો, પણ તે જ વખતે એની દૃષ્ટિ

શારદાચરણ પર પડી. ગુરુદેવનો સંયમ શિષ્યના કરતાં વધારે વિજયી ન નીવડયો. શારદાચરણના ચહેરા પર કરુણરસની છટા પ્રસરતી હતી. ને હરદયાલ કાંઈ જૂએ–કાંઇ બોલે તે પહેલાં, એનું નિશ્ચેષ્ટ શરીર જમીન પર ઢળી પડયું હતું. હરદયાલ એકદમ ઉભો થયો ને ગુરુદેવ તરફ દોડયો, પણ આછા આસ્માની વાદળા તરફ એની આંખ ચોટી હતી ને તેનું શરીર તદ્દન નિશ્ચેષ્ટ પડયું હતું. હરદયાલે ઉંચે જોયું તો આકૃતિ લુપ્ત થઇ ગઇ હતી. ને . . . વાદળ ધીમે ધીમે ફેલાઇ વિખરાઈ જતું હતું.

હરદયાલે અત્યંત દુ:ખથી–શોકથી ગુરુનું શરીર ઢંઢોળ્યું. તેમાં કાંઇ ચૈતન્ય ન હતું. એ જ વખતે ઝૂંપડીમાંથી સુગંધ વહી જતી હોય તેમ તેને લાગ્યું. હરદયાલ પોતાના વર્ષોના પ્રયત્નને અંતે આ ફળ આવેલ જોઈ રડવા જેવો થઇ ગયો. . . . ગુરુદેવના એકાંત આસનમાં બળતા દીપક તરફ તેની દૃષ્ટિ ગઈ. ને અકસ્માત તે તરફ દોરાયો. દીપક પાસે એક પુસ્તક ઉઘાડું પડયું હતું, ને કોઇએ જાણી જોઇને તે અમુક જગ્યાએ જ ઉઘાડું મૂકયું હતું. હરદયાલ ગુરુની ભવિષ્ય વર્તવાની શક્તિ જોઈ આશ્ચર્ય પામ્યો. . . . . . . પુસ્તકમાં નીચે પ્રમાણે લખ્યું હતું.

'જ્યારે વૃત્તિ એટલી બધી કેન્દ્રસ્થ થાય છે કે, એ બીજું કાંઇ જાણી શકતી નથી, ત્યારે આત્માનો આવિર્ભાવ થાય છે.'

'પ્રાણતત્ત્વ બોલાવી શકાય છે, પણ એને બોલાવવાની કિમ્મત ભારે છે, જેમ મધ્યરાત્રિની તદ્દન શાંત સ્થિતિમાં નાનો શો અવાજ સાંભળી શકાય છે, તેમ પ્રવૃત્તિ માત્રને આટલી

કેન્દ્રસ્થ કરનારા પુરુષ, પ્રાણતત્ત્વ જોઇ શકે છેઃ જોઈ શકે છે પણ એના તરફ ક્યારેક ખેંચાઇ જાય છે. એકલા આત્માનું આકર્ષણ ઇંદ્રિઓ વચ્ચે વીંટાએલા આત્મા કરતાં, વધારે સ્થાયી ને બળવાન હોય છે.'

'પ્રાણતત્ત્વને બોલાવવું એ દોષ છે. એના કાર્યક્રમમાં એથી હાનિ પહોંચે છે. મૃત્યુ પછીનું સ્મરણ, જીવતાં કરતાં મરેલાંને, વધારે નુકસાન પહોંચાડે છે.'

'હરદયાલ! પ્રિય! તું મારો પુત્ર છે. તું બહુ જ નાનો હતો ત્યારે તારો તથા તારી માતાનો મેં ત્યાગ કર્યો હતો. આજે તેનું પ્રાયશ્ચિત્ત કરૂં છું.'

'હું તારી માતાની વિષાદમય અવસ્થા અને તે પણ આટલાં વર્ષે જોઈ–કદાચ સ્વસ્થતા નહિ જાળવી શકું, એટલે મારૂં મૃત્યુ થશે. તું સંતોષથી રહેજે. મને હવે બોલાવીશ નહિ. તારી માતાના પ્રાણતત્ત્વ સાથે મારૂં પ્રાણતત્ત્વ પુનઃ પ્રયાણ કરશે.'

હરદયાલના હાથમાંથી પુસ્તક પડી ગયું. ઝૂંપડી વચ્ચે તે એકલો ઉભો રહ્યો ને મોટેથી બોલ્યોઃ

'ઓ પિતા! પાછા આવો. પાછા આવો! મારે આ અગમ્ય કોયડો ઉકેલવો નથી.'

પણ એના શબ્દો અંધકારમાં છૂપાઈ ગયા.

છેલ્લુ ચિત્ર

❁

જગત માત્ર પાંગળું નથી, આંધળું પણ છે. ઇન્દુકુમારની કલા જગતે છેવટ સુધી કબૂલ ન જ કરી. એની પીંછીનો રંગ ફરતો ત્યાં જીવતા મનુષ્યને બદલે જીવતો આત્મા આવતો. ઇન્દુના રંગમાં જેટલા ભાવ હતા તેટલા બીજા ચિત્રકારોની જીવતી મૂર્તિમાં ન હતા. પરંતુ જગત બેકદર છે. એ કાં પાંગળું બની શકે, અથવા આંધળું થઈ શકે. કાં બીજાનું દોર્યું દોરાય, અથવા અંધશ્રદ્ધામાં ઘસડાતું જાય. ઇન્દુની કલા બેકદર હયદરાબાદમાં નિષ્ફળ નિવડી. આજે એ ચિત્રકાર હયદરાબાદ છોડી પૂના જવા રવાના થયો. હયદરાબાદથી પૂના તરફ જતી ટ્રેનમાં એ નિરાંતે મુસાફરી કરી રહ્યો હતો. પાસે એક પાણી પીવાનું પ્યાલું, એક નાની પોટલી અને એક નાની પેટી પડયાં હતાં. ચિત્રકારની શૂન્ય દૃષ્ટિ આકાશમાં હતી.

એણે આકાશના બધા ઉડતા રંગ પૃથ્વી પર આબેહૂબ ઉતાર્યા હતા. હવે તો પોતે જો આ ઝાંખા ભૂરા આકાશમાં

રંગ થઈ મળી જાય, તો ભવિષ્યનો કોઈ ચિત્રકાર એ રંગમાંથી રડતો આત્મા ચિતરે!

ઈન્દુ આકાશ સાથે જ પ્રીતિ બાંધી રહ્યો હતો. જો કોઈ વેશ્યા જાપાનનું બારીક કાપડ પહેરી નૃત્ય કરે, તો નફ્ટ દુનિયા પૈસા ઉડાવવા તૈયાર છે! જો કોઈ એથી વધારે બારીક કાપડ પહેરે તો વધારે પૈસા ખરચવા તૈયાર છે! જગતને માત્ર આકાશી રંગ ન જોઇએ; કલા ન જોઇએ સુંદર ચિત્ર ન જોઇએ. !

ઇન્દુને પૂનામાં કોઈ જાણતું ન હતું. હયદરાબાદ તો એ છોડવાની ખાતર છોડતો હતો. એનું જિગર હયદરાબાદમાં હતું. હયદરાબાદમાં એને આનંદ હતો; પણ એ શુષ્ક સ્થાનમાં કલાની પિછાન ન હતી. ઈન્દુએ એટલા જ માટે હયદરાબાદ છોડ્યું.

ગાડીને પૂના પહોંચવાને થોડી જ વાર હતી. સૌ સુખરૂપ પૂના જોવા આતુર હતા. પરંતુ પૂના બે ત્રણ કલાકના રસ્તા પર હશે, ત્યાં ગાડીને અકસ્માત થયો. સામેથી આવતી ગુડઝ ટ્રેન સાથે ઈન્દુની ટ્રેન અથડાઇ પડી. હજારો મનુષ્યો નિરાધાર થઈ પડ્યાં. ઇન્દુ પણ ભયંકર ઈજાથી બેભાન થયો.

ઈન્દુ પૂનામાં સ્થાયી રહેવાના ઉદ્દેશથી જતો ન હતો. હજી એનો 'સ્ટૂડિયો' હયદરાબાદમાં જ રહેવાનો હતો. એક ચિત્ર વેચનાર સિવાય બીજું કોઈ હયદરાબાદમાં ઇન્દુનાં ચિત્રો ખરીદતું નહિ. એટલા જ માટે નિરાશ થયેલો ચિત્રકાર આખા હયદરાબાદમાં 'દીવાનો ઈન્દુ' એ નામથી જાણીતો હતો. માત્ર વેપારી ટેકચંદ એનાં ચિત્ર હમેશાં ખરીદતો ને કહેતો: ચિત્રકારનું મૃત્યુ, એ ચિત્રકારની સૌથી પ્રખ્યાત જાહેર ખબર

છે. ઇન્દુ હસીને જવાબ દેતોઃ 'ત્યારે હું મરી જાઉં ?' ટેકચંદ ગંભીર મુખ રાખીને સંભળાવતોઃ 'જરૂર; તમારા મૃત્યુ પછી આ દરેક ચિત્ર કલાવીરની બેનમૂન કૃતિ બનશે. ત્યાં સુધી જગત હજી તૈયાર નથી !'



આ અકસ્માત પછી ઇન્દુને મૃત્યુ વહાલું લાગ્યું. ભૂલથી કે ગોટાળાથી જે મનુષ્યો અકસ્માતમાં મૃત્યુ પામ્યા હતા, તેમની યાદીમાં ઇન્દુનું નામ હતું. ઇન્દુએ એ ભૂલ સુધારી નહિ. પૂનામાં એ ભૂલ સુધારે તેમ કોઈ હતું નહિ. એટલે જગતે જાણી લીધું કે દીવાનો ચિત્રકાર ઇન્દુ હવે નથી. હૈયદરાબાદનો તેનો એકાંત ઓરડો શાંત ઘોરતો હતો. જ્યારે હૈયદરાબાદ અને આસપાસની દુનિયાને માલૂમ પડ્યું કે ચિત્રકાર ઇન્દુ હવે નથી, ત્યારે નાના બાળકની માફક, જે નથી એને માટે જગતની લાલસા વધી ! હૈયદરાબાદ ઇન્દુનાં ચિત્રોની શોધમાં પડ્યું ! ને ટેકચંદ એનો કુલ મુખત્યાર હોવાથી એ મોંમાગ્યા દામ લેવા લાગ્યો !

ન્યાયાધીશ તારિકાપ્રસાદે જીવતાં ઇન્દુને જોયો હતો; ને એ કલ્પનાના ભૂતને ચિત્રો ચિતરવાના ઢોંગ મૂકી દઇ કોઇ વધારે નફાકારક ધંધો કરવા શિખામણ આપી હતી. પણ આજે ઇન્દુના મૃત્યુ પછી તારિકાપ્રસાદને ઇન્દુની કૃતિ ખરીદવી હતી !



ઇન્દુ પૂનાથી પણ ચાલ્યો ગયો હતો. તેના મૃત્યુ વિષે કાંઇ શંકા જ ન હતી. ઇન્દુ એક નાના ગામડામાં ચાલ્યો ગયો ને ત્યાં ગામડિયાઓને રામકથા સંભળાવી પોતાનું

ગાડું ગબડાવવા લાગ્યો ! નવરાશને સમયે એ નદીના કિનારા પર રેતીમાં, ટેકરીઓપર ને વૃક્ષોના ઝુંડમાં બહુ રખડતો. ગામડિયાઓને આ જરા વિચિત્ર લાગતું. પણ ક્યારેક, મનુષ્ય વિચિત્ર છે એમ ધારી શહેરો તેને મારી નાખે છે, ત્યારે ગામડું તેને નિભાવે છે ! ઇન્દુની વિચિત્રતા ગામડામાં ભૂલાઇ ગઇ ને ધીમે ધીમે એને ત્યાં નાના ગામડાનાં ઘણાં મોટાં માણસો બેસતાં થયાં.

ઇન્દુને ત્યાં આનંદી હમેશાં દુધ આપવા આવતી. આનંદીને ગામડાના લોકો તો આણદી કહેતા. મહિયારીનો આ જૂનો કોયડો હમેશાં નવો જ રહેશે. દુધવાળી સાથેનો સ્નેહ જગત જોઈ જોઇને જૂનું થયું છે છતાં હજી એ સ્નેહ એમ જ જોડાય છે. કદાચ આ કોયડો જૂનો થશે, ત્યારે જગત નવું ઘડાતું હશે !

ઇન્દુ ચિત્રોમાં રંગ પૂરતો ત્યારે આનંદી ક્યારેક તે જોવા ઉભી રહેતી. એમ કરતાં એ ચિત્રમય થવા લાગી.

એક દિવસ ઇન્દુને તાવ આવ્યો હતો. આનંદીનો માયાળુ હાથ આ પરદેશીના ગરમ કપાળ પર ફરી રહ્યો હતો. ઇન્દુ ધીમે ધીમે આ મૂર્તિને ચિત્રમાં દોરવા મથતો હતો.

વખત જતાં આનંદી ઇન્દુની શિષ્યા થઇ. તે કાંઇક રસ લેતી પણ થઈ ને એની બોલી પણ કાંઇક વધારે સ્વચ્છ ને સુંદર બની

પાણીથી ભરાયું હતું. ત્યાં આનંદી આવતી હતી. ઇન્દુ પોતાના બારણામાં ઉભો હતો. હજી સંધ્યા પડતી જતી હતી; ને આજે સંધ્યા ખીલી હતી. પોતાનો નવરંગી સાળુ સાચવી, તેને પાણી ન અડકે એમ જરા અદ્ધર લઈ આનંદી, જાણે સંગીતનો સૂર કંઠમાંથી આવે તેમ, ધીમે પગલે પાણીમાં છબછબિયાં પાડતી હતી! એની કાંબીનો રણકો પાણીમાં થયો કે નહિ, તે ખબર નથી; પણ તે દ્વાર પાસે આવી ઉભી ત્યારે એના સુંદર પગ પર કાંબી કડલી વિના ન રહી. એ આખો દેખાવ સંગીતમય–કલામય– હતો. ઇન્દુ જાય છે ને કદાચ પાછો નહિ આવે એમ હતું. તેથી આનંદી રજા લેવા આવી હતી.

'હવે તમે જાઓ છો?' આનંદીએ કહ્યું.

'હા, કદાચ.'

આનંદી ઝાંખી પડી. 'હવે પાછા નહિ આવો?'

'વળી ક્યારેક આવીશ.'

આનંદીનો ચહેરો લેવાઈ ગયો. એ કરુણ છાપ ઇન્દુ જોઈ રહ્યો. 'એમ ગભરાઓ છો શું?'

આનંદી જરાક મીઠું હસી. એ હસવું વધારે રોવરાવે તેવું હતું! ચિત્રકારને એ ખૂંચ્યું. તે બોલ્યોઃ 'આનંદી! હું પાછો જરૂર આવીશ.'

આનંદી બધું બળ ભેગું કરીને બોલીઃ 'મને ભૂલતા નહિ, હો!'

ઇન્દુ ચિત્રવત સ્થિર ઉભો રહ્યો. આનંદીનો સ્વર વિવેકભર્યો ન હતો–દર્દભર્યો હતો. આવી ધન્ય પળમાં

મનુષ્યનો આત્મા દેખાય છે. આત્મા દેખાય ત્યારે એ ચાર કલા એકઠી થાય છે! આનંદીના સ્વરમાં સંગીત હતું; પરંતુ એ સંગીતની અસર થાય તે પહેલાં આખા ચહેરાપર પથરાયેલા કરુણતા ભર્યા ભાવ હૃદયમાં પેસી જાય તેવું હતું. ને આનંદી પોતે સૌન્દર્ય મૂર્તિ તો હતી જ. એક કલાનો ઉપાસક આ ત્રણ કલાનો સંયોગ જોઈ સ્તબ્ધ ઉભો.

તે આખી રાત્રિ, આનંદી જે સમયે 'મને ભૂલતા નહિ, હો' એ શબ્દો બોલી તે સમયનો એનો ચહેરો લાવવા પીંછી અને રંગ પર ઈન્દુ જુલમ કરવા લાગ્યો! પરંતુ વ્યર્થ. આનંદીનો ચહેરો કલાની કસોટી કરાવે તેવો હતો.

બીજે દિવસે ઈન્દુ ગયો નહિ. આનંદી તો દૂધ દેવા આવી જ હતી. પણ આજે ઈન્દુ દૂધ લેવાના વાસણને બદલે રંગનો પ્યાલો લાવ્યો : ઘેલો ચિત્રકાર!

આ વાતને ઘણા દિવસ વીત્યા. ઈન્દુ આનંદી સામું જૂએ છે, પણ બોલતો નથી. એક દિવસ ઈન્દુએ કહ્યું: 'આનંદી!'

'શું?'

'એક કામ પડ્યું છે.'

'બોલો.'

'આ તારો ચહેરો મને ચિતરવા દે!'

'લ્યો લ્યો, એવું તે હોય?'

પણ ત્યાર પછી આનંદી હમેશાં ઇન્દુ પાસે વધારે વખત શોભતી. ઇન્દુ હમેશાં એની સાથે વાતો કરતો બેઠો જ હોય!

૫

જગત માત્ર પાંગળું કે આંધળું જ નથી; અદેખું પણ છે. તે ગામડામાં કોઈ બેચાર ધર્મના થાંભલા હશે, તેમને આ પ્રસંગ ઠીક ન લાગ્યો. હવે તો ઈન્દુએ સાચે જ પૂના જવાની તૈયારી કરી. પાછી આનંદી આવી. એ જ વેષમાં. આજે પણ વરસાદ હતો.

'તમે જાઓછો ?' તે બોલી.

'હા; આ વખતે તો ચોક્કસ.'

'ક્યારે ?'

'કાલે સવારે.'

'મને ભૂલી જશો ?'

'તને ભુલી શકું ?'

આનંદી પાછું તે જ બોલી: 'મને ભૂલતા નહિ હો !' ચિત્રકાર ચીસ પાડી ઉઠયો: 'આનંદી ! ઘડીભર એમ ને એમ રહે! બસ એમ જ. જરાક આમ. હં, બસ.'

એની પીંછી કામ પર હતી, ને આંખ આનંદી સાથે મળતી જતી હતી. એ કામ અપૂર્ણ રહ્યું, પણ ચિત્રકારને ગયેલું ચિત્ર પાછું મળ્યું હતું. તેણે આખી રાત્રિ ચિત્ર દોરવામાં કાઢી. આબાદ એ જ આનંદી ! જાણે, આત્મા બોલી રહ્યો છે: 'મને ભૂલતા નહિ !'

ઈન્દુ બીજે દિવસે પૂના પહોંચ્યો. સ્ટેશને જ આનંદી મળી. તે રડી પડી.

'અરે, આનંદી ! તું અહીંઆ ?'

આનંદી ચિત્રકાર સામે જોઈ રહી. 'કેમ ન આવું ?'

'ના રે, ગાંડી ! ઘર છોડાય ?'

આનંદી કાંઇ બોલી નહિ.

ઇન્દુ તેના તરફ ઢળી પડ્યોઃ 'આનંદી! તારે કોઇ નથી?'

'ના, એક તમે છો!'

આનંદીને એક વૃદ્ધ કાકી સિવાય કોઇ જ હતું નહિ.

૬

ઇન્દુ અને આનંદી હવે હયદરાબાદ આવી પહોંચ્યાં છે. ઇન્દુ પોતાના એક મિત્રને ગુપ્ત રીતે મળ્યો:

'અરે, ઇન્દુ! તું ક્યાંથી? અરે! મરી ગયેલો માણસ!' તે આભો બન્યો.

'જો હું આ ઉભો! જગતને ઠગવા આવ્યો છું!'

'તું શું કહે છે? ઇન્દુનાં ચિત્રો હવે...'

'અરે! ન્યાયાધીશ તારિકાપ્રસાદે તારૂં છેલ્લું ચિત્ર ખરીદી લીધું!'

'ટેકચંદની ભવિષ્યવાણી ફળી ખરી!' ઇન્દુએ જરા હાસ્યમાં કહ્યું.

'હવે શું કરવું?'

'તું શું ધારે છે?'

'મારો બંધ 'સ્ટૂડિયો' તું ખોલ. તેમાંના ચિત્રો મૃત્યુ પામેલા દીવાના ઇન્દુનાં છે. તે વેચી માર! જગતને ફરી આટલું ઠગ્યા પછી હું પ્રગટ થાઉં. મારા મૃત્યુનો પૂરો લાભ લઇ લઉં?'

'એ જ વખતે તારી કલામાંથી સૌન્દર્ય ઉડી જશે! તારૂં વ્યક્તિત્વ ગુમાવ્યા પછી તને પૂજે એટલું બેવકૂફ કો નથી. કલાવીર તો સમાજનો આદર્શ પુરુષ હોય!'

૭

ઈન્દુ પ્રગટ થયો; પણ જગત તેને વધાવી શકે તેવી રીતે. ટેકચંદનો નફો ગયો ને એ જ વખતે ઈન્દુનું છેલ્લું ચિત્ર–' મને ભૂલતા નહિ ' જાહેરમાં આવ્યું. હયદરાબાદ આજે ઘેલું હતું. ચિત્રમાં જાણે સંગીત સાંભળી શકાય છે; રંગમાંથી જાણે ફોરમ છૂટે છે; જાણે લાગણી વીણી શકાય છે! આનંદીનું સૌન્દર્ય હયદરાબાદ જોઇ રહ્યું. ખુદ આનંદી બોલે છે! જાણે આનંદીનો આત્મા ચહેરા પર ખીલી આવ્યો છે! જાણે આનંદી રડાવી રહી છે! કેટલું સુંદર!

*

પણ આ વાત એટલેથી જ ન અટકી. ગામડાની આનંદી શહેરમાં ધીમે ધીમે ઘસાતી ગઇ. ને અકસ્માત મૃત્યુ પામી! ચિત્રકાર એકલો ઘરમાં ઘૂમી રહ્યો છે. હવે કોઈ ચિત્ર એને પ્યારૂં નથી. કોઈ વાતપર એનું મન નથી. આજે હયદરાબાદની આશા ફળી! ઈન્દુ ખરેખર 'દીવાનો' બની ગયો! આનંદીનું સ્મશાન એ જ ઈન્દુનું ઘર થઈ પડયું. આખું હયદરાબાદ ખુલ્લી નજરે જોતું કે ઇન્દુ ત્યાં જ બેસી રહેતો. એણે ત્યાં એક નાનું સુંદર મંદિર બંધાવ્યું.

ઈન્દુ આજે કાંઇક શાંત ચિત્તે ઘરમાં બેઠો હતો. એટલામાં ન્યાયાધીશ તારિકાપ્રસાદ આવ્યો. તેણે મોટામાં મોટી ઇન્દુ કહે તેવડી રકમે એ 'છેલ્લું ચિત્ર' ખરીદવા માગણી કરી!

ઈન્દુ તેના તરફ શૂન્ય દૃષ્ટિથી જોઈ રહ્યો. કંઇ પણ બોલ્યા વિના તેણે માત્ર બારણા તરફ આંગળી બતાવી.

'ઠીક; હું જાઉં છું પણ પછી પસ્તાશો હોં.'

ઇન્દુએ આકાશ તરફ જોયું !

તારિકાપ્રસાદે વધારે ન બોલતાં પાછું ફરવું યોગ્ય ધાર્યું. તે પાછો ફર્યો. ઘેલા ચિત્રકારે હાથમાં કલમ લીધી તે ચિત્ર નીચે લખ્યું:

'જીવનસખી ! આ તુજ વિના તે જાય કોને અરપિયું ?'

એની છબી

મહેંદ્રને લાગ્યું કે દાળમાં કૈંક કાળું છે. માણસ બેવકૂફ હોય કે નીચ હોય. એવું બન્યું હતું કે મહેંદ્રના ઘરની જ સામે એક માણસ રહેતો. તે હમેશાં વહેલો ઉઠી મહેંદ્રના ઘર સામે તાકીને બેસતો. ને ઇંદિરા આમથી તેમ ફરે એ બધું જોતો. પછી ઇંદિરા માથું ઓળવા બેસે એટલે જાણે એને શિકાર આવ્યો. એ આંખ પણ ફેરવે નહિ. જોયાં કરે. તાકયા જ કરે. મહેંદ્રે જાણ્યું: માણસ બેવકૂફ છે, નીચ છે અથવા ગાંડો છે. તેણે એ વાત પ્રત્યે પ્રથમ તો દુર્લક્ષ કર્યું પણ તેમ તેમ માણસની વિચિત્રતા વધતી ગઇ. મહેંદ્રની શંકા સબળ થવાનું એક કારણ હતું. એને ત્યાં આખો દિવસ શૂન્યકાર રહે પણ રાત્રે ધમાલ લાગી જ હોય.

થોડા દિવસ પછી તેણે ઘર બદલાવ્યું. મહેંદ્રની પાછળ જ પેલો માણસ ઘરની તપાસ કરતો હતો. ને તેણે પણ એક ઘર શોધી કાઢયું. પહેલાંના ઘર કરતાં એ વધારે સારું

ન હતું પણ વધારે યોગ્ય હતું. મહેંદ્રની સ્ત્રી ઇંદિરાના દીવાનખંડ સામે જ તે દીવાના માણસની બેઠક હતી.

આવું ક્યાં સુધી સહન થાય? મહેંદ્રે તેને બરાબર ઝપાટામાં લેવાનો નિશ્ચય કર્યો. તેણે ધીમે ધીમે તેની સાથે મિત્રતા બાંધી. તેને ખબર પડી કે તેનું નામ સરોજ હતું. સરોજનો ગાઢ મિત્ર પ્રફુલ્લચંદ્ર મહેંદ્રની સાથે જ ઓફીસમાં હતો. પ્રફુલ્લચંદ્ર મારફત મહેંદ્રને સરોજની થોડી થોડી ખબર મળી. સરોજ એકલો જ હતો. હવે મહેંદ્ર તેને ક્યારેક જમવાનું આમંત્રણ આપતો. પણ એની દૃષ્ટિ ઇંદિરા પર છાની ચોટી જ હોય! બેવકૂફ માણસ!

મહેંદ્રે થોડા દિવસ ઇંદિરાને બહાર ન નીકળવા કહ્યું. હવે સરોજ પણ ઘરમાં જ રહેતો. મહેન્દ્રને ચોક્કસ ખાત્રી થઇ કે સરોજ બેવકૂફ નથી પણ નીચ છે.

પ્રફુલ્લ સરોજને ત્યાં વારંવાર આવતો. સરોજ એકલો હતો. એટલે ત્યાં પ્રફુલ્લને કેટલીક સ્વતંત્રતા મળતી. છતાં સરોજના જીવનની સઘળી હકીકત પ્રફુલ્લ જાણતો એમ કહી શકાય નહિ. એટલું જાણતો કે તે રાત્રિના સાતથી આઠ ક્યાંક જાય છે. ક્યાં જાય છે તે કોઇને ખબર ન હતી, ને આખો દિવસ તો ઘેર જ બેસે છે એ મહેંદ્રે કહ્યું હતું.

વ્યવહારવિરુદ્ધનું જીવન સાધારણ માણસને આશ્ચર્ય ઉત્પન્ન કરે છે. પ્રફુલ્લને લાગ્યું કે સરોજ સંબંધી કંઇક વધારે જાણવું જોઇએ,

એક દિવસે મહેંદ્રે ગોઠવણ કરી કે આજે સરોજને નક્કી ઠગવો છે. તેણે પ્રફુલ્લને વાત કરી. પ્રફુલ્લને મશ્કરી મળે તો જમવું ન ગમે. એનો સ્વભાવ સાહસિક ને કુતૂહલ પૂર્ણ. તે

દિવસે સાંજે સરોજ નીકળ્યો ત્યારે બન્ને પાછળ નીકળ્યા. સરોજ ગલીકુંચી વટાવી એક ઝાડ પાસે આવી પહોંચ્યો ને ત્યાંથી સીધો એક તદ્દન સાદા જેવા ઘરમાં ચાલ્યો. તેના ગયા પછી ત્યાં દીવો પ્રગટયો. અંદર કોઈ બીજું નથી એટલી મહેંદ્ર તથા પ્રફુલ્લને ખાત્રી થઇ. સરોજે દ્વાર બંધ કર્યું ને મહેંદ્ર તથા પ્રફુલ્લ ત્યાં વિચાર કરતા રહ્યા. આજે સરોજ હમેશ કરતાં વધારે વખત રહ્યો. તે પાછો નીકળ્યો ત્યારે તેના હાથમાં એક સુંદર છબી હતી. મહેંદ્રે કહ્યું: 'પ્રફુલ્લ ! સરોજ શું કામ કરે છે ?

'એજ ખબર નથી તો?'

ત્યારે તું એક કામ કરીશ ?

'શું ?'

'સરોજને હવે ઘેર ગયા પછી તરત નાટક જોવા તેડી જા.'

'તે તો આવશે જ.'

'બીજી વ્યવસ્થા હું કરીશ ને તને પછી કહીશ.'

પ્રફુલ્લ સરોજ સાથે ઘેર પહોંચ્યો. ને તે બન્ને નાટકમાં ઉપડયા. પછી મહેંદ્રે ધીમેથી સરોજના ઘરમાં પગ મૂક્યો. મહેંદ્રે દીવાનખંડમાં પ્રવેશ કર્યો. ઉપરની બધી બારી ખુલ્લી જ હતી. દાદરનું બારણું બંધ કરતાં પણ સરોજ ભૂલ્યો હતો: તે નીચેના ખંડની એક બારી અર્ધી ખુલી હતી. મહેંદ્રે ત્યાંથી ઘરમાં જઈ જે છબી સરોજના હાથમાં જોઈ હતી તે તરત ઉપાડી. એને જોવાનો વખત ન હતો. તરત રવાના થઇ ગયો.

સરોજ રાત્રે આવી સૂઇ ગયો. સવારે મહેંદ્ર આનં-

એક દિવસ પ્રફુલ્લ સરોજને લઈને મહેન્દ્રને ત્યાં આવ્યો.

મહેંદ્રે વાતમાં ને વાતમાં પૂછ્યું :

'સરોજ! તમારું ચિત્રકામ બહુજ વખણાય છે!' મહેંદ્ર સરોજનું 'માપ' કાઢતો હતો.

'મને સાધારણ શોખ છે.' સરોજે ટૂંકામાં જવાબ આપ્યો.

'કોઈની છબી ચીતરી છે ખરી?'

'ના ના હમણાં તો નહિ.'

મહેંદ્ર જોઇ રહ્યો : કેટલી ધૃષ્ટતા!

'અહીં તમારું કોઈ સગું નથી કે શું?'

'નહીંસ્તો.'

પ્રફુલ્લે વાત બદલવાના હેતુથી કહ્યું : 'સરોજ આંજે એક સવાલ પૂછું?'

મહેંદ્ર જોઇ રહ્યો. સરોજ બોલ્યો : 'પૂછ.'

'હમેશ સાંજે તું કયાં જાય છે?'

'કેમ બીજે ક્યાં? મારે ઘેર!'

'એ તારું ઘર છે?'

'હા.'

ઇંદિરાએ પ્રવેશ કર્યો. સરોજે ટીકી ટીકીને જોયું. મહેંદ્રે વિચાર્યું : 'જોયું એનો ચહેરો હજી ઈંદિરાને દેખી ફરે છે. આ નીચતાની કંઈ હદ છે? એ રહી શક્યો નહિ. એણે ઉતાવળે પુછ્યું : 'ત્યારે તમે હમણાં છબી ચીતરી નથી કાં?' સરોજે જવાબ વાળ્યો 'હમણાં છબી ચીતરી નથી માત્ર'—

'માત્ર ?' મહેંદ્રે પૂછ્યું.

'એક અપવાદ સિવાય.'

'કોણ અપવાદ ?'

'ઇંદિરા ! અને તે પણ રાત્રે જ. મારા જૂના ઘરમાં'

મહેંદ્ર ઉભો થઈ ગયો. ઈંદિરા જોઈ રહી. મહેંદ્રની પાછળજ છબી હતી. મહેંદ્રે ક્રોધમાં કહ્યું : 'ઈંદિરાની આ છબી રજા સિવાય...'

'રજા ?' સરોજે પુછ્યું.

'હાસ્તો જૂઓ આ છબી.'

સરોજ છબી તરફ દોડયો એ ગદ્‌ગદ્ કંઠે બોલી ઉઠયો : 'અરે ! આ જ મારી ખોવાયેલી છબી. આ જ મારી માની છબી !'

'તમારી માની છબી ? આ તમારી મા છે ?' મહેંદ્રનો અવાજ ધીમો પડી ગયો.

'હાં. મારી મા ઈંદિરા. એ મરી ગઈ. ઘણાં વર્ષો થયાં. એના ચહેરા જેવો જ બીજો ચહેરો.. આ.. ઇંદિરાનો છે.'

સરોજની આંખમાંથી આંસુ ટપકતાં હતાં. તે છબીના

વૃદ્ધ માતાનાં નયન

સુધીરનું ભવિષ્ય એના પિતાએ પણ સારું ન હોતું જ ધાર્યું પહેલેથી જ તે એટલો સત્યપ્રિય હતો કે સારા સંસારમાં કોઇએ એને સારો ન માન્યો. રામચરણના મૃત્યુ પછી બધો ભાર સુધીર ઉપર આવ્યો. તેની મા પણ ગઈ. ને હવે સુધીર પોતાની વૃદ્ધ દાદીમા સાથે રહે છે.

સુધીરને ગામના વૃદ્ધો ચાહતા કારણ કે સુધીરના સ્વભાવમાં ચાહવા જેવું બહુ હતું. તે બૂટ મોજાં પહેરીને નહિ નીકળે. વચ્ચે મંદિર આવે તો ચોક્કસ દર્શન કરે. કોઇ મરે ત્યારે સુધીર સૌથી પહેલો ઉભો જ હોય ગામના જુવાનો સુધીરને પોતાનો માનતા. સુધીર તેમની પાસે 'શેક્સપીઅર' વાંચતો હોય કે રાજ્યતંત્રની રચના સમજાવતો હોય. નાના...છોકરાંને સુધીરનાં પતાસાં પર પ્યાર હતો. સ્ત્રીઓને ખાત્રી હતી કે ઘૂંઘટ ન હોય તો પણ સુધીર પોતાની આંખ ઉંચી કરનાર નથી. વૃદ્ધ માતાનો સુધીર આમ, ઘર કરતાં પરનો વધારે હતો. ઘણાએ સુધીરને

'કેવડો' કહેવાનું શરુ કર્યું હતું! પણ સુધીરની મીઠાશ તો સૌને સરખે ભાગે મળતી.

પણ જે માણસો પરનાં વધારે બને છે, તેઓ જ બીજા માણસોને પોતાનાં બનાવી શકે છે. ભદ્રાવતીના વિશાળ રેતીના તટમાં જ્યારે ભદ્રપુરનાં માણસો મળતાં ત્યારે સૌની આંખ સુધીર પર રહેતી. સુધીર ગામનો રાજા હતો. તે જ્યાં ફરે ત્યાં સ્ત્રીઓ શેરી સ્વચ્છ કર્યાં વિના રહે નહિ. સુધીરે કહ્યું કે પોતાનું ફળી ને શેરી વાળવાં એ આપણો 'મ્યુનિસિપાલિટી'નો હક્ક છે. દરેક શેરીનાં માણસો પોતાની શેરી માટે જવાબદાર હતાં ને એ રીતે ભદ્રનું ગૃહતંત્ર તો સ્વાધીન હતું.

સુધીર ગામમાં ફરતો. આખા ગામને કલાના પાયા પર ગોઠવ્યું હતું. પુંજો વણકર અને નથુ વણકર પોતાની આસપાસનો પ્રદેશ એવો સ્વચ્છ રાખી રહ્યા હતા કે સારું હિંદુગૃહ પણ તેની પાસે શરમાય.

ગામના જ પાદરમાંથી લાવેલી ધોળી ધૂળની ગાર એમનાં ગૃહને છેટેથી ચકચકિત બનાવતી; વચ્ચે તેની દીકરીએ ગેરુનાં સુંદર ચિત્રો કાઢ્યાં હતા. દ્વાર પર એક બે પોતાના જ ભરતકામના 'ચાકળા' લટકાવ્યા હતા. આખું યુરોપ યંત્રની ધમાલ કરી મૂકે છતાં ભદ્રમાં પેસી જવાય એવું કોઇ દ્વાર જ નહિ.

પરંતુ ઇતિહાસનું એક પાનું હમ્મેશાં કાળું હોય છે. શું આજની કે શું વર્ષો પહેલાંની જીતનાર પ્રજાએ હમ્મેશાં જીતેલી પ્રજાના વીર પુરુષોને અક્ષમ બનાવ્યા છે. એમને

એક અથવા બીજી રીતે પ્રજાના અંતઃકરણથી જુદાં પાડયાં છે.

સુધીર ઘણી વખત ગામમાં ફરતો. તેને છાની રીતે પૂજનાર એક હૃદય હતું. સુધીરના સ્વચ્છ ફળીમાં જઇને વૃદ્ધ માતા પાસે તારા હમેશાં ફૂલ મૂકી આવતી. પોતાના કરચલીવાળા હાથને ભમર પાસે રાખી, વૃદ્ધ માતા તારાનું મુખ જોતાં. ચહેરો દેખાતો નહિ છતાં ઝાંખું અવલોકન કરી વૃદ્ધ માતા હમેશાં બોલતાં : 'કોણ બેટા તારા કે ?'

તારા ક્યારેક તો કાંતેલું સૂતર આપી આવતી. સુધીરને એ બહુ જ ગમતું. તારાની છાની ભક્તિ પ્રેમની. . .પણ હદ વટાવવાની તૈયારીમાં હતી. સુધીરને બારીમાંથી છાની રીતે જોનાર તારા. સુધીર ઘેર ન હોય ત્યારે તેની મા પાસે બેસી એની ઓરડી સાફ કરનાર તારા. એક વખત તારા ઓરડી સાફ કરતી હતી. અચાનક તેની દૃષ્ટિ એક કવર પર પડી. તેણે સહજ ખોલ્યું : તેમાં આટલા જ શબ્દો હતા: ચેતજો.

સુધીર તે દિવસે ઘેર ઘેર ફરતો હતો. દરેકે દરેક માણસને ઉત્સાહ આપતો હતો. તારા તેને રસ્તામાં મળી. 'તારા !' સુધીરે કહ્યું. એક સ્નેહી બોલે તે કરતાં એક પૂજ્ય માણસ બોલે છે એવું તારાને લાગ્યું. 'હવે જ જોવાનું છે. ગેરહાજરી હોય તો માતાને કેવાં સાચવો છો !'

તારાએ જરાક શરમાઈને કહ્યું : 'જો જો. પણ એવું કાંઇ છે ?'

સુધીરે પ્રસન્ન ચિત્તે હસતાં હસતાં જવાબ આપ્યો : 'એવું કાંઇ નથી પણ ચેતવણી હોય તો સારું.'

તારા આશ્ચર્યચકિત નયને સામું જોઈ રહી:

એનો સ્નેહ સ્નેહની સીમા ઓળંગી જાય તેમ લાગતું હતું. તે ત્યાંથી ચાલી ગઇ.

'દાદીમા !' સુધીરે ઘરમાં આવતાં કહ્યું, ' આજે મને માથું દુઃખે છે.'

દાદીમા જેટલાં સાદા હતાં તેટલા ભોળાં હતાં, ભલા હતાં, ને જૂના જમાનાના અસલ ચિત્રરૂપે હતાં. તેનું એક જ કેન્દ્ર સુધીર હતો. સુધીરની વહુ આવે ત્યાં સુધી જ દાદીમા જીવવાનાં હતાં.

'બેટા ! ત્યારે હવે આજે નિરાંતે સુઇ જા.'

'મા ! એમ થાય છે કે દવા કરાવા જાઉં !'

'ના બેટા ! ડાકટરને કાંઇ ખબર હોય નહિ.' દાદીમા ડાકટરના નામથી ધ્રૂજતાં અને યુરોપીઅન ટોપી એમને મન સત્તાની છેલ્લી પ્યાલી હતી, યુરોપીઅન ટોપી ગમે તે કરે.

' રાજેન્દ્રરાવ છે ને ? '

' હા, એ ઠીક. રાજેન્દ્રરાવની દેશી વૈદકની પદ્ધતિ સારી. તો ભલે જા. પણ સાંજે આવીશ કે કાલે ?'

' બે દિવસ પછી. '

સુધીર નીકળ્યો. એને ખબર જ હતી. રસ્તામાં જ તેના પર હૂમલો થયો. સુધીર લોકમત કેળવવા માટે દરિયાવસિંગ ફોજદારના હાથમાં હતો.

ગામમાં ખબર ફેલાણી કે સુધીર પકડાયો છે. તારા આજે આવી પણ સુધીરની ઓરડી બંધ હતી.

'ડોશીમા !' દરિયાવસિંગે સુધીરની દાદીને કહ્યું, 'તમારા દીકરા ગાંડા થયા છે માટે ગાંડાની હોસ્પીટલમાં મોકલ્યા છે !'

દાદીના પેટમાં ધ્રાસ્કો પડયો. એણે હમેશના રિવાજ પ્રમાણે પોતાનો નબળો હાથ આંખ આડે ધર્યો : 'હેં કોણ માડી ! પુંજો ? શું કહે છે.'

'બીજું શું ? ડોશી મા ! તમારો દીકરો ગાંડો થયો છે !'

'કોણ મારો સુધીર ?' ' મારો ' એ શબ્દ બોલતાં ડોશીની આંખમાંથી આંસુ ચાલ્યાં ગયાં ' માડી તું કોણ ?'

'હું છું સરકારનું માણસ. તમને તેડવા આવ્યો છું. ચાલો એને સંભાળો.'

'બહુ ઠીક કર્યું બાપુ !' ડોશીએ અંતરના ઉલ્લાસથી કહ્યું, સરકારનું ભલું થાજો ! માડી તેં બહુ સારૂં કર્યું. હું શી રીતે આવીશ બાપુ ! સુધીર બહુ માંદો તો નથી ના ? બોલે છે ? સૌને ઓળખે છે ?'

દરિયાવસિંગ આકું જોઈ ગયો. વૃદ્ધ માતા તો તરત દરિયાવસિંગ સાથે રવાના થઇ. તારા મળવા આવી હતી તે પણ સાથે ઉપડી. ને ગામમાં ખબર પડે તે પહેલાં તો દરિયાવની મોટર અરધે રસ્તે પહોંચી ગઈ હતી.

સુધીરને તારા મળી. સુધીરે કરૂણ સ્વરે કહ્યું. 'તારા ! દાદીમાને બાળપણથી કેદનો ત્રાસ છે. જો સાંભળશે કે સુધીર કેદમાં છે તો દાદીમા તરત નહિ હોય. તું દાદીમાને સમજાવીશ કે હું ગાંડો થયો છું ને દવા ચાલે છે ?'

'દરિયાવસિંગે એમ જ કીધું છે!'

'એણે તો દાદીમાને અહીં લાવી મારું મન ફેરવવા કર્યું છે. દયાથી નહિ. મને એ ખબર પડી. પણ હવે તું સાચું કરીશ?'

'હા!'

તારાએ દાદીમાને સમજાવ્યું ને દાદીમાએ તે માન્યું. દાદીમાએ ઝાંખી દૃષ્ટિથી જોયું ને સુધીરે ગાંડાનો સ્વાંગ બરાબર ભજવ્યો. માત્ર દરિયાવસિંગે જે ધાર્યું તે ન બન્યું. દાદીમાને જોયા પછી પણ સુધીર અડગ રહી શક્યો.

તારા ને સુધીરનાં વૃદ્ધ દાદીમા પાછા આવ્યાં હતાં. તેમની ગેરહાજરીમાં દરિયાવસિંગને પણ તપાસ કરવાની મજા પડી.

'તારા! બેટા! સુધીરની આંખ સારી હતી?'

'હા દાદીમા!' તારાએ કન્યાને યોગ્ય જરાક કોમળ સ્વરમાં કહ્યું. 'ડાકટર કહે છે કે જલ્દી આરામ થશે.' ગામના લોકો ત્યાંથી પસાર થતાં, દાદીમાને, સુધીર આરામમાં આવતો જાય છે એમ ખબર કરતા! નથુ હમેશ વાળવા આવતો ને દરેક દરેક માણસ પોતાનો એકાદ શબ્દ તો દાદીમા પાસે રજુ કરી જતો.

બબ્બે માસની મુદત કરી તારાએ વર્ષ વટાવ્યું. આજે સુધીર પાછો આવે છે. આખું ગામ ધજા પતાકાથી શણગારાયું છે. ને સૌ સ્વેચ્છાએ ઉલ્લાસ ભર્યાં સુધીર આવવાના રસ્તા પર નજર નાંખે છે.

એ સૌની પાછળ વૃદ્ધ માતા પોતાની લાકડીના ટેકાથી

ચાલતાં આવ્યાં છે. એમનાં નયન હવે કાંઇ જોઇ શકે તેમ નથી, છતાં એની પાછળ તારા ઉભી ઉભી સુધીરના માર્ગની છેટે ઉડતી ધૂળ બતાવે છે ને વૃદ્ધ માતા વળી એક વાર ફરી એ તરફ લાંબી દૃષ્ટિ ફેંકે છે! તારાને સ્પર્શથી ઓળખે છે છતાં એક હાથમાં લાકડી રાખી બીજે હાથ કપાળ આડે રાખી, વૃદ્ધ માતા, તારા જે તરફ બતાવે છે તે તરફ આશા ભરી નજર ફેંકે છે!

'સુધીરદેવની જે!' લોકોએ સુધીરની મોટર જતાં બુમ પાડી.

'માડી! કોની જે?' દાદીમાએ તારાને પૂછ્યું. 'કોઇ દેવની મૂર્તિ મંદિરમાં પધરાવે છે?'

તારા હવે ઉલ્લાસમાં હતી: રહી શકી નહિ: 'દાદીમા! સુધીર સરકારના કેદી હતા. છૂટા થયા માટે આજે લોકો પૂજે છે!'

'હેં માડી? મારો સુધીર કેદી?' દાદીમા ત્યાં નીચે જ બેસી ગયાં હતાં.

દાદીમાને ચાલણ ગાડીમાં બેસાડીને તારા ઘર તરફ લઇ ગઈ. દાદીમા સહન કરે તે કરતાં ઘા મોટો હતો.

'દાદીમા! હવે સુધીર કેદી નથી હો, આજે તો નવી વહુને લઈ આવે છે.' ભોળી તારાએ દાદીમાને જેમ તેમ ટકાવી રાખવા નિશ્ચય કર્યો.

દાદીમાનું લક્ષ્ય પહેલેથી જ તારા પર હતું. તે ધ્રૂજતાં બોલ્યાં 'અરે માડી! તારી લક્ષ્મી જેવી ચાલ મારા ઘરમાં ન જ આવી કાં?'

તારાએ વળી સમજાવવા યત્ન કર્યો: 'દાદીમા!'

દાદીમાનો માત્ર અચેતન હાથ તારા પર હતો! એ જ વખતે સુધીરે પ્રવેશ કર્યો :

'કાં તારા! દાદીમા શું કરે છે? તેં સાચવ્યાં ખરાં હો!'

તારાએ સજલ નયને સુધીર સામે જોયું. સુધીર આખી વાત એકદમ સમજ્યો નહિ. છેવટે સમજ્યો ત્યારે માની શક્યો નહિ.

'અરે!' સુધીર માત્ર એટલું જ બોલ્યો: 'તારા! છેવટે માએ શું કહ્યું?'

તારાની આંખોમાંથી આંસુ ચાલ્યાં જતાં હતાં.

સુધીર ગદ્ગદ કંઠે બોલ્યો : 'તારા! કહે કહે! મારે એ પ્રતિજ્ઞા અહીં જ લેવી છે.'

તારા શું બોલે?

રાધારાણી

૧

તેનું નામ રાધા હતું. પણ સારા સીતાપુરમાં વૃદ્ધ બાળક સૌ એને રાધારાણી કહેતા.

રાધારાણી કુમળા પ્રભાતના સુગંધી પવન જેવી હતી; તે સૌના અંતઃકરણમાં સુવાસરૂપે પ્રસરી રહી હતી. સીતાપુરની પશ્ચિમ બાજુથી પાંચાલનો નદીનાળાંથી ભરપૂર ફળદ્રુપ ડુંગરી પ્રદેશ શરુ થતો હતો; ને નાના મોટા ટેકરાટેકરીની હાર ઠેઠ ભાલની સીમા સુધી ફેલાઇ રહી હતી. આ બાજુ ઘેલો નદીનાં જોસભર્યાં પાણી ઘેલા સોમનાથનાં પગથિયાં સુધી ભટકતાં હતાં.

પાંચાલનો પ્રદેશ વૃદ્ધ પુરુષની ભવ્યતા જેવો છે: એમાં ઠેર ઠેર રુદ્રરૂપ ધારણ કરેલાં ઝરા ને નાળાં ને વોંકળા ચાલે છે; ને જમીનના આ સ્વરૂપમાં જંગલનું લલિત સ્વરૂપ ભળી, પ્રકૃતિને ભવ્ય ને ભયાનક બનાવે છે.

સોરઠની સુંદર શાંત લલિત સ્વરૂપની કન્યા પાંચાલમાં

આવી રહી હતી. પણ એનો સુંદર સોરઠી સ્વભાવ, પાંચાલની પ્રકૃતિથી કૈંક તીખી સ્ત્રીઓમાં, થોરની વાડોમાં તીવ્ર સુગંધીથી જાણીતા 'ડાળીઆ' ના ફૂલની પેઠે પ્રસરી રહ્યો હતો. રાધારાણી સીતાપુરમાં આવી ને ત્યાં પોતાનું ઘર જમાવ્યું.

શહેરમાં મોટા માળામાં બેઠેલા મોટી ફાંદવાળા અરધા મનુષ્યો—અરધા દર્દીઓ, કયારેક એમ માને છે કે ગામડામાં જીવન હોતું જ નથી. કદાચ એ સાચું હશે, પણ આટલું ચોક્કસ છે કે મોટા શહેરમાં માળા હશે, પણ 'ઘર' તો ગામડામાં જ છે.

રાધારાણી નાનપણથી જ ઘરની રાણી જેવી જ બનીને રહેતી. પોતાના પિયરમાં હતી ત્યારે માલણ નદીના બન્ને કાંઠા પર, સૌથી સારી ચકચકિત હેલ રાધાની છે એમ સૌ કહેતાં. પાદરે થોરની વાડમાં રખડતી ત્યારે થોરનાં ડોડવાં પાડી બધી છોકરીઓ રાધારાણી પાસે સુંઠલી મૂકતી, ને એક પણ લાળ લગાડયા વિના રાધારાણી બધાં ડોડવાં સાફ કરી શકતી. રાધારાણી નદીમાં તરતી; ઝાડ પર ચઢતી; ને સાતમ આઠમના તહેવારમાં આખું ગામ બહાર નીકળતું ત્યારે જ્યાં રાધારાણી ગવરાવતી ત્યાં કૈં જુદી જ હલક ને મીઠાશ જામતી. રામપુરના રહેવાશીઓ હજી સંભારતા કે રામપુરની બધી કન્યાઓમાં રાધાની સુગંધ હજી ઘર ઘરનાં બારણામાં ભમી રહી છે.

રાધારાણી પરણીને સીતાપુર આવ્યાં. સીતાપુરમાં દરબાર સાહેબ પાસે એનો પતિ કારભાર કરતો. ગામમાં પણ એની સુવાસ સારી હતી. કૃષ્ણમોહન સીતાપુરના

લોકમાં પ્રતિષ્ઠિત ને સત્તાધીશ હતો. ને તેથી રામપુરની રાણી રાધા સીતાપુરમાં રાધારાણી જ રહી.

આ વાતને થોડાં વર્ષ વીત્યાં. રાધારાણીના ખોળામાં, આછા સુનેરી આકાશમાં તારા ડોકિયાં કરી રમે તેમ, બંસીમોહન રમી રહ્યો હતો. સામે બેસી કૃષ્ણમોહન આ રમત જોઇ રહ્યો હતો. એટલામાં ખડકીનું દ્વાર ઉઘડયું ને રાધારાણીના સ્વચ્છ ફળિયામાં કોઇકે પ્રવેશ કર્યો.

કૃષ્ણમોહને સફાળા પાછળ જોયું. આવનાર માણસ દૃષ્ટિથી સૌને માપી લેતો હોય તેમ સ્થિર ઉભો હતો.

'ચંદુલાલ, અત્યારે ?'

ચંદુલાલ કૃષ્ણમોહનના હાથ નીચે કામ કરતો. પણ એનો સ્વભાવ ચીકણા વાણિયા જેવો વ્યવહારિક હતો. એ સીતાપુરમાં સૌને ઓળખતો, ને સૌની ઓળખાણમાંથી પોતાનું ગુજરાન કાઢતો. એનો ધંધો સવારમાં ઉઠતાં લાકડી લઇ સીરસ્તદારને ત્યાં જવું, એની સાથે ફરવું, ને નવાજૂની ભેગી કરી સાંજે દરબારને કહેવી.

હમણાં હમણાં એ કૃષ્ણમોહનને પણ ઉડાવવાની બાજી ખેલતો હતો. પહેલો પાસો નાખ્યો હતો, ને બીજાની તૈયારી હતી.

'હા.' ચંદુલાલે જવાબ વાળ્યો: 'દરબાર સાહેબ યાદ કરે છે.'

'અત્યારે ? છે કૈં ?'

'ના ના. ખાસ કામ તો નહિ હોય, પણ, કીધું છે નાં ? 'અકરમીના પગ ને કરમીની જીભ' !' એટલું

બોલીને વાણિયાના જેવા મીઠા લૂખા હાસ્યથી કૃષ્ણમોહન તરફ જોઇ રહ્યો:

કૃષ્ણમોહન ધ્રૂજ્યો. કારણ કે ચંદુલાલ હસે ત્યારે સારું સીતાપુર જાણતું કે બીજું કોઇક રડશે.

કૃષ્ણમોહન દરબાર પાસે ગયો. દરબાર એક હુક્કાની લાંબી નળીમાંથી, મુગલાઇ રીત પ્રમાણે, હુક્કો પીતા બેઠા હતા.

એમની તીણી આંખ કૃષ્ણમોહનને આવતો જોઇ વાઘની જેમ ઘૂરકવા લાગી.

'કૃષ્ણમોહન !' તે તરત જ બોલી ઉઠયા: 'આ તમારું આવ્યું છે.'

'શું ?'

'બીજું શું હશે ભાઇ,' દરબારે કંટાળાથી જવાબ વાળ્યો: 'કીધું નથી?' 'છોકરાંથી છાશ ન પીવાય ?' તમારી સળગાવેલી હોળી સીતાપુરને વીંટાઈ વળશે.'

સીતાપુરને આદર્શ ગામડું બનાવવાના હેતુથી, કૃષ્ણમોહને લોકોને સ્વાધીન બનતાં શીખવ્યું હતું, ને છેલ્લા છેલ્લામાં સીતાપુરનું નાનું પ્રજામંડળ, બહારવટિયા સામે બચાવ કરવા, પોતાના જુવાનોને તાલીમ આપી, તૈયાર કરી રહ્યું હતું. આજે દરબાર પર ઉપરી અધિકારી તરફથી સખત તાકીદ આવી હતી કે આવાં રાજદ્રોહી કામ જો સીતાપુરમાં ચાલશે તો જરુર તમારી પાયમાલી થશે.

'આનો અર્થ એટલો કે સીતાપુરના લોકોએ પોતે ગુલામ રહેવું, પોતાના છોકરાંને ગુલામ રાખવાં, ને પછી જેમ ઢોરને રક્ષણ મળે છે તેમ......'

'એ ગમે તેમ ભાઈ, 'ટૂંકું ને ટચ' દરબાર બોલ્યો: 'અમારે અમારું બચાવવું છે. ને તેથી હવે કાલથી તમે નોકરી ઉપરથી હમણાં દૂર રહો તો સારું. વળી ક્યાં જોવાતું નથી?'

'જી હા. હમણાં વહેમ મટી જાય ત્યાંસુધી.' ચંદુલાલે મીઠી ટાપશી પૂરી.

આજ વર્ષો થયાં ચાલી આવતી એક રીત એવી છે કે સત્તા અને સમૃદ્ધિમાં જે દુર્ગુણ હોય તે હમેશ છાની રીતે જ બોલાય. પણ કૃષ્ણમોહનની પ્રકૃતિ તેજ હતી. તે બોલ્યો:

'સાહેબ! આવી રીતે કરવાથી પણ તમે ઉપરી-સાહેબને સંતોષી નહિ શકો. આવા તુમારો રાશીના દર્દ જેવા છે. તેમનો કબજો હમેશાં વધતો જ રહેવાનો. ને છેવટે એક દિવસ કહેશે કે, તમારા રોટલા કરતાં બીસ્કીટ સારાં છે માટે કાં આ બીસ્કીટ વાપરો અથવા તમે નાલાયક છો!'

દરબારે કંટાળાથી કૃષ્ણમોહન સામે જોયું. આટલું સાંભળતામાં તો મરણોન્મુખ દર્દીની માફક તે બે ત્રણ વખત ઉંચો નીચો થયો. તેણે હૂક્કામાંથી એક બે દમ ખેંચી કાઢ્યા ને ટટાર થઈ બોલ્યો:

'જુઓ ભાઇ! તમારા બધામાં જુદી જુદી ધૂન છે. ભવિષ્યમાં શું થશે એ બીકથી અત્યારથી મારી જાહો-જલાલી છોડી દઉં?'

'છોડી દેવી શા માટે? પણ તમારી ટેકરીઓમાં પ્રજાને શી રીતે સ્વાધીન થતાં શીખવવી એટલું શાંતિથી નહીં કરો?'

બોલીને વાણિયાના જેવા મીઠા લૂખા હાસ્યથી કૃષ્ણમોહન તરફ જોઇ રહ્યો:

કૃષ્ણમોહન ધ્રૂજ્યો. કારણ કે ચંદુલાલ હસે ત્યારે સારું સીતાપુર જાણતું કે બીજું કોઇક રડશે.

કૃષ્ણમોહન દરબાર પાસે ગયો. દરબાર એક હુક્કાની લાંબી નળીમાંથી, મુગલાઇ રીત પ્રમાણે, હુક્કો પીતા બેઠા હતા.

એમની તીણી આંખ કૃષ્ણમોહનને આવતો જોઇ વાઘની જેમ ઘૂરકવા લાગી.

' કૃષ્ણમોહન ! ' તે તરત જ બોલી ઉઠયા: 'આ તમારું આવ્યું છે. '

' શું ? '

' બીજું શું હશે ભાઇ, ' દરબારે કંટાળાથી જવાબ વાળ્યો: ' કીધું નથી ? ' ' છોકરાંથી છાશ ન પીવાય ? ' તમારી સળગાવેલી હોળી સીતાપુરને વીંટાઈ વળશે. '

સીતાપુરને આદર્શ ગામડું બનાવવાના હેતુથી, કૃષ્ણમોહને લોકોને સ્વાધીન બનતાં શીખવ્યું હતું, ને છેલ્લા છેલ્લામાં સીતાપુરનું નાનું પ્રજામંડળ, બહારવટિયા સામે બચાવ કરવા, પોતાના જુવાનોને તાલીમ આપી, તૈયાર કરી રહ્યું હતું. આજે દરબાર પર ઉપરી અધિકારી તરફથી સખત તાકીદ આવી હતી કે આવાં રાજદ્રોહી કામ જો સીતાપુરમાં ચાલશે તો જરુર તમારી પાયમાલી થશે.

' આનો અર્થ એટલો કે સીતાપુરના લોકોએ પોતે ગુલામ રહેવું, પોતાના છોકરાંને ગુલામ રાખવાં, ને પછી જેમ ઢોરને રક્ષણ મળે છે તેમ. . . . . '

૨

કાઠિયાવાડનું પ્રકૃતિસૌંદર્ય મૂળ તો ભવ્ય છે જ. એમાં ગુજરાતના જેવી મન થકવે તેવી એક જ જાતની પીંછી નથી. રમ્ય મુગ્ધા જેવી સોરઠની સુંદર વનરાજિ પાસે, કાઠિયાવાડી કદાવર સ્ત્રી જેવી પાંચાલની પ્રકૃતિ, નાની કુલવધૂ પાસે પ્રૌઢ સાસુ ઉભે તેવી ઉભી છેઃ આ રંગની પાસે જ મધ્ય કાઠિયાવાડનું જૂનું ચિત્ર–ઓસમાન ને ચોટીલાના ડુંગરોની છાયાથી ઘેરો આસમાની ભાવ પૂરે છે. એની પેલી મેર સહરાના આફ્રીકન જેવો રસહીન ઝાલાવાડ, પોતાનું જુદું જ વ્યક્તિત્વ એની સુંદર ચિત્ર વિચિત્ર ધૂળમાં –જમીનમાં દર્શાવે છે. આસ્માની, નીલી, કીરમજી ને આછી લાલ ધૂળમાં થઇ આઘે સુધી નજર કરતાં પેલો હાલારનો, હાલારી ઠીંગણા મનુષ્ય જેવો, નાના નાના ગોળ પથ્થરોથી ભરપૂર પ્રદેશ, ચિત્રની વિવિધતા જાળવે છે. ચોરવાડની નીલી નાઘેરમાં થઈ ગોપનાથની ટેકરી સુધી ચાલ્યા જાઓઃ ને શિહોર શેત્રુંજીનો રસાળ પ્રદેશ લજ્જા પામેલી નવવધૂ જેવો વધારે ને વધારે લલચાવનારો બનતો જાય છે. કાઠિયાવાડના પ્રાકૃતિક સૌંદર્યમાં અજબ વિવિધતા જળવાઈ રહી છે.

રાધારાણી કાઠિયાવાડના પ્રાકૃતિક વૈવિધ્યની માફક પોતાની મનોદશાની વિવિધતા જાળવી રહી. બંસીમોહન અને તે બન્ને કૃષ્ણમોહનની ન ભૂંસાય તેવી સ્મૃતિનાં ચિન્હો હમેશાં જોતાં, ને તેમને હમેશાં યાદ આવતું કે સીતાપુરના આ ઘરનો માલીક એક દિવસ આવશે.

'બધું એની મેળે થઇ રહેશે, કેમ ચંદુલાલ?'

'જી હા. એમ જ. સુરજ સામે ઘણાય ધૂળ ઉડાડે છે!'

'હાં!' દરબારે ટાપસી પૂરી ને હાથના ઇશારાથી કૃષ્ણમોહનને જવા સૂચવ્યું.

કૃષ્ણમોહન ગયો.

એણે અધિકાર છોડી દીધો ને પ્રજાને તાલીમ આપવી શરુ કરી.

અધિકારમાં તેજ છે, પણ ઝેરમાં તેજ ક્યાં નથી? અધિકારીઓની દૃષ્ટિ કૃષ્ણમોહન ઉપર ફરી હતી. એણે ગામડિયાઓને ભણાવ્યું કે વારંવાર બહારવટિયાનો માર ખાવો ને ફોજદાર જમાદારને ઘી કેળાં કરાવવાં—આવા એ દુશ્મનોની મહેમાનગીરી કરવી—એ કરતાં આપણા તાલીમ પામેલા જુવાનોને તૈયાર કરવા, ને એ સૈન્ય આપણને બચાવશે. આવી ભયંકર નીતિ માટે કૃષ્ણમોહન ગંદો ગણાયો. દીવાના ગણાતા માણસોમાં આવો સુંદર આત્મા હોય છે, ને તે ગાંડા ગણાય છે; ગુલામનું ડહાપણ એ શેઠને મન તુંડમિજાજ ગણાય છે.

કૃષ્ણમોહન સાત વર્ષની સખ્ત કેદમાં ગયો. તે દિવસે સીતાપુરમાં, રામ સીતાને તજતા હોય, એ રામાયણનું ચિત્ર ફરી ખડું થયું. લોકો ખોબે પાણીએ રોયા. માત્ર ન રોઈ એક રાધારાણી. તે બંસીમોહનને લઈ, કૃષ્ણમોહનને મળવા છેલ્લી વખત નીકળી. કૃષ્ણમોહન ચાલ્યો ગયો. હવે એના ઘરમાં રાધારાણી ને એનો બંસીમોહન એ જ રહ્યાં.

'હા.' રાધારાણીએ ટૂંકો જવાબ વાળ્યો.

બંસીમોહન અંદર દીવાનખાનામાં પોતાની ધૂનમાં હતો.

'છોકરો ચાલાક છે. કોની સાથે વાત કરે છે?' અધિકારીએ પૂછયું.

'એના બાપ સાથે.' રાધારાણીએ જવાબ વાળ્યો.

'હેં!' ઓફીસર એ ચાર ડગલાં પાછો હઠયો. પાછળ તરતના વાવેલા જુવારા પડયા હતા. ને તેમાંથી સુંદર મંદ સુગંધી પ્રસરતી હતી.

'કેમ? હેબતાઓ છો?'

'કારણકે કૃષ્ણમોહન ભયંકર માંદગીમાં છે અને તે. . .'

આજ વખતે બહાર મોટરનું ભૂંગળું વાગ્યું, ને થોડી-વારમાં સીતાપુરની ગરીબાઈનું સ્વરૂપ હોય તેવો કૃષ્ણમોહન એમાંથી નીચે ઉતર્યો.

કૃષ્ણમોહન અંદર આવ્યો. એક તરફ ફળિયામાં એની પ્યારી જમના નામની ગાય કાન માંડીને ઉભી હતી; બીજી તરફ એણે વાવેલાં, ઝાડ ને ફુલછોડ એટલાંજ સુંદર દેખાતાં હતાં. સીતાપુરની તાજગી હોય તેવું રાધારાણીનું ઘર નવું નવું તાજુ તાજું રહેતું. દીવાનખાનામાંથી કપુરનો, ઘીનો, ગૂગળનો સુગંધી પવન આવતો હતો. હિંદુગૃહની સાદાઈમાં આટલી સફાઈ ને કળા છે તે જોઈ આશ્ચર્ય પામતો અમલદાર ચાલ્યો ગયો. કૃષ્ણમોહને પોતાનો નબળો હાથ રાધારાણીને ખભે મૂકયો ને દીવાનખાનામાં પ્રવેશ કર્યો. દીવાનખાનામાં બાળક બંસીમોહન હજી કલ્પનામાં બિછાના સામે વાત કરતો હતો:

રાધારાણીએ હવે સીતાપુરમાં પોતાની મોહિની ફેલાવી. ગામના ચોરાને નવું રૂપ રાધારાણીએ આપ્યું. ખેડુતો ચોરામાં આવીને ગપ્પાં હાંકતા બેસતા. રાધારાણી બંસીમોહન સાથે ત્યાં આવ્યાં, ને ચોરાના સાધુએ 'સીતાવનવાસ' ની કથા શરૂ કરી: મંદિરનો બાગ ને કૂવો એ સાર્વજનિક મિલ્કત લેખાવા લાગ્યાં. રાધારાણીએ ધાર્મિક શ્રદ્ધાના બીજમાંથી નવા નવા રોપ વાવ્યા, ને આખા સીતાપુરમાં નાનાં બાળકો રાધારાણીની વાડીમાં આનંદથી ફરવા લાગ્યાં.

એક દિવસ રાધારાણી પોતાના ફળિયામાં બેઠાં હતાં. પાસે બંસીમોહન વાછરડાં સાથે ગેલ કરતો હતો, ને હમેશાં કૃષ્ણમોહન આ વખતે–સીતાપુરમાં હતો ત્યારે આ વખતે–આવતો. રાધારાણી તે વખતે એનું દીવાનખાનું સાફ કરતાં. બિછાનું ગોઠવતાં, સુંદર ચાકળા ફેરવી જોઈ જતાં, ને કપુરની સુગંધથી ફળિયું ધમધમાવી મૂકતાં, આ વખત કૃષ્ણમોહન બહારથી આવતો હોય. કૃષ્ણમોહન ગયા પછી પણ રાધારાણી હમેશાં જાણે તે હાજર હોય તેમ દીવાનખાનું સાફ કરતાં, એનો ખેસ સંભાળતાં, પાઘડી તપાસતાં ને એની દરેકે દરેક ચીજ ત્રણ વર્ષ પહેલાં પડી હતી તે જ હાલતમાં રાખી મૂકતાં. બંસીમોહન પણ હમેશાં પિતા હાજર હોય ત્યારે જેમ ગેલ કરતો તેમ ખાલી બિછાનાની છબી પાસે રમીને પાછો આવતો. રાધારાણી આજે ફળિયામાં બેઠાં હતાં ત્યાં એના ખુલ્લા દ્વારમાં થઈ કોઈ અધિકારીએ રુઆબબંધ પ્રવેશ કર્યો.

'કૃષ્ણમોહનનું આ ઘર?' અને તેણે ચારે તરફ દૃષ્ટિ કરી. સાદાઈની ભવ્યતા એના પર અસર કરી ગઈ.

આવી ગઇ. તે હમેશની માફક એક સવારે ઉઠ્યો, ને પોતાના હસતા બાપને બદલે તેનું અચેતન શરીર જોયું. તે આ ફેરફાર સમજી શક્યો નહીં, પણ એટલું જાણી શક્યો કે રાધારાણી હવે બાપની વાત કાઢતાં રોઇ પડે છે.

છતાં સીતાપુરમાં હજી રાધારાણી પોતાનો કાર્યક્રમ ફેલાવી રહ્યાં. સીતાપુરના દરેક ઘરમાં, સવારના ચાર વાગે રવાઈ ફરવાનો અવાજ આવતો હતો. દરેક ઘરને એક ઢોર રાખવાની જરુરિયાત સમજાઇ ગઇ. રાધારાણીની તાજી છાશમાં જેવી સુગંધી ફેલાતી હતી, તેવી સફાઇની સુગંધી ઘરઘરમાં પહોંચી ગઇ. સીતાપુરના ખેડૂતો બીજા ખેડૂતની માફક ખૂબ ખાતા, ખૂબ મજૂરી કરતા ને ખૂબ માંદા પડતા; પણ રાધારાણી ઘેરઘેર ફર્યાં. એનો બંસી ઘરઘરનો પૂજાતો દેવ બન્યો. રાધારાણીએ ગરીબ ને ગંદા ખેડૂતોને નવું જીવન આપ્યું. ત્યાર પછી, એ દરેક ઘરમાં ચાકળા, ભીંતો પર ફૂલ, ઘાઘરામાં ભરત, ઘર આંગણે છોડ, ફળિયામાં ઢોર, ને શેરીએ શેરીએ નાનો ચોક થયાં. દેવમંદિર સાર્વજનિક સંસ્થા જેવું બન્યું, ને ગામનો પવિત્ર સાધુ ગામનો વૈદ ને ધર્માધિકારી પણ બન્યો. રાધારાણીના બંસી સાથે સૌ છોકરાં રમતાં; છોકરાંઓ રાધારાણીના ફળિયામાં ખેલતાં ને એમાંથી સૌ એના પર અતિ પ્યારની દ્દષ્ટિથી જોતાં શીખ્યાં, બીજી તરફ ગામના જુવાનો રાધારાણી પાસે રામાયણ સાંભળવા આવતા ને તે સૌ જરુર પડે તો સીતાપુરનું રક્ષણ કરવું એ ધર્મ છે એમ સમજતા થયા.

સીતાપુરમાં પ્લેગ આવ્યો હતો ને આખું ગામ ધાકથી ગંભીર બન્યું હતું. રાધારાણી ઘેર ઘેર ફર્યાં ને

એની પાસે રમનારાં ઘણાં છોકરાંની મૃત્યુશય્યા પર 'રાણીમા' જઇ આવ્યાં.

એક દિવસે મધ્યરાતે અચાનક બારણું ખખડવાનો અવાજ આવ્યો.

'કોણ ?'

'હું ચંદુલાલ બા !' ચંદુલાલનો મધથી મીઠો અવાજ આવ્યો:

રાધારાણીના ચહેરા પર ગ્લાનિ ને સખ્તાઈ છવાયાં.

'ચંદુલાલ ? અત્યારે ?'

'દરબાર સાહેબ બોલાવે છે.'

રાધારાણી બહાર આવ્યાં.

'કેમ ચંદુલાલ ! કૈં અત્યારે ?'

ચંદુલાલે ધ્રૂજતાં જવાબ આપ્યો: 'કુંવર સાહેબ માંદા છે ને હઠ લીધી છે કે રાધારાણીને બોલાવો.'

રાધારાણીના મોં પર આછું સ્મિત છવાયું. તે પોતાની કામ કરવાવાળીને ઉઠાડી ચંદુલાલ સાથે ગયાં.

દરબાર પોતાનો જૂનો હુક્કો ગગડાવતો ત્યાંજ બેઠો હતો. સાદાઇ ને પવિત્રતાની મૂર્તિ જેવી રાધા ત્યાં ઉભી રહી.

કુંવરની આંખમાં તેજ આવ્યું. 'ઓ રાધા મા ! આવો આવો. આ ડૉકટરને દૂર કરી તમે પાસે બેસો.'

રાધા દૃઢ પગલે આગળ ગઇ, ડૉકટર આભા જેવો બની ઉભો થઇ ગયો. દરબાર પહોળી આંખે જોઈ રહ્યો.

'બેટા !' રાધાએ એના માંથા પર હાથ ફેરવ્યો. 'શું થાય છે ?'

'માથું ફાટે છે !' કુંવરે વ્યગ્રતાથી જવાબ વાળ્યો.

રાધારાણીએ થોડુંક પાણી કાઢ્યું. ડૉક્ટર ઘૂરક્યો.

'અરે એ શું છે ?'

રાધારાણીએ તેની સામે જોયું: 'ડૉક્ટર ! કૃષ્ણમોહનનું ચરણામૃત !'

'હેં !' દરબારની આંખ ફાટી ગઇ.

'બા ! આપો આપો. કુંવર બોલતો હતો, 'લાવો.'

રાધા દૃઢ નિશ્ચયથી દરબાર તરફ ફરી. 'આ ચરણામૃત આપવું છે ?'

દરબારે ડોકું ધૂણાવીને હા પાડી.

રાધારાણીના ચહેરા પર વિજયનું આછું સ્મિત ન દેખાય તેમ ચાલ્યું ગયું.

બીજે દિવસે કુંવર તો આરામમાં હતો. દરબાર આજે કૃષ્ણમોહનને યાદ કરતો હતો. એના શબ્દો સાચા પડ્યા હતા. અધિકારીને એક બાબતમાં નમતું આપ્યું એટલે બધી બાબતમાં નમતું આપવાની પેરવી થતી હતી. રાધારાણી સવારે કુંવર પાસે આવ્યાં, ત્યારે દરબાર નમ્ર ચહેરે તેના તરફ વળ્યો.

'રાધારાણી !' તે બોલ્યો, 'કૃષ્ણમોહનના શબ્દો આજ યાદ આવે છે !'

'એમ ?'

'હા.' કહી જમીનદારે એક કાગળ તેના તરફ ફેંક્યો. 'જુઓ !'

રાધારાણીએ જોયું. સીતાપુરની આસપાસ બહારવટિયાનું

જોર હોઇ લોકો ત્રાહ્યત્રાહ્ય પોકારતા હતા. તેમજ બહારવટિયા ન લૂંટે એનાથી બમણું સિપાઇઓ લુંટી જતાં હતા. પણ અધિકારીઓએ પોતાના સિપાઇઓને દેવદૂત જેવા માની, તેમની મદદ લેવા લોકોને આગ્રહ કર્યો હતો.

'ત્યારે તમે શો નિશ્ચય કર્યો ?' રાધારાણીએ પૂછ્યું.

'કૃષ્ણમોહને કહ્યું હતું તે જ. આજે કૃષ્ણમોહનના શબ્દો જ યાદ આવે છે.'

ને તરત પોતાના રક્ષણ માટે લોકો તૈયાર હોવાનું લખી જણાવ્યું.



રાધારાણી કૃષ્ણમોહનની છબી પાસે ઘૂંટણીએ પડી નમતાં હતાં; ને તેની પાસે બંસી પણ માથું ઝૂકાવતો હતોઃ રાધારાણીએ બંસી પાસે બોલાવ્યુંઃ 'અદૃશ્ય પિતા ! આપની તપશ્ચર્યાનું ફળ આપના ચરણમાં ધરું છું !'

અને આ શબ્દો બોલતાં બંસી રડી પડયો !

આરામની પળો

સ્નેહલતાનું ઘર

૧

સ્નેહલતાનું ઘર કળાના નમૂના જેવું હતું. નાનુ અને નાજુક ઘાટનું અને જરાક ઉંચાણમાં હતું. આસપાસ સ્વચ્છ ફળી હતું. એક તરફ સુંદર પુષ્પછોડ અને વેલી હતાં. બીજી તરફ તુળશીના ક્યારા પાસે નાનો ઓટલો હતો. અને તે પર સાંજરે આખું કુટુંબ બેસતું. ઉમેશના છેલ્લા મંદવાડમાં બહુ ખર્ચ થયું; ને તેથી સ્નેહલતાનાં બધાં જ ઘરેણાં વેચાઈ ગયાં. રમેશ અને તેની મા સ્નેહલતા અંતે આધાર વિનાનાં થઈ રહ્યાં અને ઘર પર કેટલુંક કરજ મૂકી ઉમેશ ચાલ્યો ગયો. રમેશ હવે માતાની સંભાળ નીચે આવ્યો. ઉમેશની પ્રથમાવસ્થા સમૃદ્ધ હતી પણ વ્યાપારના એક ઝપાટામાં આવવાથી, નિર્ધન દશા થઈ ગઈ. હવે ઉમેશના મૃત્યુ પછી, સ્નેહલતાને માત્ર રમેશનો જ આધાર હતો.

રમેશ મેટ્રીકમાં પાસ થયો ને તેને સ્કૉલરશીપ મળી.

એ કૉલેજમાં દાખલ થવા ગયો. તેની માએ પોતાનું એરિંગ કાઢી આપ્યું: 'બેટા ! આ બહુ જ જરૂરી ખર્ચ માટે.'

રમેશ કૉલેજમાં ગયો. ગામથી બૉર્ડિંગ દૂર હતી. હવેના સમયમાં વિદ્યાર્થીઓ વસે છે ત્યાં એક જાતનું ઉચ્છૃંખલ અજવાળદાર તંત્ર ચાલી રહે છે. રમેશને એક જ જુદી ઓરડી મળી હતી. બીજાની પેઠે તેમાં બે બારીનો ફાયદો ન હતો પણ સ્થલ એકાંત હતું. રમેશે પોતાની બારી પાસે એક વેલી વાવી અને તેણે બારીમાંથી ધીમે ધીમે સ્નેહાળ ડોકિયું કાઢયું. રમેશ કેટલીક વાતે બીજાથી જુદો તરી રહેતો હતો. તેનામાં ગરીબાઈનું અભિમાન હતું. રમેશની ઓરડીને વિદ્યાર્થીઓ 'આન્દામાન' ટાપુ કહેતા. અને રમેશનું નામ 'દેશનિકાલ' રાખ્યું હતું. અમીચંદની ઓરડીમાં જ્યારે સૌ ભેગા થતા ત્યારે આ વાત પર બે કલાક સહેજે નીકળતા !

રમેશ સૌમાં ભળે તેવો ન હતો. એને સૌનાથી ડરવાનું એક કારણ હતું. એની જૂની ચોટલી ને કપાળમાં તિલક જોઈ કેટલા ય ગૃહસ્થના છોકરા મૂછમાં હસતા ! સવારે એ લોટો લઈ બહાર જાય ત્યારે ઓશરીમાં ઉભા રહી કેટલાક છોકરા હસતા ને એમનું હાસ્ય રમેશ છેટેથી સાંભળતો.

એક અમાવાસ્યાની રાત્રિએ સૌએ નિશ્ચય કર્યો કે 'આન્દામાન' પર હલ્લો લઈ જવો છે. અમીચંદને સરદાર બનાવવામાં આવ્યો. ને સૌએ તેની સાથે સામેલ થવું એમ ઠર્યું. ત્રણ છોકરાઓને જૂદી જૂદી ત્રણ દિશા સોંપાણી ને

રહેમાનખાં બાર બજ્યાની રોન ફરી જાય ત્યારપછી તરત જ રમેશની ઓરડીની આસપાસ ' ચોર ' એવી બૂમ પાડવાની હતી. રમેશ બહાર આવે કે તરત જ એક છોકરાએ બીજી તરફના બારણેથી અંદર જઈ રમેશની માએ તેના માટે ખાસ તૈયાર કરેલ ' અડદિયા ' ઉપાડવાના હતા !

બાર બજ્યે હલ્લો શરૂ થયો. રહેમાનખાં ચાલ્યો ગયો કે તરત જ ચોરની બૂમ પડી. સૌ છોકરા બહાર આવ્યા. ને રમેશ પણ બહાર આવ્યો. એક બાજુથી રહેમાનખાં દોડતો આવ્યો. પ્રોફે. કૃષ્ણલાલ વિદ્યાર્થીઓને કાંઈ હરકત ન થાય માટે પટાવાળા સાથે આવતા હતા. અમીચંદે રમેશની ઓરડીમાંથી અડદિયાનો ડબ્બો ઉઠાવ્યો ને તે સાથે જ રમેશની માએ મોકલાવેલી એક મખમલની નાની પેટી હાથ લાગી. તે પાસે જ પડી હતી. તે પણ ઉઠાવી લીધી !

ચોર વિષે બહુ તપાસ થઈ. વિદ્યાર્થીઓને સૂચના અપાણી ને સૌ પોતપોતાની રૂમમાં ગયા !

રમેશે આ બનાવ બન્યા પછી ઓરડી ફેરવવાનો નિશ્ચય કર્યો. તેણે સવારમાં જોયું તો અડદિયાનો ડબ્બો ને તેની માએ મોકલાવેલી પેટી ન હતી. મખમલની પેટીમાં એની માનું એરિંગ હતું. રમેશને લાગ્યું કે કોઈ ચોર નથી આવ્યો પણ સૌએ મશ્કરી કરી છે. મારી માનું એરિંગ જાય એ મારા ઘરની આબરૂ જાય છે એ વિચારે રમેશને મૂંજાવ્યો. તેણે પોતાનો સૌથી સારો વેષ પહેર્યો. આ પહેલાં તે કદી વિદ્યાર્થીઓની ઓરડીમાં ગયો ન હતો. તે સીધો

અમીચંદની ઓરડીમાં ગયો. ઓરડીમાં મશ્કરી ચાલતી હતી, રામપ્રસાદે ટીકા કરી: 'બેવકૂફ નહિ ? કોઈ ઓરડીમાં એરિંગ રાખે ?'

'અરે તુંબડું છે'! અમીચંદે કહ્યું.

'ગામડાનું ભૂત !' નવરંગલાલે પોતાની બાબરીના વાળ સમારતાં કહ્યું: 'કેવો જંગલી જેવો ટકો દેખાય છે ! અને એમાં પાછું હિંદી મહાસાગર જેવડું કપાળ ! વચ્ચે સીલોનના જેવું ટીલું !'

સૌ ખડખડાટ હસી પડયા. તે જ વખતે રમેશે પ્રવેશ કર્યો.

'મારુ એરિંગ આપો છો ?' એણે અરધું ગુસ્સામાં અને અરધું ભાનમાં કહ્યું.

'તમે કોને કહો છો ?'

'આખી સોનેરી ટોળીને.'

'સોનેરી ટોળી ?' અમીચંદે જવાબ આપ્યો. 'વિચારીને બોલવું હો !'

રમેશ ક્રોધથી તેમના પર કૂદી પડત પણ એટલામાં સૌએ એને જ દૂર ખેંચ્યો. અમીચંદે અભિમાનમાં જ જવાબ આપ્યો: 'તારૂં એક શું પણ દસ એરિંગ લઈ લે !' એણે સો રૂપિયાની નોટ રમેશના પગ આગળ ફેંકી. અમીચંદ એટલામાં સૌનો સરદાર હતો. અમીચંદ માટે નાટકની ટીકીટ ખરીદનાર ચાર પાંચ જણ હોય જ ! અમીચંદ સાથે એ ચાર પાંચ જણી સખત ખરા. અમીચંદનો નાસ્તો દૂરની ઓરડીમાંથી પણ વિદ્યાર્થીઓને ખેંચી લાવતો. એની

શ્રીમંતાઈમાં ઉપકાર કરતાં અભિમાન વધારે હતું. અને એવો શ્રીમંત સમાજમાં સેવા કરતાં સત્તાનો શોખ વધારે રાખે છે.

રમેશે એની સો રૂપિયાની નોટ ઠેબે ઉડાડી મૂકી. પાછો ફર્યો પણ તેને ક્રોધ ને દુઃખ બે સતાવી રહ્યાં હતાં. આ વખતે તે સ્કોલરશીપ મેળવી શકયો ન હતો. એનું માથું હમેશાં દુઃખતું. અને પોતાના દરેક કાર્યમાં માતાને કેટલું કામ વધારે કરવું પડશે એ ભયંકર ખ્યાલ હાજર રહેતો. રમેશ રૂમમાં પહોંચ્યા પછી તેનું ક્રોધને લીધે ભાન ગયું.

અમીચંદ રમેશની ઓરડી પાસેથી નીકળ્યો ત્યારે રમેશને અચેત પડેલો જોયો. તે એકદમ દોડયો. એરિંગ લાવ્યો. ને બહુ માયાળુભાવથી દિલગીરીભર્યા અવાજે બોલ્યો:

'રમેશ આ તમારૂં એરિંગ !'

રમેશને ભાન ન હતું.

હવે સૌ મૂંઝાયા. ડૉ. પાંડુરંગ પાસે રહેતો. તેને બોલાવ્યો. પાંડુરંગે તદ્દન આરામની જરૂર જણાવી. રમેશ ધીમે ધીમે ભાનમાં આવ્યો. તે દરમ્યાન રમેશનું સરનામું જાણવા, અમીચંદે કાગળ ખોલાયે. ને તેમાંથી એક હસતી સુંદર સ્ત્રીની છબી નીકળી. અમીચંદ તે તરફ જોઈ રહ્યો. કાંઈ અનુમાન બાંધે તે પહેલાં રમેશના અક્ષરપર દૃષ્ટિ પડી. છબી નીચે લખ્યું હતું:

'મારી માઃ ઉમ્મર સત્તરવર્ષ: ૨૮:૯. . .' અમીચંદનું સજળ નયન રમેશ તરફ ફર્યું. આ કોલેજમાં એક વિદ્યાર્થી આવો પણ છે !

સ્નેહલતાને કાગળ ને તાર મોકલ્યા. તે જલ્દીથી આવી. એના કાનમાં એવું બીજું એરિંગ જ લટકતું હતું. પોતાની મહેનતના તમામ પૈસા લઈ તે આવી.

રમેશને ઠીક થયું. સ્નેહલતા પાછી ગઈ. પણ પાછું તેણે વાંચવાનું શરૂ કર્યું. સ્કોલરશીપ વિના તે કેમ નભે? કેમ આગળ વધે? બીજે દિવસથી જ પાછો સખ્ત તાવ આવ્યો. ડૉ. પાંડુરંગે હવે આશા છોડી, ને સ્નેહલતાને બોલાવી. સ્નેહલતા આવ્યા પછી થોડા જ કલાકે રમેશની આંખ હમેશને માટે બંધ થઈ ગઈ.

સ્નેહલતાનું રૂદન જોઈ અમીચંદ રોયો, નવરંગ રોયો, રહેમાન પણ રોઈ પડયો. પરંતુ અફસોસ! બધાના રૂદન વચ્ચે રમેશનું ફિકકું મુખ હસતું હતું. જાણે હમણાં જ બોલશે, પણ રમેશ બોલે તેમ ન હતો.

સ્નેહલતા ભારે પગલે ઘર ભણી પાછી ફરી. અમીચંદ અને નવરંગ સ્ટેશન સુધી મૂકવા ગયા. બોલ્યા નહિ પણ રોઈ પડયા. એમના હૃદયમાં ભાર હતો. અને તે ખાલી થાય તેમ ન હતું. સ્નેહલતા શાંત ઘરે આવી. હવે તેનામાં નિરાશાભરી હિમ્મત હતી. ઉમેશના મૃત્યુસમયે જે કરજ રહ્યું હતું તે વાળવાની તેનામાં શક્તિ ન હતી. સ્નેહલતાનું કરજ વધ્યું હતું. તે આવ્યા પછી બીજે જ દિવસે ગોપાલદાસ શેઠ ખરખરે આવ્યા હતા. ને ત્યારે જ કહી દીધું હતું કે સ્નેહલતા માટે પાસે જ એક સારૂં ઘર ભાડે મળે તેમ હતું!

સ્નેહલતાએ ઘર ખાલી કરવાની તૈયારી કરી ને રાતે રમેશની અભ્યાસની ઓરડીમાં ગઈ. એક તૂટેલું ટેબલ પડયું

હતું. એક ખુણામાં ચોપાનિયાંની ફાઈલ પર ધૂળ ચડી હતી. પાસે નાનો હતો ત્યારનું રમેશનું વાજું પણ કોણ જાણે કેમ રહી ગયું હતું. 'કરણઘેલા'નાં ફાટેલાં પાનાં ઉડતાં હતાં ને રમેશની 'Sixth Reader' રમેશના અક્ષર સહિત પડી હતી. અરે! આ નિર્માલ્ય વસ્તુઓમાં અત્યારે દ્રવ્ય હતું. સ્નેહલતાએ આ બધું એકઠું કર્યું! સાથે સાથે રમેશનું કોલેજનું પોટકું પણ ત્યાં હતું. તે ખોલતાં રમેશની છબી અને સ્નેહલતાની છબી નીકળી. નીચે રમેશના અક્ષર હતા. સ્નેહલતા પોતાનાં પ્યારાં વેલી, ફળી અને ઘર કાલે છોડવાની હતી. આજે એ ભારે ખમ હૃદયે ઘડીભર રમેશના રૂમમાં બેઠી. બહાર વરસાદ હતો, રમેશની બેઠકની બારીના સળિયામાંથી એક વેલી ડોકિયાં કાઢતી હતી.

સ્નેહલતા એ તરફ જોઈ રહી.

વેલી નીચે ફૂલ તોડતું કોણ ઉભું છે? કવો રમેશ જેવો ચહેરો!

'રમેશ!'

કોઇ બોલ્યું નહિ.

વરસાદ વરસતો રહી ગયો હતો ને આછાં વાદળામાંથી ચંદ્રની ઝાંખી રોશની દરેક ચીજને સ્પષ્ટ અસ્પષ્ટ દેખાડી વધારે ભવ્ય બનાવતી હતી.

'રમેશ!'

કોણ સાંભળે?

સ્નેહલતાને એકદમ સાંભર્યું. એ બધું ભૂલી જ ગઇ. વરસાદમાં રમેશ ભીંજાતો હશે!

તે એકદમ બારી તરફ દોડી. બહાર દોડી.

રમેશ ત્યાં હતો નહિ. એણે બૂમ પાડીઃ 'રમેશ! બેટા!' એના જ સ્વર પાછા ફર્યા.

બીજે દિવસે બારી નીચેથી જ એક કાગળ મળ્યો. એ જ કાગળ જેમાં ઉમેશના હસ્તાક્ષરમાં ખાતું હતું ને તે પ્રમાણે ઘર પર લેણું થવાને બદલે ગોપાળદાસ પાસે લેણી રકમ નીકળતી હતી. પાસે સ્નેહલતાનું એરિંગ પડયું હતું! રમેશે એક દિવસે વાત વાતમાં એને કહ્યું ન હતું? 'બા! એ કાગળ હું ગોતીશ હો!'

*

બીજે દિવસે કોઇકે કહ્યું કે રાતે દસ વાગે કોઈ ઘોડાગાડીમાંથી ઉતરી રમેશનું ઘર પૂછતું હતું.

સ્નેહલતાએ કરૂણતાભરી આશામાં કહ્યું: 'એ જ મારો રમેશ!, એણે જ કાગળ આપ્યો!'

ગોપાળદાસે અવિશ્વાસભરી રીતે કહ્યું: 'હશે!'

જૂની પિછાન

શંકરપ્રસાદે જ્યારે પોતાના બાલમિત્ર રમાકાન્તને મૃત્યુ શય્યા પર જોયો, ત્યારે તે રડી પડ્યો. એક વખત કોલેજમાં બન્ને સાથે ભણ્યા હતા. છેલ્લી 'બેંચ' પર એક જરાક દેખાવડો છોકરો બેસતો તેને સૌ 'માલતી' કહેતા. તે નામને ત્યાં અમર રહે તેવી રીતે કોતરનાર શંકરપ્રસાદ હતો. આજે એ ઘટનાના સાક્ષી પોતાના આજન્મ મિત્રનો છેલ્લો મેળાપ થઈ ચૂક્યો. તેની વિધવા કુસુમ અને નાનો પુત્ર સતીશ તદ્દન નિરાધાર થઈ પડ્યાં! કુસુમને ત્યાં હવે દાસીની જરૂર ન હતી. અને તેથી તેની કામ કરવાવાળી પન્નાને શંકરપ્રસાદે રાખી લીધી. કુસુમ તથા સતીશને ધીરજ આપી શંકરપ્રસાદ ઘેર આવ્યો.

સતીશની ઉમ્મર ત્રણ વર્ષની હશે. ત્રણ વર્ષનું બાળક એટલે શંકાનો ખજાનોઃ પ્રશ્નોની પરંપરા. કેવા સુંદર પ્રશ્નો! નાના બાળકની આ અર્થ વિનાની શંકામાં જેટલું રસાયન છે, તેટલું સમ્રાટના મહાન ધનવન્તરી પાસે નહિ હોય.

સતીશ અને કુસુમ પોતાના ઘરમાં આ શંકા કરવાનું અને એની સમાધાની કરવાનું જીવન ગાળતાં હતાં.

કુસુમ અને સતીશ સિવાય ઘરમાં કોઇ ન હતું. સાધારણ રીતે શંકરપ્રસાદ ત્યાં વારંવાર આવતો. અને રમાકાન્તનો બાળમિત્ર હોવાથી, કુસુમને તેના પર વિશ્વાસ હતો. કુસુમને સગામાં માત્ર શંકરપ્રસાદ જ ગણાય. તેણે તેની ઘણીખરી મિલકત પણ શંકરપ્રસાદને સોંપી હતી.

રમાકાન્તના મૃત્યુ પછી થોડા સમયમાં કુસુમ પણ મૃત્યુ પામી. હવે સતીશ એકલો રહ્યો. શંકરપ્રસાદે તેને રક્ષણમાં લીધો. નાનો સતીશ પન્નાનો જૂનો મિત્ર હતો. એ હવે આ નવા ઘરમાં તેની સાથે વધારે રહેવા લાગ્યો. શ્રાદ્ધની તિથિએ જ્યારે કુસુમનું નામ, સૌએ સંભાર્યું ત્યારે સતીશને લાગ્યું કે કુસુમ જરૂર આવે છે, પણ કુસુમને બદલે માત્ર એક બે કાગડા જ ખોરડા પર આવ્યા હતા. સતીશને પન્નાએ સમજાવ્યું કે કુસુમ હવે 'પોર' આવશે. એ ઉપરથી તે પણ હવે વારંવાર બોલતો કે 'બા પોર આવશે!'

શંકરપ્રસાદને પણ છોકરાં હતાં. પહેલાં તો નવો સતીશ સૌને રમત રૂપ થઈ પડયો. ધીમે ધીમે પન્નાનો પક્ષપાત સૌને ખૂંચવા લાગ્યો. શંકરપ્રસાદની સ્ત્રી વારંવાર તેને ઠપકો આપતીઃ 'એવું બધું શું? છોકરું છે તે રૂએ. કાંઈ સોનાના આંસુ ખરે છે?'

પન્ના બધું સમજતી ને સહન કરતી. પછી તો તે સતીશને એકાંતમાં વહાલ કરતી; ને સતીશ આ બધી

ખટપટથી અજાણ્યો હોવાથી, પન્ના કામ કરતી હોય ત્યારે બાલની લટ ખેંચી દૂર ઉભો રહી હસતો ! એની થાળી ઉપાડી લેતો ! એને કાંકરે મારતો ! આવી રમતથી સતીશ પન્નાને ખીજવતો હતો. પણ એ ખોટી ખીજથી પન્ના સતીશની વધારે ને વધારે સાચી 'મા' બનતી હતી.

રમાકાન્તના મૃત્યુ પછી લોકવાયકાના ભયથી શંકરપ્રસાદ સતીશને ઘેર લાવ્યા હતા પણ હવે સતીશનો બોજો પડવા લાગ્યો. સતીશનાં કપડાંઃ સતીશનો નાસ્તોઃ એની ગાડીઃ અને એવી એવી હજાર ચીજમાં પોતાનો પૈસો ખેંચાય છે એમ શંકરપ્રસાદને લાગ્યા કરતું. પોતાના છોકરા માટે કાંઇક ખરીદે ત્યારે સતીશ માટે પણ લેવું પડે. એ વાત તેને નિરંતર ખટકયા કરતી.

એટલામાં સતીશને ભયંકર બીમારી થઇ આવી. પન્ના સિવાય સૌ આશા મૂકી બેઠાં, ને અરધા શોકમાં અરધા આનંદમાં, અરધા વિવેકમાં સારવાર કરવા લાગ્યા. પરંતુ બધી મહેનત પાણીમાં જતી હતી. પન્નાએ છેવટે શંકરપ્રસાદને સૂચના કરવાની હિમ્મત કરી.

'સાહેબ ! મોટા ડૉકટરને બોલાવીએ તો ?'

ગામના પણ બે ચાર માણસો બેઠા હતા. શંકરપ્રસાદે કચવાતે મને કહ્યુઃ 'બાપુ ! બધા આયુષ્યના ઉપાય છે. ડૉકટર પણ શુ કરે !'

'એટલું જ કે આપણને સંતોષ રહે કે બધા ઉપાય કર્યા !'

'હા એ ઠીક છે.'

બધાના ગયા પછી શંકરપ્રસાદે પન્નાને ધમકાવી: ‘તને એકને જ લાગે છે અને બીજા શું પથ્થર હશે ? ડૉકટરની ફી પચાસ રૂપિઆ કયા ઝાડમાંથી ખરવાની છે ?’

પન્નાએ પોતાનાં બે એરિંગ આપ્યાં: સાહેબ આટલું મારી પાસે છે. ભલા ખરચ કરતાં બચે તો પૈસો તો મળી રહેશે.

શંકરપ્રસાદ સ્તબ્ધ ઉભો રહ્યો: પણ હવે ઉપાય ન હતો. તે મોટા ડૉકટરને તેડી લાવ્યો, ને ત્યાર પછી સતીશને આરામ થવા લાગ્યો. પન્નાને એરિંગ જવાથી ઉંડો સંતોષ થયો.

શંકરપ્રસાદે થોડા દિવસ પછી પન્નાને એરિંગ પાછાં આપ્યાં, અને આપતાં કહ્યું: ‘જો પન્ના ! અમને સતીશ ઓછો વહાલો નથી, પણ ખરચ હમેશાં જોઇતું કરાય. હજી એને ભણાવવો વરાવવો એ બધું ખર્ચ થોડું છે ? ને તું જાણે છે કે રમાકાંતનો હાથ છૂટો હતો, કાંઈ બચાવી શક્યા ન હતા.’

પન્નાને છેલ્લા શબ્દોમાં કાંઇક ઉંડો ભાવ જણાયો પણ તે કાંઇ બોલી નહિ.

એક દિવસ પન્ના બહારગામ ગઇ હતી. રાત્રે એ પાછી ફરી હતી, ને પાછળને બારણેથી સતીશના ઓરડામાં આવી ગઇ હતી, એ વિષે સૌ અજાણ હતાં. એટલે ઘરમાં કાંઇક મોટેથી વાતચીત ચાલી રહી હતી, તે પન્ના સાંભળી રહી.

‘એવું ખોટું ખર્ચ પોસાય ? શંકરપ્રસાદનો સ્વર આવ્યો.

'એમાં શું ? એનું છે ને એ ભલે વાપરે.' બીજો સ્વર પન્નાએ ઓળખ્યો. શંકપ્રસાદની પત્નીનો હતો.

'તને ભાન છે ? આ તારાં છોકરાં ક્યાં નાખીશ ?'

શંકરપ્રસાદની સ્ત્રીએ જવાબ આપ્યો નહિ.

શંકરપ્રસાદ બોલતો લાગ્યો: 'અને કુસુમે કેટલુંક આપ્યું છે ? થોડાક દાગીના અને રોકડ છે. સતીશને ભણાવવામાં બધું ચાલ્યું જશે. એ વાત સંભારવામાં પણ લાભ નથી. જગત ઉપકાર કર્યો ન જાણે, નુકસાન કર્યું ગણે.'

ઓરડામાં પાછી શાંતિ પ્રસરી ગઇ. રસોડામાં બિલાડીનો ખખડાટ સાંભળતાં શંકરપ્રસાદની સ્ત્રી ત્યાં ગઈ, ને પછી ઘરમાં તદ્દન શાંતિ પ્રસરી.

પન્ના હવે ચિંતામાં પડી કે સતીશનો હક્ક શી રીતે સચવાય. તે કાંઈ ન જાણતી હોય ને શંકરપ્રસાદનો ઉપકાર માનતી હોય તેમ સતીશની સંભાળમાં શંકરપ્રસાદના કહેવા પ્રમાણે કરવા લાગી. એક વખત શંકરપ્રસાદને બે ચાર દિવસને માટે પરગામ જવાનું હતું. શંકરપ્રસાદને સ્ટેશને સામાન સહિત પહોંચાડવા પન્ના ગઈ. પાછા ફરતાં પન્નાના હાથમાં શંકરપ્રસાદે કુંચીનો ઝૂમખો ફેંક્યો. તે ઉતાવળમાં ને ભૂલમાં ઝૂમખો સાથે લાવ્યો હતો, ને બે ચાર દિવસની રોકાણ હોવાથી, ઝૂમખો પાછો મોકલી દીધો.

સતીશના સુવાના ઓરડા પાસે શંકરપ્રસાદનું દિવાનખાનું હતું. પન્નાએ તે રાતે દિવાનખાનામાં પ્રવેશ કર્યો, ને એક ચાવીથી ટેબલનું ખાનું ખોલ્યું. પન્નાને કાંઈ મળે તેમ આશા ન હતી, પરંતુ અકસ્માત શંકરપ્રસાદને જે મિલકત

કુસુમે સોંપી હતી તેની યાદી નીકળી. નીચે શંકરપ્રસાદની સહી હતી. પન્નાએ ધીમેથી એ એક જ કાગળ લઈ બીજું બધું વ્યવસ્થિત કરી દીધું. બીજી સવારે શંકરપ્રસાદની પત્નીએ કહ્યું: 'પન્ના ! ભૂલ થઈ. ચાવી સાથે લઈ ગયા; આજે હવે શાકના પૈસા નથી.'

'અરે હા હા,' પન્નાએ સાંભર્યું હોય તેવો દેખાવ કર્યો, 'હું પણ કેવી ભૂલકણી છું ! કુંચીનો ઝૂમખો મારા કબજામાં છે ! સ્ટેશને સાહેબે આપ્યો હતો ! એ વાત ભૂલાઈ ગઈ.'

સતીશનો અભ્યાસક્રમ આગળ ચાલતો ગયો. શંકર-પ્રસાદ ઘણી વખત કહેતો કે હવે સતીશનો ભાર અસહ્ય થાય છે. મેટ્રિક પછી સતીશને એકદમ ઉઠાડી લેવાના નિશ્ચય પર તે આવ્યો.

પન્નાએ કહ્યું: 'હવે બે વર્ષ વધારે અભ્યાસ કરે તો શું ?'

'કેમ પન્ના ! હવે તારામાંથી અક્કલ ચાલી ગઈ છે કે શું ? બે વર્ષનું ખર્ચ કોણ આપશે ?'

સતીશ આ સાંભળતો હતો. તે બોલ્યો: 'નહિ નહિ પન્ના ! હવે વધારે વખત મારે દાદાના પર બોજો નાંખવો ન ઘટે !'

'અને સતીશ ! વધારે અભ્યાસની આજ શી કિમ્મત છે ?'

પન્નાએ ધીમેથી પૂછ્યું: 'ત્યારે વિનોદકાન્ત આગળ વધશે ?' વિનોદ શંકરપ્રસાદનો દીકરો હતો. તે આ વખતે જ મેટ્રિકમાં પસાર થયો હતો.

શંકરપ્રસાદે કાંઈ જવાબ આપ્યો નહિ. સતીશ ભીની આંખે પન્ના તરફ જોઈ રહ્યો.

સાહેબ ! પન્નાએ બોલવું શરૂ કર્યું. 'આપ. ભડકતા નહિ. કુસુમબાને આપે જે મિલકતની પહોંચ આપેલી તે વકીલ જગમોહનને ત્યાં છે ! આપનું લુણ ખાધું છે. માટે આપ વિરૂદ્ધ કાંઈ ન થાય તો સારૂં.'

શંકરપ્રસાદ હતો ત્યાં સ્થિર થઈ ગયો. પન્ના આ શું બોલે છે ? તે ઘડીભર બોલ્યો નહિ.

'શંકરપ્રસાદ !' બહારથી જગમોહનનો સ્વર આવ્યો. જગમોહન પણ રમાકાંતનો મિત્ર હતો, પરંતુ શંકરપ્રસાદ વધારે ગાઢ મિત્ર હતો, તેમજ કુસુમને શંકરપ્રસાદ પર વધારે વિશ્વાસ હોવાથી, મિલકત બધી એને સોંપી હતી. પન્નાએ જગમોહનને ચેતવ્યો હતો, ને ને વખતસર આવી પહોંચ્યો હતો.

શંકરપ્રસાદની બધી કીર્તિ આજે ધૂળ મળી ગઈ હતી. તે જગમોહનને મળવા બહાર આવ્યો. જગમોહને ધીમેથી કહ્યું: 'હવે તમારાથી ખર્ચ ન થઈ શકતું હોય તો તમે ઘણું કર્યું છે. સતીશ ભલે એનો સ્વતંત્ર માલીક બને. શંકરપ્રસાદને તરત જ કબુલ કરવું પડયું.

સતીશ હવે પોતાના જૂના મકાનમાં રહેવા આવ્યો હતો. એની વિશ્વાસુ મા પન્ના સાથે હતી. ત્યાર પછી સતીશ એક સુંદર કુમારિકા સાથે સ્નેહથી જોડાયો. થોડા દિવસ બધું ઠીક ચાલ્યું. પણ ધીમે ધીમે મૃણાલિનીને પન્નાની હાજરી ખૂંચવા લાગી. પન્નાની ઢબ કેવી જૂની હતી ! અને મૃણાલિનીની સખીઓ બેસવા આવે ત્યારે પન્ના, જાણે મૃણાલિની પાળેલું પ્રાણી હોય તેમ, માથે હાથ ફેરવ્યા

કરે ! મોં જોયા કરે ! ને વારંવાર પેલું જૂની ઢબનું વાક્ય: ‘મારા સતીશની વહુ,’ બોલ્યા કરે. પૂનમની ચાંદનીના રાસમાં પણ પન્ના જૂના રાગ શોધે ! જૂની આંખને હમેશાં નવાં ચશ્માં ઠીક ન પડે. સતીશ સાંજે ઓફિસમાંથી આવે ત્યારે પન્ના વિષે એક બે ફરિયાદ રજુ થાય જ ! આજે મારી વાંકી સેંથી ભૂંસાડી, કે મારૂં મોઢું બે વખત જોયું !

પન્ના વૃદ્ધ થઈ હતી. એણે વિશ્વાસ અને સ્નેહનું બી સતીશમાં રોપ્યું હતું. એ પોતાના ઉલ્લાસમાં મૃણાલિનીને વહાલ કરતી. મૃણાલિનીને આ ગમતું નહિ એટલે હમેશાં એકાદ વાંધો હોય જ !

સતીશે પન્ના માટે એકાદ અલાયદો ઓરડો ભાડે લઈ દીધો. ત્યાં તે હમેશાં બે વખત જતો. વૃદ્ધ પન્ના પોતાની અનંત માળા ત્યાં ફેરવતી. તેના શરીરમાં હજી જોર હતું: આંખમાં તેજ હતું; પણ એને હવે ઉપાધિ પસંદ ન હતી. છતાં સતીશનું ફળી હમેશાં વાળતી, ને સવારમાં પાંચ ન થાય ત્યાં ફળી વાળવા માટે ખડકીએ આવીને મૃણાલિનીને સાદ કરતી હોય !

એક વખત મૃણાલિની રડી પડી. સ્ત્રીઓનું અજીત હથિયાર રૂદન. સતીશે તેને શાંત પાડી: ‘ જો એના વડે આ વૈભવ છે. ’ મૃણાલિનીએ કહ્યું: ‘ એ ગમે તેમ, પણ મારા અધિકારમાં એ વચ્ચે નહિ. સતીશે લાચારીએ કહ્યું. ‘ભલે’

મૃણાલિની કાંઈ કેડો મૂકે તેવી ન હતી, એણે તો પન્નાનો ધીમે ધીમે હક્ક કાઢવા માંડ્યો. સતીશે કહ્યું: ‘ મા ! પાંચ વાગે તમે શું કરવા . . . હેરાન થાઓ છો ? ’

પન્ના મનમાં ઘૂંટડો ઉતારી ગઈ હોય તેમ બોલી: ‘સારૂં બેટા. હવેથી નહીં આવું.’

એક વખત પન્ના ત્યાં આવી હતી. સતીશ બહારથી આવ્યો. મૃણાલિની અરધી ગુસ્સામાં ને અરધી શોકમાં બારણામાં જ ઉભી હતી. સતીશને જોતાં તેણે કહ્યું: ‘પન્ના છતાં આપણે એક માણસ તો રાખવું પડે છે.’ સતીશે કહ્યું; ‘હા એનું શું ?’

‘એનું શું ? આજે સૌ બાગમાં ગયાં: નવરંગની વહુ ને હું ને મેમ સાહેબ. પન્નાને સાથે લીધેલ. સૌ નાસ્તો કરવાં બેઠાં એટલે મેમ સાહેબના કુતરાને પન્ના લાકડી લઈ હાંકવા મંડી ! આમાંથી કોઈક દિવસ ભયંકર નુકસાન થશે.’

સતીશને વાત સાચી લાગી. મેમ સાહેબનો કુતરો એટલે શું ? એણે પન્નાને કહ્યું, ‘મા તમારે હવે આ લોકો સાથે બહુ ભળવું નહિ.’

પન્નાએ ધીમેથી કહ્યું: ‘સારુ બેટા.’

બીજે દિવસે પન્નાએ સતીશને બોલાવી હાથ ફેરવ્યો: ‘બેટા સુખી રહેજે.’ સતીશ સમજ્યો, કે કાલે માને કીધું એટલે આજે હવે ન ભળવાનો નિશ્ચય કરે છે. સાંજે સતીશ આવ્યો ત્યારે પન્ના હતી નહિ. હજારો માણસોમાં એ ગુમ થઈ ગઈ. એને ગામ સતીશે પૈસા લઈ માણસ મોકલ્યો. તે પૈસા લઈ પાછો આવ્યો. પન્ના ત્યાં પણ હતી નહિ.

૧૯૨૧ – ૨૨

ત્યાગની દીક્ષા

મ્યુનિસિપાલિટીના ફાનસના અજવાળામાં એક વૃદ્ધ થાકેલો માણસ રંગમતીનો પુલ ઓળંગી રહ્યો હતો. તે વારંવાર પોતાની ડાંગ જમીનપર ટકાવી લાંબી દ્રષ્ટિથી સામે આવેલા ગામ તરફ જોતો હતો. ને અંધારામાં અહીં-તહીં છૂટાછવાયા પ્રકાશના થોડાક દીવાઓ પર એનું લક્ષ્ય ચોંટ્યું હતું.

અંતે તે પુલ ઓળંગી રહ્યો. હવે સામેનું ગામ અને રસ્તો સ્પષ્ટ દેખાતાં હતાં. એના મજબૂત પણ વૃદ્ધ શરીરને થાક જણાતો હતો. બે દિવસનો અપવાસ હતો અને આજે ડોસાને નહિ જેવું જ ખાવાનુ મળ્યું હતું; સામે એક માણસ મળ્યો. ડોસાએ જૂનો સ્વભાવ પડયો હોય તેમ સહજ જ ડાંગ સમારી. પાસેથી જનાર બોલ્યા વિના જ ચાલ્યો ગયો. ડોસાએ હાકલ પાડી.

'ભાઈ આ સામેનું ગામ રંગપુર કે ?'

'હા.' ટૂંકો જ જવાબ મળ્યો.

'ગામમાં વીશી છે ?'

'આ રસ્તા પર જ જમણે હાથે પહેલું મકાન. તમારું નામ ઝંડૂર કે ?'

ડોસો ચમક્યો. રંગપુરને પોતે ઓળખે તે પહેલાં રંગપુરમાં એને જાણનાર પડ્યા હતા, તે વરૂના જેવી ત્વરાથી પાછો ફર્યો.

'હા. અને તમારું નામ ?'

ડોસાની નજર આગળ માત્ર ગાઢો અંધકાર હતો. ને બોલનાર જવાબ આપ્યા વિના એકદમ દોડી ગયો હતો. તેના સ્વર કે પગરવની કાંઈ નિશાની ન હતી.

ઝંડૂર આગળ વધ્યો.

ધીમે ધીમે ગામનો કોલાહલ વધારે સ્પષ્ટ થતો ગયો. રસ્તાને છેડે બરાબર જમણા હાથ પર બે માળનું એક મકાન હતું. એના દરવાજામાંથી ફાનસનો આછો ઉજાસ રસ્તા પર પડતો હતો.

ઝંડૂર એ તરફ વળ્યો.

'આ વીશી છે ?' તેણે પૂછ્યું.

'હા.' અંદરથી એક વૃદ્ધ ડોશીએ જવાબ આપ્યો. ને એ જવાબની પાછળ તરત જ શિકારીના જેવી ઝડપથી વીશીનો માલીક દરવાજામાં દેખાયોઃ એની ચકોર અને લુચ્ચી આંખો ફાનસના અજવાળાથી વધારે ચંચળ થતી લાગી. ઝંડૂરનો જૂનો મોટો અનેક વિધ થીગડાંવાળો ભૂરો પીળો કોટ, તૂટેલ ને ધૂળભર્યાં જોડા, ને દસબાર વિચિત્ર રંગના થીગડાંની ટૂંકી ટોપી તરફ તે જોઈ રહ્યો. એના ચહેરા પર ધંધાદારીની નિરાશા આવી. તે મનમાં જ બોલી ઉઠ્યોઃ 'રંગપુરના નવા મહેમાન !'

'આંહીં રોટલાનો ટૂકડો ને પથારીનો કકડો મળશે?' ઝંડૂરે નિરાશ મનોભાવના દર્શાવી.

'હા. સુવાનું આંહીં'–એમ કહી વીશીવાળાએ દરવાજા બહાર તૂટેલ ઓટલો દેખાડયો.

'અને બાર આના પડશે!'

ઝંડૂરે આકાશ સામે જોયું. દસ થઈ ગયા હતા. તેણે એક પ્યાલો કાઢયો: 'થોડુંક પાણી!'

વીશીના દરવાજામાંથી કર્કશ સ્વર આવ્યો: વીશીવાળાની સ્ત્રી અત્યાર સુધી શાંત ઉભી હતી, તેણે ઝંડૂર તથા પોતાના પતિની વચ્ચે થયેલી વાત સાંભળી. ને સ્ત્રીના કાંઈક લોભી સ્વભાવમાં ધંધાદારીની ખંધાઈ મળતાં, તેના સ્વરમાં લોભ ને ધિક્કાર સ્પષ્ટ દેખાતાં હતાં: તેણે જવાબ વાળ્યો. 'આંહી ધર્મશાળા નથી. ગામમાં બીજી ઘણીએ વીશી છે. આંહી અમારે જગ્યા પણ નથી.'

'કાંઈ સમજો છો કે નહિ?' પોતાના પતિ તરફ જોઈને તે બોલી: 'ઘરમાં એક રાતી પાઈ પણ નહિ રહેવા દીએ. ને તમારો કાકો હવે ખાશે પણ શું? બીજા વસિયાત આવતા અટકી જશે, જો આવા ને આવા થોડાક ચીનના સાહુકાર ઉતાર્યા તો!'

વીશીવાળો દબાઈ ગયો. તેણે ઝંડૂરને કહ્યું:

'ભાઈ! બીજે તપાસ કરો!'

ઝંડૂર પોતાની ડાંગ લઈ ચાલતો થયો. થોડે દૂર જ હોટેલ હતી. ઝંડૂર અંદર ગયો. ટેબલપર બેઆની ફેંકી, એક ખુરશી ખેંચી તે પર બેસી ગયો: હોટેલના છોકરાએ તેની સામે જોયું:

'ડબલકપ ચા !'

'આઘે એક ટેબલ પાસે બે ચાર જણા બેઠા ચા પીતા હતા. તેમણે ઝંડૂર સામે જોઈ અંદર અંદર ધીમેથી કાંઈક વાત કરી. હોટેલનો માલિક પાસે જ બેઠો હતો તેણે મોં પહોળું કરી વચ્ચે જ પૂછ્યું:

'હેં સાચું કહો છો ?'

'આ છુપી પોલીસના ઇન્સ્પેક્ટર રહ્યા: પૂછને ?'

ઈન્સપેક્ટરે પોતાની ખુરશી પરથી માથું ધૂણાવી હા પાડી. માલિક ઉઠયો. ઝંડૂર પાસે પહોંચ્યો:

'ચા તૈયાર નથી !'

ઝંડૂરે આશ્ચર્યમાં–ગ્લાનિમાં તેની સામે જોયું: 'હેં !'

'ચા નથી.' ટૂંકો જવાબ મળ્યો.

'થોડુંક પાણી ?'

'રસ્તાપર નળ હશે. આ ધર્મશાળા નથી.'

'હું–' ઝંડૂર અચકાતાં અચકાતાં બોલ્યો:

'હા. તમે સાહુકાર છો, અમારે ધંધાદારીને મન પૈસા આપનાર દરેક માણસ સાહુકાર છે. તમે પણ સાહુકાર છો અને મને ખબર છે કે હમણાં જ લાંબી મુસાફરીમાંથી ઘેર આવો છો !' હોટેલવાળાએ ઝંડૂરને આશ્ચર્યમાં ડૂબાડવાનો યત્ન કર્યો.

ઝંડૂરે શરમમાં નીચે માથું ઢાળ્યું. ને ક્રોધમાં ડાંગ સમારી તે ધીમેથી બોલ્યો: 'ત્યારે હજી હું પોલીસનાં સપાટામાં છું !' માલેક બબડતો ચાલ્યો ગયો, ઝંડૂરે લાંબી નજરે અંદર જોયું. એક જુવાન ખુરશીપર બેસી એની સામે જોઈ હસતો હતો. ઝંડૂરે કાંઈક યાદ કર્યું: ડાંગ સમારી:

અને રવાના થયો. તે મનમાં બોલ્યોઃ ‘ એ જ જુવાન ! રસ્તામાં પુલ પર મળ્યો હતો તે. તે આંહીંનો ઈન્સપેક્ટર લાગે છે ! ’

ઝંડૂર માનવજાતને શયતાન સમજી ત્યાંથી અળગો થયો. બીજી એક બે જગાએ ભમ્યો. પણ સૌએ તેને આશરો આપવાની ના પાડી. એની જીવનકથા ગામમાં ચર્ચાઈ ગઈ હતી. ને આવા ચોરી તથા ખૂનના અભ્યાસીને કોઈ સત્કાર કરવા ખુશી ન હતું. તે થાકેલો ભૂખ્યો ને તરસ્યો વસ્તીથી દૂર એકાંત પ્રદેશમાં આવ્યો. એનામાં હવે બોલવાની તાકાત પણ ન હતી.

ઝંડૂર શું કરવું એ વિચારમાં હતો. તે ઉભો હતો ત્યાંથી થોડે દૂર બે ચાર ઝૂંપડાં હોય તેમ લાગતું હતું. ઠંડી પડતી હતી, ને તાપણું કરી કોઈક બેઠું હોય તેવો આભાસ થતો હતો. ઝંડૂર તે તરફ ગયો. એક ડોશી તાપણું કરી તાપતી હતી. ઝંડૂરે છેલ્લો પાસો નાંખ્યો.

‘ બાઈ ! ત્રણ દિવસનો થાકેલો ભૂખ્યો તરસ્યો પરદેશી મુસાફર છું ! થોડુંક ખાવાનું ને પાણી મળશે ? ’

‘ ગામમાં વીશી છે ત્યાં કેમ ન ગયા ? ”

‘ વીશીવાળા કોઈએ ઉતરવા દીધો નથી. ’ ઝંડૂરે જવાબ વાળ્યોઃ ‘ કોઈ જગ્યાએ રાત નીકળે તેવું છે ? ઠંડી બહુ છે ને હું થાકેલો છું ! ’

‘ સામે બાવાજીનું મંદિર દેખાય ત્યાં જા. તને ત્યાં ચોક્કસ આશરો મળશે. ’

ઝંડૂર કાંઈ બોલ્યા વિના ચાલતો થયો. મધ્યરાત્રિ થઈ હતી. નદીપરથી આવતો ઠંડો પવન શરીરને ધ્રૂજાવી

રહ્યો હતો. ઝંડૂર એકાંત . . . પ્રદેશમાં એકલો આગળ વધ્યો. તે મંદિરની પાસે આવી પહોંચ્યો, ને ત્યાં તેણે જે જોયું તેથી ઘડીભર સ્તબ્ધ બની, મંદિરના બહારના દ્વારમાં જ ઉભો રહ્યો. અંદરના ભાગમાં એક વૃદ્ધ પણ સમર્થ બાવો મૃગચર્મપર બેઠો હતો: એની બે પાસ પિત્તળની બે મોટી દીવીમાં દીવા બળતા હતા. આસપાસ . . . અગરબત્તીનો સુગંધી પવન છૂટી રહ્યો હતો. ને એક નાંના દસ–બાર વર્ષના છોકરા સિવાય મંદિરમાં બીજું કોઈ હતું નહિ. એકાએક ઘંટારવ થવા લાગ્યા. પેલો છોકરો આરતી ઉતારવા લાગ્યો. બાવાજી કાંઈક બોલવા લાગ્યા, ને આવું ધાર્મિક વાતાવરણ આશરે અરધો કલાક ચાલ્યું. ઝંડૂરે ધીમેથી અંદર પ્રવેશ કર્યો: સામે જ બાવાજી બેઠો હતો. તેણે ઝડપથી એની સામે જોયું.

વિહ્વળ થયા વિના શાંતિથી પૂછ્યું:

'ભાઇ ! કેમ ?'

'મુસાફર છું !'

'આવો બેસો'–સ્વામીએ શાંતિથી એક આસન દેખાડ્યું. ઝંડૂર હતો ત્યાંથી ઉઠ્યો નહિ. એને આજ પહેલ વહેલું એટલું બધું માન મળ્યું હતું કે તેનામાં બોલવાની કે ચાલવાની તાકાત ન હતી.

'હું ભૂખ્યો છું: થાકેલો છું: રાત ગાળવી છે !' એણે છેવટે કહ્યું.

'આનંદ !' સ્વામીએ બૂમ પાડી. પેલો છોકરો દોડતો હાજર થયો.

'દૂધ ભાખરી આ ભાઈને આપ !'

ઝંડૂર અતિ આભારથી ગળગળો થઈ ગયો. પણ તે હિમ્મત કરી બોલ્યો:

'સ્વામી મા'રાજ ! હું ચોર છું. કેદમાં ચૌદવર્ષ ર આવ્યો છું, ને કાલે જ છૂટયો છું. મારા પર ખૂન આરોપ પણ હતો !'

સ્વામીએ ઝંડૂર સામે જોયું, એની દષ્ટિમાં એકલી મા ને દયા ઉભરાતાં હતાં. તેણે ધીમેથી કહ્યું: 'ફિકર નિ મને ખબર છે !' ઝંડૂર આશ્ચર્ય ચકિત થઈ જોઇ રહ્યો. માની શકે, માપી શકે, કે કલ્પના કરી શકે તેના કરતાં વધ ઉદારતા મનુષ્યમાં જોઈ એનું હૃદય પાણી પાણી થઈ જ હતું. તેણે મનમાં વિચાર્યું: 'આંહીં પણ પોલીસ ઈન્સપેક્ટ પહોંચી ગયેલ છે ! શયતાન !'

આનંદ દુધનું વાસણ ને ભાખરી લાવ્યો. ને ઝંડૂ પાસે ધર્યાં. ઝંડૂરે શંકામાં સ્વામી સામે જોયું. સ્વામી એટલીજ સમતાથી કહ્યું: 'ભાઈ ! ખાઇપીને શાંત થ એટલામાં આનંદ બિછાનું કરે છે !'

'બિછાનું !' ઝંડૂરથી આશ્ચર્યમાં શબ્દ નીકળી પડયે આજે ચૌદવર્ષે તે મનુષ્યની હાજરીમાં નિરાંતે ખાતો હતો ને બિછાનાનું નામ આજે જ તેણે સાંભળ્યું હતું.

તેટલીવારમાં આનંદે બિછાનું જમાવ્યું. પાસેના ખંડમ આનંદની અને ઝંડૂરની પથારીઓ થઈ. ને મંદિરમાં સ્વામ પોતે સૂતા. ઝંડૂર અતિશય ઉલ્લાસમાં પોતાની પથારીપ પડયો. ને થોડીવારમાં સઘળું નિઃશબ્દ થઈ ગયું.

રાતમાં આનંદ એકાએક જાગી ઉઠયો. તેણે નજ કરી તો ઝંડૂર પથારીમાં ન હતો. તે ગભરાટમાં ઉઠયો સ્વામીને જગાડયા :

'ગુરૂદેવ ! મુસાફર નથી.'

'મને ખબર છે !' સ્વામીએ શાંતિથી જવાબ વાળ્યો.

'પાછલું બારણું ઉઘાડું લાગે છે !'

'તે પાછલે બારણેથી ગયો લાગે છે. તું દ્વાર વાસી આવ.'

આનંદ જરાક ખિજાયા સરખો થઈ, દીવો લઈ, દ્વાર વાસવા ગયો, તે જ વખતે આગળના બારણા પર ટકોરો થયો.

'સ્વામીજી !'

'કેમ ?'

'પોલીસ ઇન્સપેક્ટર સાહેબ આવ્યા છે !'

આનંદે બારણું ખોલ્યું. દીવાના પ્રકાશમાં બે ત્રણ જણાનાં હથિયાર પ્રકાશી રહ્યાં. ઝંડૂર પાછળ ઉભો હતો.

'સ્વામી ! આ માણસે તમારા ઘરમાં ચોરી કરી છે ?' ઇન્સપેક્ટરે પૂછ્યું. 'એની પાસે રૂપાનાં પૂજાનાં વાસણ છે. કહે છે કે મને' . . .

'સ્વામીએ આપ્યાં;' સ્વામીએ વચ્ચે જ કહ્યું : 'અને તે સાચું છે !'

'ત્યારે એણે ચોરી કરી નથી ?' ઇન્સપેક્ટરે શિકાર હાથમાંથી જતો જોઇ ઘૂરકતાં કહ્યું.

'નહિ !' સ્વામીએ શાંતિથી કહ્યું.

'ચોક્કસ ?'

'હું ના પાડું છું એથી વધારે ચોક્કસ શું ?' ઝંડૂરની આંખમાં ઝળઝળિયાં ભરાયાં હતાં. એનો મૂળ સ્વભાવ એને છોડીને જતો હતો. તે એકલો સૂતો, ત્યારે જૂના સંસ્કારોને લીધે, રાતમાં જાગ્રત થતાં જ, આનંદે રાતે પૂજાનાં વાસણો

મૂક્યાં હતાં, તે તરફ નજર ગઇ ને ચોરી વસ્તુનો મોહ છોડે તે પહેલાં સ્વાભાવિક રીતે વાસણો એના ખિસ્સામાં આવી પડયાં. વાસણો સહિત એ નાસી છૂટયો. ને થોડેક દૂર ન ગયો ત્યાં હથિયારબંધ ત્રણ માણસોએ એને ઘેરી લીધો. એમાં એક પેલો જુવાન ઇન્સપેક્ટર હતો.

સ્વામીએ એને બચાવ્યો. પોલીસ ચાલ્યા ગયા. ઝંડૂરે જવા માટે પગ ઉપાડયો. એના ખભા પર સ્વામીનો માયાળુ હાથ પડયો. 'ભાઈ ! જાય છે ? આવજે હો. જ્યારે સૌ તિરસ્કારે ત્યારે આંહીંનાં બાર ખુલ્લાં છે !'

ઝંડૂર બોલ્યા વિના ચાલ્યો ગયો. એનામાં બોલવાની શક્તિ ન હતી. આખું હૃદય ઉપકારની લાગણીથી ભર્યું હતું. તે ચાલતો થયો. સ્વામીના છેલ્લા શબ્દો સંભળાયા : 'પ્રમાણિક થાજે હો.' પણ ઝંડૂર તો ઝપાટાબંધ આગળ વધતો હતો.



પંદર વીસ દિવસ પછી રંગપુરમાં એ જ સમયે ઝંડૂર રંગમતીનો પુલ ઓળંગી મંદિર તરફ જતો હતો. આજે એના જીવનની કથા જૂદી જ રીતે ઘડાયલી હતી, તે ધીમે ધીમે આગળ વધી ગયો. તે લોકની દરકાર કર્યા વિના, મંદિરને દ્વાર જઇ ઉભો. ઝંડૂરે પોતાના ઘરસુધી મુસાફરી કરી હતી, અને એનું એક જ છેલ્લું આકર્ષણ એની મા, એ કેદમાં હતો, ત્યારે જ ગુજરી ગઇ. હવે એનું કોઇ હતું નહિ. અને સ્વામીની માયા તથા દયા એના હૃદયમાં સોંસરી પેસી ગઇ હતી. તે સ્વામી પાસે જ આવતો હતો. દ્વાર તે દિવસનીપેઠે જ ખુલ્લાં હતાં. ઝંડૂરે અંદર પ્રવેશ કર્યો. ને તે આશ્ચર્યચકિત નયને સ્તબ્ધ ઉભો.

મંદિરના મધ્યમાં સ્વામી પથારીવશ પડયા હતા. ને આનંદ પાસે બેઠો બેઠો રડતો હતો. ઝંડૂર સ્વામીના પગ આગળ નમી પડયો : ' ગુરૂદેવ ! '

સ્વામીએ જરાક આંખ ખોલી સ્મિત કર્યું. આનંદ સામે જોયું. ઝંડૂર સમજી ગયો, એના મર્મભાગ ભેદાઇ રહ્યા હતા. તે મોટેથી બોલ્યો : ' ગુરૂદેવ ! હવે તમારી જગ્યાએ આનંદ સ્વામી અને હું એનો સેવક '

સ્વામીના મોં પર આછો ઉજાસ પ્રસરતો હતો. તેણે એક વખત દૃષ્ટિ ખોલી ! સૌ સાથે છેલ્લું હાસ્ય કરી લીધું.

બારના ટકોરા થયા.

સ્વામીએ આનંદ સામે જોયું. આનંદે શોકભર્યે ચહેરે પૂજા શરૂ કરી. સ્વામીમાં બળ આવ્યું લાગ્યું. તે બેઠા થયા–ને આનંદની આરતી સાથે ગાવા લાગ્યા. ઝંડૂર એમાં સ્વર પૂરાવતો હતો. અચાનક સ્વામી બેસી ગયા ને શંકરમૂર્તિ સામે એક દૃષ્ટિ કરી, ને ઝંડૂર કાંઈ પૂછે તે પહેલાં એનો અચેતન હાથ ઝંડૂરના માથા પર આશીર્વાદ આપતો પડયો. એ છેલ્લો પડયો.

ઝંડૂર–ખૂની ઝંડુર–અને ચોર, કેદખાનામાંથી માનવજાતનો શત્રુ થઇ બહાર આવ્યો હતો, તે માનવજાતનો સેવક બની રહ્યો. પરિવર્તનના છેલ્લા પગથાર પર એ ચડી ચૂકયો હતો.

૧૯૨૨

એક સાદી વાત

પોરબંદરમાં દરિયા કિનારે ફરવાનો મને ભારે શોખ હતો. જવાબદારી વિનાનાં કેટલાંક પર્યટન જીવનમાં કવિતા જેવાં બની વર્ષોનાં વર્ષો છાનાં રહે છે : ને પછી એની મીઠી યાદ ને મધુર દુઃખ આનંદમય ગ્લાનિ ને સુખમય વિલાપ આપે છે! આજે હવે એ વાતનું દૂર દૂર પણ સ્પષ્ટ દર્શન થાય છે. ઉનાળાના દિવસો હતા, ને બપોરની રજા મીઠી મધ જેવી લાગતી હતી. જે દરિયાના નીલા તરંગો મારા વર્ગનાં બધાં લેસનો વચ્ચે પણ હું નિરાંતે જોયા કરતો, ને એક કલાકની છૂટીમાં પણ ઘણી વખત પેલા શુભ્ર ફીણના ગોળા ને તેના ઉપર કોતરેલા સાત રંગો જોવા હું પહોંચી જતો, તે દરિયો આવી રજાઓમાં તો મારો દોસ્ત બની રહેતો. બસ, સવારથી સાંજ સુધી દરિયા કિનારે ફર્યા કરવું, એ એક જાતનો તરંગ હતો! ને ત્યારે તરંગ એ જ જીવન હતું!

એક દિવસ આ પ્રમાણે હું ફરતો હતો : છેટેથી રાજ-મહેલના પથ્થરો ને દિવાલો વચ્ચેથી ઝાડ ડોકિયાં કરતાં હતાં : ને આઘે આઘે ખડકોની પરંપરા દેખાતી હતી. હું

તેણે જરાક નીચે જોયું. પછી એક ખોંખારો ખાધો ને બોલ્યો :

'આજે હવે એંશી વર્ષના માણસ સાથે નવા માણસનો મેળ ખાય ખરો કે ? અને હું એમાંથી કોને સાચવું ? ડોસાને છોડું તો ઇશ્વર દુખાય નહિ કે ?'

મારા મનમાંથી એક વિચાર વિજળી જેમ પસાર થઇ ગયો : આજની કેળવણીમાં ઇશ્વરને દૂભાવાની ચિંતા ક્યાં ? અને . . . ,

પણ હજી એ વિચાર પૂરો ન થાય તે પહેલાં કારમી રૂદનની ચીસથી, દરિયાના એક જ અવાજથી પછડાતા પાણીમાં ભાત પડી ગઇ. હું ભડક્યો ને પાછો હઠ્યો.

'બીશો નહિ. એ તો જુઓ પેલો માણસ છે . . .' મેં તેણે બતાવ્યું તે દિશામાં જોયું. દૂર એક ખડક પર અર્ધનગ્નાવસ્થામાં, એક માણસ બેઠો હતો. તેની દૃષ્ટિ દરિયાપર જ હતી. ને તે વારંવાર ઉભો થઇ હાથ ઉંચા કરી કોઇકને બોલાવતો હતો. આવી ચીસો પણ બોલવતાં બોલાવતાં જ પાડતો લાગ્યો.

'કોણ છે ?'

'કેમ વળી ઓળખતા નથી કે શું ?'

'આ બધાં ખડકો પર એ રાજા છે. એનું નામ માધુ.'

'માધુ !'

'હા. ગાંડો છે. એની વાત લાંબી છે, ને મારે ડોસો રાહ જોતા હશે. પણ—'

એક બીજી ભયંકર રૂદનની ચીસથી આખું મેદાન થંભી

'વેચવા સાટે હશે ?'

'હા સાહેબ !'

'શું આવશે ?'

'જેવું આપણું નશીબ. પાંચ આના આવે : છ આના આવે, વખતે અરધો રૂપિયો પણ મળી જાય !'

હું રવાના થતો હતો, તેટલામાં, એના મોં પરના એક આકર્ષણથી થોભ્યો. એના આધેડ વયના સાધારણ કાળા મોં ઉપર ઘણી વખત ભલભલા ગૃહસ્થોના મોંપર પણ મળી આવતી નથી, તેવી સ્વાર્પણની રોશની હતી. ગરીબ હતો, પણ તેનાસાં ગરીબીની નિરાશા કરતાં સંતોષ વધારે હતો. તેના દરેક અંગમાં ગરીબીની બેદરકારી હતી; જાણે તેનાથી એ ચગદાયો જ ન હોય. અને આ સંતોષ કયાંથી હશે ?

'છોકરાં ઘેર રાહ જોતાં હશે કે ?' મેં પૂછ્યું. તેના મોં પરથી જરાક નિરાશાની છાયા ફટકી ગઇ : પણ બીજી પળે જ તે મીઠું હસ્યો. બસ, એ માણસમાં મીઠા હાસ્યની જ ખૂબી હતી.

'જી ! હું પરણ્યો પણ નથી ?

'કેમ તમારામાં પણ દેશ ભરવો પડે છે કે કન્યાની આછત છે ?'

'એમ તો નહિ, પણ મારે વૃદ્ધ બાપ છે : ડોસો છે. હશે એંશી–બીઆંશી વરસના !'

'હેં ! એ તો સારૂં. તમને પણ કામમાં મદદ થાય. ને તમારી સ્ત્રી (મારા મોમાં wife આવી ગયું હતું). રોટલા પાણી કરે !'

છોકરાની મા એકદમ દોડી, પણ તે પહેલાં તો છોકરાનું શબ નીચે પડયું હતું. પછી માધુ ગાંડાની માફક દોડયો–છોકરાને ખભા પર નાખી. જુઓ . . .

ફરી એવો તો આર્ત્ત વેદનાનો સ્વર આવ્યો કે માણસ કરતાં એકલો અપાર્થિવ આત્મા જ એવું બોલી શકે.

'અને જુઓ, એ જ ખડક પરથી એને દરિયામાં ફેંકી દીધો. માધુની વહુ પણ પાછળ જ હતી. આ બધું બહુ થોડા વખતમાં બન્યું હશે.'

'છોકરાને જતો જોઈ કાંઈ માનું હૈયું હાથ રહે? માધુની વહુએ પણ ત્યાંથી દરિયામાં પડતું મૂકયું. આ બનાવથી આખું ગામ ખળભળી ઉઠયું, પણ જ્યાં પોલીસ આવીને જુએ છે, ત્યાં અર્ધનગ્નાવસ્થામાં માધુ બસ, આવી જ ચીસ પાડતો ઉભો છે! પેલા છોકરાને હજી દરિયામાં જાણે મોજાં પર ચડીને આવતો હોય તેમ એ જુએ છે. ને ત્યારે બેઠો થઈ ચીસ પાડે છે. જુઓ—જુઓ—'

ખડક તરફ મેં જોયું. ત્યાં માધુ બૂમાબૂમ પાડતો હતો. તાણીઓના ગડગડાટ વચ્ચે એનું શૂન્ય ભયંકર હાસ્ય અરે! કોઇપણ જાતની લાગણી વિનાનું–મનુષ્યત્વ વિનાનું સાંભળ્યું.

'એરે! એરે! આવ! મારા દીકરા! આવ! . . . અને એની દૃષ્ટિ દરિયાના દરેક મોજા ઉપર ચોટી રહી હતી. એક એક મોજામાં એના છોકરાની અનેક મૂર્તિઓ રમતી હતી.

'આજે બાર વર્ષ થયાં, બસ, માધુ દિવસ ઉગતાં આંહીં આવી પહોંચે છે. કયારેક તો રાત પણ પડી રહે છે, ને એક જ જાતનું આ ચેન કર્યા કરે છે.'

જતું લાગ્યું. એની ચીસમાં પણ અકથ્ય બળ અને અતિશય વેદના ભર્યાં હતાં.

'એનું નામ માધુ. અમારો ખારવો જ છે ને માણસ પણ બહુ અચ્છો હતો. એનો એક છોકરો હતો. એ માણસને છોકરા પર એવી પ્રીતિ હતી કે ન પૂછો વાત. ખાવાપીવામાં કોઈ જાતની મણા રાખે નહિ. છોકરો મોટો થયો, પણ સંગતે ચડી ગયો. અમારા હલકા લોકમાં દારૂએ તો દાટ વાળ્યો છે. છોકરો એ રવાડે ચડી ગયો. એનો બાપ બહુ ભલો હતો. પોતે આખી જીંદગીમાં દારૂને પડખે ચડેલ નહિ. ને અમારામાં પણ પાંચ માણસમાં પૂછાય તેવું ઠેકાણું મનાય. પણ છોકરો માને નહિ. એક વખતે અરધી રાતે છોકરાએ, પોતાની માની ડોકમાંથી ઘરેણું કાઢી, વેચી ખાધું. બીજે દીવસે, એની માને તો ખબર પડી ગઇ હતી, છતાં જ્યારે માધુએ પૂછ્યું ત્યારે છોકરાપરના હેતને લીધે કીધું કે મને ખબર નથી. પણ હવે માધુનું માથું ફરી ગયું હતું. એણે છોકરાને પોતાની સામે ઉભો રાખ્યો. છોકરો પણ જુવાન, કાળો કનૈયા જેવો, જોતાં દુશ્મનની છાતી ફાટી જાય તેવો. આ ભાઇએ એને પૂછ્યું કે બોલ ઘરેણું કયાં નાંખ્યું ?

છોકરે પણ ઉડાઉ જવાબ વાળ્યો. અને તે જ વખતે એક છનન કરતી ગોળીથી છોકરો વિંધાઇને હેઠો પડી ગયો.

'હેં ?'

'હા. માધુને ખાઈ ગઈ હતી. એટલે એણે પોતાની વહુને કીધું કે આવા છોકરા કરતાં નિર્વંશ સારા.

નહિ. તરત જ પાછો વળ્યો. માધુના અવાજથી, દૂર દૂર સુધી દરિયાનો કિનારો ધ્રૂજતો હતો.

થોડેક દૂર ગયો ત્યારે એક નાની–પણ હિંદુસ્તાનની છોકરીમાં હોય છે તેમ નાનપણથી ડાવકા વિવેક ભરેલી–છોકરી મળી. તેનું કુમળું મોં તાપથી કરમાયલું હતું. પણ તેનામાં એ દુઃખનું ભાન ન હતું. પોતાની ડાવકી ચાલથી તે માથે ભાત લઈને જતી હતી.

‘ ક્યાં જાય છે છોકરી ? ’

‘ કાં તારે શું કામ છે ? મારા દાદાને ભાત દેવા. ’

‘ તારો દાદો ગાંડો છે ? ’

‘ હા તે વળી, એ તો મારા ભાઈની વાંસે ગાંડા થયા છે ના ? દાદા કહે છે, કે તે મારા ભાઇ સાથે હમેશાં વાતો કરે છે ! ’

‘ તારા ભાઈએ તારે માટે કોઈ દિવસ કાંઇ મોકલાવ્યું ખરૂં ? ’ છોકરી હસી. ‘ હા તે વળી મોકલાવે. પણ એમ કાંઇ ભગવાનની રજા વિના મોકલાવાય ? ’

બસ, પછી એ ધીમેથી ચાલી ગઈ. અને હું પણ ચોપડીના પાનામાંથી વર્ડ્ઝવર્થ કે શેલી ગોખવા ચાલ્યો ગયો.

આજે એ દૃશ્ય યાદ આવે છેઃ અને પેલો માણસ–

‘ રે ! અત્યારે પગ ડગુમગુ ચાલતા એ હશે શું ?
કે કૈલાસે પ્રભુપદ કને શાંતિમાં મહાલતા શું ? ’

૧૯૨૨

'ખાય છે ખરો ?'

'હમણાં બાર વાગે એના દીકરાની દીકરી ભાત લઈને આવશે. બસ એના એકના હાથનું ખાય છે. ક્યારેક એની સાથે હસે છે.

'અને બીજું ખવરાવવા આવે તો ?'

'તો કાંઇ બોલે નહિ. બસ. પાછો ધીમે પગલે ખડક પર ચાલ્યો જાય. ખાધા પીધા વિના. ને મોટેથી એની એ માળા જપે: 'આવ !–આવ ! ઓરે આવ ! –'

'છોકરી માંદી પડતી હશે ?'

'હા. એક વખત પડી હતી. બસ, માધુને ચાર અપવાસ થયા, ને પાંચમે દિવસે છોકરી આવી ત્યારે ખાધું. ખાધું ને રોયો ?'

'હેં ? રોયો ?'

'હા. ક્યારેક છોકરી પાસે રડે છે. પણ ત્યારે આપણને પણ રોવું આવી જાય એવું દુઃખ ભર્યું.'

એણે પોતાનો ભારો ઉચક્યો, ને ધીમે ધીમે મેં ચડાવ્યો.

'ત્યારે તમે પરણવાના નથી કાં ?' મેં છેલ્લો સવાલ પૂછ્યો.

'ડોસાને દુઃખ થાય માટે નહિ. ડોસાને સાચવે એવું ઘર મળે નહિ. માટે હું ને ડોસો–બસ બાપ દીકરો મજા કરીએ છીએ. શું દુઃખ છે ?'

અને સાચે જ એની ગરીબીમાં બેદરકારી હતી.

હવે હું પણ આગળ જવાની હિમ્મત કરી શક્યો

નહિ. તરત જ પાછો વળ્યો. માધુના અવાજથી, દૂર દૂર સુધી દરિયાનો કિનારો ધ્રૂજતો હતો.

થોડેક દૂર ગયો ત્યારે એક નાની–પણ હિંદુસ્તાનની છોકરીમાં હોય છે તેમ નાનપણથી ઠાવકા વિવેક ભરેલી– છોકરી મળી. તેનું કુમળું મોં તાપથી કરમાયલું હતું. પણ તેનામાં એ દુઃખનું ભાન ન હતું. પોતાની ઠાવકી ચાલથી તે માથે ભાત લઈને જતી હતી.

'ક્યાં જાય છે છોકરી ?'

'કાં તારે શું કામ છે ? મારા દાદાને ભાત દેવા.'

'તારો દાદો ગાંડો છે ?'

'હા તે વળી, એ તો મારા ભાઈની વાંસે ગાંડા થયા છે ના ? દાદા કહે છે, કે તે મારા ભાઇ સાથે હમેશાં વાતો કરે છે !'

'તારા ભાઈએ તારે માટે કોઈ દિવસ કાંઇ મોકલાવ્યું ખરૂં ?' છોકરી હસી. 'હા તે વળી મોકલાવે. પણ એમ કાંઇ ભગવાનની રજા વિના મોકલાવાય ?'

બસ, પછી એ ધીમેથી ચાલી ગઈ. અને હું પણ ચોપડીના પાનામાંથી વર્ડ્ઝવર્થ કે શેલી ગોખવા ચાલ્યો ગયો.

આજે એ દૃશ્ય યાદ આવે છેઃ અને પેલો માણસ–

'રે ! અત્યારે પગ ડગુમગુ ચાલતા એ હશે શું ?
કે કૈલાસે પ્રભુપદ કને શાંતિમાં મહાલતા શું ?'

૧૯૨૨

બલિદાન

સિકંદરા કિલ્લાની પાસે નાના મોટા ડુંગરાઓની અનેક હારો છે. અને તે દરેક ડુંગરા પર એક છત્રી બાંધેલી છે. દૂર-દૂરના ડુંગરાઓ પર, ને પાસેના લીલા હરિયાળા એટ જેવા મેદાન પર, પોતાની ચકોર દૃષ્ટિ ફેરવતો એક એક ચોકીદાર છત્રીમાં ઉભો રહે છે. વાતાવરણમાં ચારે તરફ રણમેદાનના હાકલ પડકારા ભર્યા છે: જાણે અબઘડી ધસીને ખાઈ જશે, એવા ભયંકર ખડકો, ઉભાં ને ઉભાં, ઉંચાં ઉંચાં ચારે તરફ ટીંગાઇ રહ્યાં છે. અનેક રીતે, ભવ્ય, ભયંકર, ને આકર્ષક ડુંગરાઓના પરંપરામાં, દોઢસો વર્ષ પહેલાંનો સૂર્ય, પોતાનાં આથમતાં કિરણો ફેંકીને છાને પગલે પશ્ચિમમાં ચાલ્યો જતો હતો: સંધ્યા અને રાત્રિનો-અર્ધ શંકા ભર્યો સમય હતો. તે વખતે, સિકંદરા કિલ્લાની પાસે, એક ડુંગરા ઉપર એક જુવાન, ઠોકર ખાઇ નીચે ન ગબડી પડે એની સંભાળ રાખતો, ચાલ્યો જતો હતો. તેની વિચિક્ષણ આંખો,

વારંવાર, ચારે તરફ નજર ફેરવી લેતી હતી. ને પછી પાછો ધીમેથી તે આગળ વધતો હતો.

તે જ્યારે ડુંગરાને છેક મથાળે પહોંચ્યો, ત્યારે એક ડુંગરાપરથી સાદ આવ્યોઃ 'કોણ જાય છે? . . .' અને પછી બીજા, ત્રીજા, ચોથા, એમ દરેક ડુંગરાની છત્રીઓ પરથી સાદ આવવા લાગ્યાઃ 'કોણ છે? કોણ જાય છે?'

પેલો જુવાન એકદમ એક ખડકની બોખમાં બેસી ગયોઃ તેની આસપાસ થોડાક છોડવાઓ ઢાંકણ પેઠે ઉભા હતાઃ ને બોખની ઉપર, મોટો પથ્થર તોળાઈ રહ્યો હતો. તેણે જરાક ત્રાંસી આંખે જોયું, તો કિલ્લાની નીચેના ભાગનું એક નાનું દ્વાર તો તેની પાસે જ—બસ, થોડે દૂર સામે જ આવી રહ્યું હતું. પણ એ દસ–બાર હાથ છેટું, કાપતાં તો, તેના પર મૃત્યુની તલવાર લટકતી હતી! તે ગૂપચૂપ- જરાક નજર બહાર રાખીને, ચોકીદારોની હિલચાલ તપાસતો બેસી રહ્યો. પહેલા ચોકીદારે જે સાદ ઉઠાવેલો, તે હજી વારંવાર બોલાયા કરતો હતોઃ અને તેના પડઘા ડુંગરામાંથી પાછા ફરતા હતા. પણ પેલા જુવાને જોયું કે ચોકીદારો પાછા ધીમે ધીમે શાંત થઈ ગયા છેઃ તે પોતાની બખોલમાંથી ધીમે ધીમે ઉઠયોઃ ને કોઈ કળી ન શકે, માટે પ્રાણીની માફક ચાર પગલે ચાલવા લાગ્યો. છેક કિલ્લા પાસે આવતાં, તે લાંબો થઈ સૂઇ ગયો ને સાપની પેઠે ઘસડાતો, ઘસડાતો આગળ વધ્યો.

મીઠી રૂપેરી ઘંટડીઓ સંભળાય તેમ, કિલ્લાના નાના દ્વારમાંથી, એક છાનું હાસ્ય સંભળાયુંઃ દ્વાર તરત

જ ખુલ્લી ગયું. ને એક સ્ત્રીનો ખુશનુમા ચહેરો, તેની સામે પ્રસન્નતાથી હસી રહ્યોઃ

'માલદેવ! તમે તો યોદ્ધા છો કે ચોર છો?'

ચારે તરફ સંપૂર્ણ અંધકાર જામી ગયો હતોઃ ને દરેક ચોકીમાંથી પ્રકાશ પડી રહ્યો હતો. માલદેવ પાસે સર્યો. તેણે પોતાની બુકાની છોડી નાંખીઃ ને તેની પાસે ગઢના ઓથમાં ઉભો રહ્યોઃ

'પુરુષને સ્ત્રી માટે ચોર થાતાં કેમ આવડયું હશે? . . .' પેલી સ્ત્રીએ હસતાં હસતાં કહ્યું.

માલદેવે ધીમેથી તેના ગાલપર એક વહાલભરી લપાટ મારીઃ 'તેં કયારે ય મીઠા વાકયથી મારો સત્કાર જ કર્યો નથીઃ આટલું તોફાન સ્ત્રીમાં કેમ સહજ જ આવે છે?'

'પુરુષને જેણે ચોર થતાં શીખવાડયું હશે, તેણે જ સ્ત્રીને આ તોફાન શીખવાડયું લાગે છે!'

કોઇકના પગરવ આવતા હોય તેવું જણાયુંઃ બન્ને એકદમ શાંત બની ગયાં. એક શિયાળ પાસેથી ચાલ્યું ગયું.

'કિલ્લો ટકશે? તમને શું લાગે છે?' પેલી સ્ત્રીએ પૂછ્યું.

'સંભવ નથીઃ વિજયપાળ આવી પહોંચે તે પહેલાં જ પડી જશે. આજે અફઘાન સૈન્યમાં બીજી ભરતી થતી જાય છે!'

'અને મરાઠા બહુ દૂર છે?

માલદેવે પોતાના માથા પર હાથ ફેરવ્યોઃ 'હું લડવૈયો છુંઃ તને ખબર છે નાં? મારા સૈન્યની બધી બાતમી આપી દઉં તો પછી મારા જેવો વિશ્વાસ

'માલદેવ! પણ આપણી વચ્ચે આ ભેદભાવ શા માટે? તારી આપેલી માહિતી, તારી સામે હું વાપરું ખરી? તને શું લાગે છે?'

'અને એ તારો વિશ્વાસ મેં કેટલા ધૈર્યથી જાળવ્યો છે? મુસલમાન સૈન્યમાં, મારા સિવાય, બીજા કોઈ ને આ ગુપ્ત દ્વારની ખબર હજી સુધી તો મેં પડવા દીધી નથી. અને બીજી ગમે તે રીતે કિલ્લો પડે, પણ તેં મૂકેલા વિશ્વાસનો ભંગ કરી, આ ગુપ્તદ્વારનો લાભ તો હરગીજ નહિ લઉં'

માલદેવના હાથ પર, તેણે પોતાનો કુમળો હાથ મૂક્યો:

'માલદેવ તું હિંદુ છો: અમારી જાટની સાથે તું આવીને નહિ રહે? તું રજપૂત થઇને મુસલમાનને મદદ કરીશ?'

'પન્ના!

તેના અવાજમાં ચોખ્ખું આશ્ચર્ય હતું.

પન્નાએ તેને પોતાની તરફ ખેંચ્યો: તેના સુંવાળા કેશ પર હાથ ફેરવ્યા:

'તું એમ ધારે છે કે હું તને આ માત્ર જીવન માટે કહું છું? . . . તને હું પ્રેમ–માત્ર પ્રેમની ખાતર જ કહું છું.'

'પ્રેમમાં વિશ્વાસભંગ હોય? વિશ્વાસઘાતી માણસ વળી સાચો પ્રેમી હોઈ શકે? . . . હું તારા પ્રેમની ખાતર પણ મુસલમાનોને દગો દઉં પછી પ્રેમની કિમ્મત શી? સાચો પ્રેમી બધી રીતે સાચો હોય છે: તને ખબર છે કે પાંચ પેઢી થયાં, અમે મુસલમાનની સાથે સાચાઈથી. . .'

પન્નાએ પ્યારથી તેના ખભાપર હાથ મૂકયોઃ

'માલદેવ ! આપણું જીવન આમ છૂટું જ રહેશે ?

માલદેવે પોતાના કેશ હલાવ્યાઃ ને માથું ઉંચું કર્યુંઃ

'પ્રેમની ખાતર પણ વિશ્વાસઘાત ન કરવાનું મારું યોદ્ધા તરીકેનું વચન છેઃ પણ પ્રેમની ખાતર ન મરવાનું મેં કોઈને વચન આપ્યું નથીઃ

'એટલે ? . . . પન્ના ધ્રૂજી.

'એટલે એ જ કે, આપણો પ્રેમ તો સનાતન જ છે.' એ જ ઘડીએ, એક છનન કરતી ગોળી માલદેવના માથા પરથી પસાર થઇ ગઈ !

'દગો !' પન્નાએ એકદમ માલદેવને દ્વારની અંદર ખેંચ્યો.

'મૂકી દે . . . તું ગભરાય છે નકામી. કિલ્લાની અંદર તો જાસૂસનું કલંક ભર્યું મૃત્યુ હોય ! . . .' અને તે એકદમ ઝપાટાબંધ લાંબો થઈને નીચે સૂઇ ગયો.

એ ઘડીની શાંતિ અને તરત જ બીજી ગોળી છનન કરતી ચાલી ગઇઃ આ વખતે, પન્નાના પગ પાસેથી.

'પન્ના ! મારી ખાતર અંદર જા !'

'અરે ! પણ તમે . . .'

ત્રીજી, અને ચોથી ગોળી ચાલી ગઈઃ

'તું જાઃ તું જાઃ આ તો અમારા સૈન્યનો હલ્લો

તોપનો એક મોટો અવાજ સંભળાયો: ઘડીભર ડુંગરાઓ પડઘાથી ગાજી રહ્યા.

'ત્યારે હવે ?'

'હવે ? સનાતન પ્રેમ મંદિરમાં: ઇશ્વરને ચરણે.

પન્ના કાંઇ વધારે પૂછે તે પહેલાં, કિલ્લામાં રણશીંગડું ફૂંકાયું: તે એકદમ દ્વાર બંધ કરીને સડેડાટ ચાલી ગઈ: માલદેવ, ખડક ખડકને ટેકાવતો નીચે વળ્યો. તોપોના અવાજ વધતા જતા હતા, અને મુસલમાન સૈન્યે બે ત્રણ ચોકી કબજે કરી લાગતી હતી. એક ચોકીપર દીવો બોલવાયો: 'અલ્લાહો અકબર'ની બૂમ પડી, ને તરત જ તેના પ્રતિધ્વનિ, ત્રણ ચાર જગ્યાએથી પાછા વળ્યા.

કિલ્લામાં ગરબડાટ વધતી હતી: રણશીંગડાં ફૂંકાતાં હતાં. મુસલમાન સૈન્ય સામે ગોળીનો માર શરુ થયો હતો. માલદેવ ઝપાટાબંધ આગળ વધતો હતો.

તે પોતાના સૈન્યમાં પહોંચ્યો, ત્યારે ખબર પડી કે, મરાઠા સૈન્ય લઇને સિંધિયા આગળ વધે છે, એ સમાચાર આવતાં જ, મુસલમાન લશ્કરે આજ ને આજ હલ્લો કરી સિકંદરા કિલ્લા લેવાનો નિશ્ચય કર્યો હતો. મરાઠા સૈન્ય આવી પહોંચે, તો સિકંદરાનો જાટ સરદાર, રંચ આપે તેમ હતો નહિ. જાટ સરદાર રણમલ સિંધિયાનો મિત્ર હતો. એટલે મુસલમાનો સિંધિયા આવતા પહેલાં જ કિલ્લો લેવાના નિશ્ચયમાં હતા. મુસલમાનોના ધૂંજારાથી, સિકંદરા કિલ્લા ડગવા લાગ્યો: રાત્રિમાં મોટા અવાજો થવા લાગ્યા: ને મનુષ્યોની આ લડાઇ સાંભળતાં, અનેક શિયાળો, દૂર દૂરથી, પોતપોતાની ફિલસૂફી મનુષ્યજાતને પઢાવવા લાગ્યાં !

માલદેવ પોતાના સાથીઓ સાથે મક્કમપણે આગળ વધતો હતો.

હડુડાટ કરતી તોપોથી સિકંદરા કિલ્લાના પથ્થરો ખડકો પર, ને ખડકો જમીન પર પટકાવા લાગ્યાં. આખી રાત તોપનો માર ચાલ્યા કર્યો. સવારે કિલ્લો તારાજ થશે એ જોઈ, જાટોએ દરવાજા ખોલી, તલવારથી, ખેલ ખેલી લેવાની છેલ્લી બાજી ચલાવી. સૂર્યનાં કેસરી કિરણો ખડકો પર રંગાઈ ગયાં હતાં ને બન્ને સૈન્યો જીવપર આવી લડી રહ્યાં હતાં.

સંખ્યાબળને લીધે મુસલમાનો ફાવી ગયા. ને થોડી-વારમાં જ જાટ સરદાર રણમલ, તેના પુત્રો, બિહારીમલ, ને જયમલ, તેની સ્ત્રી, અને તેની પુત્રી પન્ના બધાં કેદી થઈ પડ્યાં!

મુસલમાન સરદાર ઇનાયતખાન પોતાની હઠીલાઈ માટે ખાસ પ્રસિદ્ધ હતોઃ અને જ્યાં, કિલ્લાનું રક્ષણ, બહાદૂરીથી થતું, ત્યાં વૈર ક્રોધથી લેવાતું. રણમલે, ઇનાયતને હંફાવવામાં ખામી નહોતી રાખી. અને તેથી તે તેના પર ધૂંધવાઈ રહ્યો હતો. રણમલના વડવાઓએ પણ ઘણી વખત, એ જ પ્રમાણે, હઠીલાઈથી કિલ્લાઓ જાળવ્યા હતાઃ એટલે ઇનાયતનું વૈર બમણા વેગમાં હતું. તેણે સરદારના કુટુંબના બધાંનો શિરચ્છેદ કરવાનો હૂકમ કર્યોઃ ત્યારે માલદેવ તેની પાસે બેઠો હતોઃ

માલદેવે, ઇનાયતને કાંઈક શાંતિમાં જોઈ ધીમેથી કહ્યુંઃ

તે કરવાની છે.'

માલદેવે, ઈનાયતને, ઘણાઘણા મુશ્કેલીભર્યા પ્રસંગો તરાવ્યા હતા: અને ઈનાયતને તેના પર વિશ્વાસ પણ હતો. અને તે વિશ્વાસુ યોદ્ધા રૂપે જ મનાતો.

'શું છે બોલો. જો, જો, કોઈની જીંદગી માટે પ્રાર્થના કરતા નહિ!'

'સરદારનું કુટુંબ બચવું જોઈએ!'

એ જ વખતે સરદાર રણમલની તરફથી આજીજી કરવા એક વૃદ્ધ ફકીરે પ્રવેશ કર્યો:

'કેમ?'

'જી! જનાબ! સરદાર રણમલને બચાવવા વિનંતિ છે! . . . અથવા તો તેના કુટુંબમાંથી, એક છોકરાને બચાવવા, વિનંતિ છે. નિર્વંશ મરતાં તેનું હૃદય ચીરાઈ જાય છે!'

માલદેવ ધ્રૂજ્યો: ફકીરના વેષમાં, રણમલનો ગુરુ પોતે જ હતો: તેણે મનમાં પ્રાર્થના કરી કે, દગો ન હોય તો સારું!

'એક છોકરાને બચાવવો?

'જી હા!'

ઇનાયતખાન ઘડીભર વિચારમાં પડ્યો: અચાનક તેના મોં પર, કોઇ પ્રખ્યાત વિજ્ઞાનીને નવી કુંચી જડે ને જે આનંદ થાય, તેવો આનંદ ફેલાઇ રહ્યો.

'હા! હા! હા! . . . તે હસ્યો. પણ તેનું હાસ્ય અસ્થાને હતું 'સમજ્યો: એનો ડંખ . . . એને વંશપરંપરા વૈર જાળવવું છે! . . . . પણ, ઉભા રહો, હું કાંઇક એવું કરું કે . . .' તે વિચારમાં પડી ગયો.

માલદેવ પોતાના સાથીઓ સાથે મક્કમપણે આગળ વધતો હતો.

હડુડાટ કરતી તોપોથી સિકંદરા કિલ્લાના પથ્થરો ખડકો પર, ને ખડકો જમીન પર પટકાવા લાગ્યાં. આખી રાત તોપનો માર ચાલ્યા કર્યો. સવારે કિલ્લો તારાજ થશે એ જોઈ, જાટોએ દરવાજા ખોલી, તલવારથી, ખેલ ખેલી લેવાની છેલ્લી બાજી ચલાવી. સૂર્યનાં કેસરી કિરણો ખડકો પર રંગાઈ ગયાં હતાં ને બન્ને સૈન્યો જીવપર આવી લડી રહ્યાં હતાં.

સંખ્યાબળને લીધે મુસલમાનો ફાવી ગયા. ને થોડી-વારમાં જ જાટ સરદાર રણમલ, તેના પુત્રો, બિહારીમલ, ને જયમલ, તેની સ્ત્રી, અને તેની પુત્રી પન્ના બધાં કેદી થઈ પડ્યાં !

મુસલમાન સરદાર ઈનાયતખાન પોતાની હઠીલાઈ માટે ખાસ પ્રસિદ્ધ હતોઃ અને જ્યાં, કિલ્લાનું રક્ષણ, બહાદૂરીથી થતું, ત્યાં વૈર ક્રોધથી લેવાતું. રણમલે, ઈનાયતને હંફાવવામાં ખામી નહોતી રાખી. અને તેથી તે તેના પર ધૂંધવાઈ રહ્યો હતો. રણમલના વડવા-ઓએ પણ ઘણી વખત, એ જ પ્રમાણે, હઠીલાઈથી કિલ્લાઓ જાળવ્યા હતાઃ એટલે ઈનાયતનું વૈર બમણા વેગમાં હતું. તેણે સરદારના કુટુંબના બધાંનો શિરચ્છેદ કરવાનો હૂકમ કર્યોઃ ત્યારે માલદેવ તેની પાસે બેઠો હતોઃ

માલદેવે, ઇનાયતને કાંઈક શાંતિમાં જોઈ ધીમેથી કહ્યુંઃ

‘ એક વિનંતિ કરવાની છે .’

માલદેવે, ઈનાયતને, ઘણાઘણા મુશ્કેલીભર્યા પ્રસંગો તરાવ્યા હતાઃ અને ઈનાયતને તેના પર વિશ્વાસ પણ હતો. અને તે વિશ્વાસુ યોદ્ધા રૂપે જ મનાતો.

'શું છે બોલો. જો, જો, કોઈની જીંદગી માટે પ્રાર્થના કરતા નહિ!'

'સરદારનું કુટુંબ બચવું જોઈએ!'

એ જ વખતે સરદાર રણમલની તરફથી આજીજી કરવા એક વૃદ્ધ ફકીરે પ્રવેશ કર્યોઃ

'કેમ?'

'જી! જનાબ! સરદાર રણમલને બચાવવા વિનંતિ છે! . . . અથવા તો તેના કુટુંબમાંથી, એક છોકરાને બચાંવવા, વિનંતિ છે. નિર્વંશ મરતાં તેનું હૃદય ચીરાઈ જાય છે!'

માલદેવ ધ્રૂજ્યોઃ ફકીરના વેષમાં, રણમલનો ગુરુ પોતે જ હતોઃ તેણે મનમાં પ્રાર્થના કરી કે, દગો ન હોય તો સારું!

'એક છોકરાને બચાવવો?

'જી હા!'

ઇનાયતખાન ઘડીભર વિચારમાં પડયો : અચાનક તેના મોં પર, કોઇ પ્રખ્યાત વિજ્ઞાનીને નવી કુંચી જડે ને જે આનંદ થાય, તેવો આનંદ ફેલાઇ રહ્યો.

'હા! હા! હા! . . . તે હસ્યો. પણ તેનું હાસ્ય અસ્થાને હતું 'સમજ્યો : એનો ડંખ . . . એને વંશપરંપરા વૈર જાળવવું છે! . . . પણ, ઉભા રહો, હું કાંઇક એવું કરું કે . . .' તે વિચારમાં પડી ગયો.

'એક સરતે એક છોકરો બચે !'

માલદેવ ફિક્કો પડી ગયો:

'શું ? ફકીરે આતુરતાથી પૂછયું:'

'એ કે, જે છોકરો, બીજા બધાંને મારે તેને બચાવું !'

હેં !. . . માલદેવના ચહેરા પર મૃત્યુના જેવી ભયંકર ગ્લાનિ છવાઈ ગઈ:

'જી ! હજૂર ! બીજો કોઇ માર્ગ નથી જ ?'

'નહિ –' ઈનાયતે મક્કમ જવાબ વાળ્યો.

ફકીર ધ્રૂજ્યો: 'જી હજૂર ! બીજો કોઈ રસ્તો નથી જ ? વધારે દયાનો ?'

'નહિ ! – ઈનાયતે જવાબ વાળ્યો: 'એકવાર નહિ ! –અને સોવાર નહિ !'

ફકીર મંદ પગલે પાછો ચાલ્યો ગયો. માલદેવ, પણ તેની પાછળ જ ઉઠી ગયો. ઈનાયતના ઠરાવથી, તેને બહુ માઠું લાગ્યું હતું.

થોડીવારમાં જ ફકીર પાછો આવ્યો:

'જી ! હજૂર આપનો હૂકમ સરદાર શીર પર ચઢાવે છે ! નાજરને હૂકમ થયો કે, આજે સાંજે રણમલ,જયમલ, રણમલની સ્ત્રી, ને તેની પુત્રી પન્નાનો શિરચ્છેદ કરવો:અને બિહારીમલને બચાવવો, એવી શરતે કે, તેણે પોતાના બધા કુટુંબનો શિરચ્છેદ કરવો.

ફકીર લથડતે પગલે પાછો ગયો: તેણે પોતાનાથી થોડે દૂર માલદેવને જતા જોયો.

સાંજ પડીઃ ને સંધ્યા જગત પર વિંટાતી હતી. તે વખતે, સિકંદરા કિલ્લાની બહાર, રણમલ, તેની સ્ત્રી, બિહારીમલ, જયમલ, ને પન્ના, અવનત મોંએ ઉભાં હતાં.

રણમલે બિહારીમલને તલવાર લેવા ઈશારો કર્યો, બિહારીના મોં પર ગ્લાનિ છવાઈ ગઈ.

'હું ? તેનાથી બોલાઈ જવાયું: ' પિતાજી ! જયમલ બાકી રહેતો ?

'કુળનું ગૌરવ તો પાટવી જ સાચવી શકે'–જયમલે ઉત્તર આપ્યો.

રણમલે અભિમાન ભર્યા સંતોષથી જયમલની સામે જોયું: 'બસ, એવો જ ઉત્તર સિંહણના સંતાન આપી શકે ! . . .'

બિહારીએ તલવાર લીધી: તેનો હાથ ધ્રુજ્યો: તેની આંખમાં આંસુ આવ્યાં:

'બિહારી ! હું બીજાને નહિ જોઈ શકું. તું મને પહેલવહેલાં લે ! . . . પન્નાનો અવાજ હતો.'

'ના પહેલાં હું !' જયમલ બોલ્યો.

'બેન ! તું સૌથી છેલ્લે ! બેટા ! ' રણમલની સ્ત્રીએ, બિહારીને ડગતો જોઇ કહ્યું: ' અને તું બેટા ! જલ્દી કર. આપણે, ડગવાનું હોય નહિ '

'ચલાવ !'

નાજરે, જતાં જતાં એક સિપાઇને ચાર માથાં, સંભાળી લેવાનું કહ્યું.

રણમલ પડ્યો.

જયમલ આગળ વધ્યો, પણ તેને ઝપાટાબંધ એક-બાજુ કરીને કોઇક બીજું આગળ વધ્યું હતું. રણા સણા મોં સુઝણામાં કોણ છે એ બરાબર દેખાયું નહિ.

પન્નાએ આશ્ચર્યથી મોં ઉઘાડયુંઃ 'આ શું ?'

જયમલને, તેણે પેલા ફકીરની પાછળ ઉભેલો જોયો.

બિહારીની તલવારે, તો ઝપાટાબંધ કામ કર્યું.પન્નાના મોં પર તેજની છાયા, પથરાઇ ગઈ. 'લે બિહારી ! જલ્દી કર ! . . .

'તેણે નીચે લોહીમાં, ખદબદતા માથા તરફ પ્રેમ ભરી દૃષ્ટિ ફેંકી. માલદેવનું મોં ત્યાં, છેલ્લું હાસ્ય કરતું પડયું હતું !

પન્ના પણ પડી.

'ચલાવ !'

બિહારીએ, માથું ઉંચું કર્યુંઃ તેના લાંબા કેશ ખભા પર વિખરાયાઃ

'નહિ ! એ મારી મા છે !'–બિહારીએ સિપાઇના હૂકમનો ઉત્તર આપ્યો.

'બેટા ! . . . તારી તલવાર તો ફૂલ જેવી લાગે છે હો . . . પણ બિહારી ડગ્યો નહિ. ફકીર ચિંતામાં પડયોઃ

'બિહારી–તે બોલ્યો–'બેટા ! સમય વિચારી લે !'

'નહિ ! તેણે મને દુધ પાયું છેઃ અમૃત આપ્યું છેઃ એ મારી મા છે ! આ લ્યો, મારું માથું !'—તેણે પોતાનું માથું નીચું નમાવ્યું.

'બેટા ! બિહારીની મા હસીઃ 'સો વરસ જીવતો

રહે, તારા જેવા દીકરા તો દેવને ત્યાં જ હશેઃ પણ–જો તું ડગે છે માટે'–તેણે પોતાનું ખંજર પોતાના પેટમાં ખોસી દીધું. તે નીચે ઢળી પડી.'

બિહારી, બે હાથથી મોં ઢાંકી નીચે બેસી ગયો. તે જ વખતે નાજર આવ્યોઃ 'બિહારી ! તું હવે સ્વતંત્ર છો !–સિપાઇ ! માથા ગણ્યાં ? ચાર છે ?'

'જી હા ચાર !'

સિપાઇએ માથાં ગણી લીધાં. ફરી બોલ્યોઃ 'જી ! ચાર ! . . .'

ફકીરે નીચા વળીને બિહારીને કહ્યું: 'બેટા ! જલ્દી ચાલ ! . . . નહિ તો, એક ભાઇ ખોઇ બેસીશ !'

બિહારી આંસુ સારતો ઉભો થઇ ગયો.

ફકીર અને બિહારી ચાલ્યા ગયા.

થોડે દૂરગયા પછી રસ્તામાં એક જુવાન ભેગો થઇ ગયો :

'કોણ ?,

'હું જયમલ !'

'હેં ! ત્યારે, ચોથું માથું કોનું ?'

ફકીરે આકાશ સામે જોયુંઃ 'કોઇ ખુદાના બંદાએ, તમને બન્ને ભાઇઓને ભેગા રાખવા સ્વાર્પણ કર્યું !'

બિહારી અને જયમલ રોતા રોતા ભેટયાઃ ને ભેટતાં ભેટતાં રોયાઃ રોતા રોતા ચાલી નીકળ્યા.

ફકીરના વેષમાં—રણમલનો ધર્મ ગુરુ–હતો તે બન્નેને મંદિરમાં લઈ ગયોઃ ત્યાં હજી–એ પ્રસંગ સાંભરે છે, ત્યારે તેઓ વારંવાર, પૂછે છેઃ

'એ અજાણ્યો પરદેશી કોણ હશે ? અને આપણા માટે, તેણે જીવ કેમ આપ્યો હશે ?

બન્ને જણા, વંશ જાળવનાર એક સંતાન માટે, રાહ જૂએ છે. સંતાન થાય, એટલે, પાછા રણમાં મરવાના તેમને કોડ છે.

૧૯૨૪

આશાનું રૂદન

(૧)

સમય ભયંકર હતો: પણ મનુષ્યો વધારે ભયંકર હતાં. વિશ્વાસનું વાતાવરણ છાના ખંજરોથી ભર્યું હતું ને આજે જે મિત્ર હોય તે કાલે શત્રુ થાય એવી મનોદશા સહજ હતી. ભયંકર પરિવર્તનના સપાટાથી આખો પ્રાંત છવાઈ ગયો હતો: ને કોઈનું નામ કે મિલકત સલામત રહી શકે તેવું હતું નહિ. ઈ. સ. ૧૮૫૭નો બળવો પૂર જોરમાં હતો ત્યારે કાનપુર પાસે સેનાપત નામે એક નાના ગામમાં બે મોટા ધોરી બળદના ગાડામાં બેસીને એક દિવસ એક બાઈ આવી: સાંજનો વખત હતો ને ભૂરી ભૂખરી ધૂસરમાં આખું ગામ છવાઈ ગયું હતું: સીમમાંથી ગાડાંઓ પાછાં વળતાં હતા, ને પોતાનાં બચ્ચાંને મળવા ધણ અધીરૂં બની દોડી રહ્યું હતું.

આ પવિત્ર ધૂળની ડમરીમાં સેનાપતનાં નાનાં નાનાં ઘરો આછાં ને આછાં દેખાતાં હતાં: પોતાના અંગને જેમ

બને તેમ વધારે ને વધારે ઢાંકીને પેલી બાઇએ ગાડામાંથી ઉતરી, એક સાદા પણ સ્વચ્છ ને સુંદર મકાનમાં પ્રવેશ કર્યો.

સેનાપતના વાતાવરણમાં આ મહત્ત્વનો ફેરફાર હતો. એના આવ્યા પછી ગામમાં એક પ્રકારની ચર્ચા ઉત્પન્ન થઈ હતી. યુદ્ધની કથા રમ્ય છે ને ગામડામાં તે વધારે રમ્ય લાગે છે: કંપની સરકાર સામે જે જે પુરુષો ઉતર્યા તે સૌને એક પ્રકારની પૂજાથી જાણ્યે અજાણ્યે સૌ વંદન કરતા હતા. એમ ચર્ચા થતી હતી કે આ બાઇનો એકનો એક અઢાર વર્ષનો જુવાન પુત્ર લડાઈમાં ઉતર્યો છે: ને તેના બળ પાસે ઘણા ઘણા ચુનંદા યૂરોપીઅનો પાણી ભરી રહ્યા છે!

એ વીર પુરુષની માતા તરીકે આ બાઈનું નામ અનેક જુવાન હૃદયોને આકર્ષી રહ્યું હતું.

આ બાઈના વિશાળ મકાનમાં એક સુંદર વાડી હતી: તેમાં જ્યારે કોસ હંકાતો ત્યારે તેના 'ટૂ ઉ ઉ ટૂ ઉ ઉ' અવાજથી આખી વાડીમાં એક પ્રકારની નવી મીઠાશ લાગતી હતી: આ વાડીમાં કેટલાંક ફાલતુ મકાનો હતાં, ને તે સૌમાં જતા આવતા લશ્કરી અમલદારો ને સિપાઇઓ આરામ લેતા. બાઇ એ સૌને માનભેર પોષી રહી હતી: ને તેનો પુત્ર એ સૌ સામે લડી રહ્યો હતો!—આ બે વિરોધી ઘટનાઓ વચ્ચે સેનાપતના બધા જુવાનિયાઓ ને વૃદ્ધો કંઈ કંઈ અનુમાનો ને વાગ્યુદ્ધ ચલાવી રહ્યા હતા!

આમાં શું ભેદ છે તે કોઇને ખબર ન હતી. પરંતુ ૧૮૫૭ ના બળવાનો અણીનો સમય ચાલ્યો ગયો ને ઢંઢે-

રાના આછા આછા આશા ભર્યા શબ્દોથી અનેક હથિયારો ને જુવાન ચહેરાઓ નમ્ર બની શિર ઝૂકાવી રહ્યાં હતાં, ત્યારે પણ સેનાપતનો આ કોયડો અણઉકેલ્યો હતો. પેલી બાઈ–હજી પોતાની વાડીમાં અનેક લશ્કરી અમલદારોને પોતાની ઉદાર મહેમાનગીરીથી સંતોષ આપી રહી હતી !

લશ્કરી અમલદારોના આભાર ભર્યા ચહેરાઓ વચ્ચે એક તરસી આંખ વારંવાર આંટા ફેરા કરતી હતી : સેના-પતમાં આ વાડી બેનમૂન ગણાતી : તેની હરિયાળી જમીનમાં ગુલાબનાં ઝૂંડ થતાં ને કહેવાતું કે મોગલ જમાનામાં અત્તરે ગુલાબની ખુશબો ભરી ભભક આ વાડીમાંથી છૂટતી ! આ જમીન પર એક તરસી આંખ તલસી રહી હતી. અને તે સેનાપતના પોલીસ પટેલ હરદયાલની ચકોર આંખ હતી. વારંવાર આવતો, ત્યારની આ જમીન એની આંખમાં ખૂંચી હતી : આ જમીનમાં ખાસ્સી રસદાર કેરીની જેમ દરેક જગ્યાએ રસની સેર ફૂટતી હતી. અને તેની સીમા પર કાલિદાસે વર્ણવેલ જાંબુનાં ઝાડ હતાં.

એક દિવસ અચાનક, કામ પ્રસંગે વાડીમાં આવતાં હરદયાલની નજર સામેની મેડીમાંની એક ખુલ્લી બારી પર પડી : તે દિવસથી એની આંખમાં એકને બદલે બે ઝેર ભર્યાં છે. તે દિવસે છૂટાં ઝુલ્ફામાં એક વીરત્વ ભર્યો ચહેરો તેણે જોયો : જાણે આદર્શયુદ્ધની અધિષ્ઠાત્રી દેવી હોય એટલું તેજ. તે દિવસથી હરદયાલ વારંવાર વાડીના પેલા નબળા વૃદ્ધ કોસિયા પાસે પણ ઉભો રહે છે તેની પાસે અનેક વાતો કાઢી એક વાતની સાંકળ જોડવા યત્ન કરે છે !

(૨)

'જયમલ્લ રઘુનાથસિંહ!'

હરદયાલ આ નામની માળા જપે છે: ચારે તરફથી હૂકમ છૂટયા છે કે આ જુવાન જેલમાંથી નાસી છૂટયો છે. તેને પકડનારને ઇનામ મળશે. તે પડયો પડયો વિચાર કરતો હતો તેટલામાં એને અચાનક કાંઇક નજરે પડયું: એની કલ્પનાની આંખ સામે પેલી વાડી ને પેલી બાઇ બન્ને આકર્ષક બની ઉભાં હતાં!

'તેને લાગ્યું કે પોતે હવે જયમલ્લ રઘુનાથસિંહને પકડી પાડશે: એના મનમાં કીર્તિ, મહત્ત્વકાંક્ષા ને મોહ ત્રણેનું તુમુલ યુદ્ધ જામ્યું.

*લક્ષ્મીબાઈ સેનાપતમાં આવી ત્યારથી જ એક વાત ઉડી રહી હતી કે એનો છોકરો બળવાખોરોમાં છે: હમણા હમણામાં લક્ષ્મીબાઇ બીમાર હતાં ને તેથી કોઇ એને મળી શકતું નથી. થોડા દિવસ પહેલાં જ પોલીસ અફસરો, આ ઉડતા સમાચારનું તાત્પર્ય લેવા, લક્ષ્મી બાઇને મળવા ઇચ્છતા હતા, પણ તે બીમાર હોવાથી મળી ન શકયા.

પોલીસ અફસરમાંના દરેકના મોંમાં હજી લક્ષ્મીબાઇનું અનાજ હતું, એટલે ઉપકારના એટલા બોજાથી શાંત બની તેઓ ચાલ્યા ગયા. પણ આજે હરદયાલને વિચાર કરતાં કરતાં આ વાતમાં કાંઇક ભેદ લાગ્યો. ને તેને ઘડી ભર લાગ્યું કે લક્ષ્મીબાઇની વાડીમાં જ જયમલ્લ ગુપ્ત રૂપે રહ્યો છે! હરદયાલની કલ્પનાની આંખ સામે લક્ષ્મીબાઇની

* આ લક્ષ્મીબાઇને રાણી માનવાની ભૂલ કોઈ ન કરે. આ કાલ્પનિક મૂર્તિ છે.

તેજસ્વી મૂર્તિ ખડી થઇ : પોતે જો જયમલ્લને શોધી કાઢશે તો નોકરીમાં દર ડગલે કીર્તિ એને વરમાળ પહેરાવશે ! પણ હજી હરદયાલના હૃદયમાં આ મહત્ત્વાકાંક્ષાથી પણ વધારે આશાભર્યું એક સ્થાન છે ! એ વિચાર કરે છે કે જયમલ્લને શોધી કાઢતાં લક્ષ્મીબાઇ નમે ખરાં ? . . . અને તેના અંતઃકરણમાંથી અવાજ આવે છે : ' હા ! '

લક્ષ્મીબાઇમાં તેજ, ધીરજ ને સાહસ એ ત્રણે ગુણોનું સુંદર મીલન થયું હતું. મૂળ તો તેના પતિ સાથે એ બિહારમાં રહેતી હતી : અને તેની મોટી બેન સેનાપતમાં ને આસપાસનાં એક બે ગામમાં થોડી જમીનની માલીક હતી. આ બેનને કાંઇ સંતાન ન હતું. એટલે તેના મનમાં લક્ષ્મીબાઇના પુત્રને દત્તક લેવાની ઇચ્છા હતી. તે દરમ્યાન આંધાધૂંધી પ્રવર્તી રહી.

લક્ષ્મીબાઇ આ વખતે અનાથ થઇ પડયાં. તેનો પતિ સાધારણ માણસ હતો : ને સાધારણ માણસની માફક જ મરી ગયો. પણ લક્ષ્મીબાઇનું જીવન સર્વસ્વ એના પુત્રમાં હતું : જયમલ્લની કાંતિમાં અનેરું તેજ હતું : ને લક્ષ્મીબાઇ તેને માતાના વહાલ ઉપરાંત, પ્રેમના દર્દથી ભરેલ હૃદયે ચાહતી : એ કિસ્સો એવો હતો કે જ્યાં પતિની શકિત કે સ્નેહની ખામીને લીધે સ્ત્રી પોતાના પુત્રને બમણા પ્યારથી ચાહતી હોય !

લક્ષ્મીબાઇનો પતિ સાધારણ રીતે રાગી ને અશક્ત માણસ હતોઃ અને લક્ષ્મીબાઇમાં શ્રદ્ધા કરતાં તેજ વધારે હતુંઃ એટલે તેનો બધો પ્યાર, વહાલભર્યા હૃદયથી પતિદેવની પૂજા કરવાને બદલે, અત્યંત દર્દમય અવસ્થામાં હોય તેમ

પુત્ર તરફ ઢળ્યો ! એ પ્યારમાં કટકા થઇ જાય તેવું અનેરૂં બળ ઉતરી આવ્યું ! અને તેથી લક્ષ્મીબાઇ જયમલ્લના જીવનના દરેક પ્રશ્નમાં પોતાનું જીવન ઓતપ્રોત કરીને જ રહેતી !

પણ ૫૭ ના બળવામાં કૈક જુવાન હૃદયો સરકારની ધૂંસરી ત્રોડવા હોમાઇ રહ્યાં હતાં ! એ એક એવો પ્રસંગ હતો કે જ્યારે મનુષ્ય અદૃશ્ય ભાવિ માટે વર્તમાનને હોમી પોતાના સાહસ ને દુઃખ પર અટ્ટહાસ્ય કરતો ઉભો રહે છે ! એમાં જયમલ્લ જેવું તેજ કેમ છાનું રહે ? લક્ષ્મીબાઇને લાગ્યું કે ગમે તેટલા પ્રયત્ન છતાં જયમલ્લ અંતે જશે જ અને પછી જ્યારે લક્ષ્મીબાઈ બિહારમાંથી કાનપુર તરફ પોતાની બેનને મળવા નીકળ્યાં, ત્યારે રસ્તામાંથી જ જય-મલ્લે રજા પણ લીધી ! લક્ષ્મીબાઇની બધી સમજાવટ અફળ થઇ ! મા અને દીકરો બન્ને રસ્તામાં રોયાં ને જૂદાં પડ્યાં ! ત્યાર પછી હવે જયમલ્લ સેનાપતમાં જ પાછો આવવાનો હતો–જો પાછા વળવાનો પ્રસંગ આવે તો.

લક્ષ્મીબાઇ સેનાપતમાં પહોંચ્યાં ત્યારે તેની મોટી બેન પણ બીમાર હતાં : તે ત્યારપછી થોડા દિવસમાં જ મૃત્યુ પામ્યાં !

હવે પછી લક્ષ્મીબાઇએ પોતાના પુત્રનું હિત સાચ-વવા ઘણા ઘણા અમલદારોને સાચવી રાજભક્તિ દેખાડી ! આખા ગામમાં ઉડતી વાત હતી કે તેનો પુત્ર બળવાખોરો સાથે છે, પણ લક્ષ્મીબાઇને એ પૂછવા જેટલી ધૃષ્ટતા કોઇએ કરી ન હતી : પછી એમ પણ કહેવાયું કે લક્ષ્મીબાઇને કાંઇ સંતાન નથી ! શું સત્ય છે તે કોઇ જાણતું નહિ.

(૩)

જે દિવસે હરદયાલને અચાનક એમ થયું કે જયમલ્લ કદાચ લક્ષ્મીબાઇને ત્યાં હોય, તે દિવસે જ એ વાતની ખાસ તપાસ કરવા માટે એક મંડળી આવી પહોંચી હતી! જય-મલ્લ ક્યાં છે એ કોઇને ખબર ન હતી, પણ લક્ષ્મીબાઇ માંદાં છે માટે જયમલ્લ ત્યાં હોય એમ ઘણાએ અનુમાન કર્યું હતું!

બરાબર રાતના આઠ થયા હતા : ને નાનું ગામ તો આઠ બજતાં અરધું શાંત થઈ જાય છે. લક્ષ્મીબાઈના મકાનના દરવાજા પર એ સમયે પાંચ સવારો આવી પહોંચ્યા : ને હરદયાલ પણ થોડીવારમાં આવ્યો. સૌ મકાન ઉઘડાવી અંદર ગયા. અંદર એક વિશાળ ચોક હતો ને તેમાં ગુલાબના અનેક છોડ ફૂલ વિનાના ઉભા હતા! એક નાનો સરખો બગીચો મુખ્ય મકાનની ચારે તરફ હતો. અંદર એક વિશાળ ખંડમાં લક્ષ્મીબાઈ હિંચકા પર સૂતી હતી : તે સૌને આવતા દેખી બેઠી થઈ ને સામેના ઢોલિયા પર બેસવા સૌને ઈશારત કરી. એક બે ચાકર ને એક બાઈ ત્યાં ઉભાં હતાં : ને એક ખૂણામાંથી એરંડિયા તેલનો દીવો આછો પ્રકાશ આપી રહ્યો હતો!

લક્ષ્મીબાઈ માંદી ન હતી, પણ એના ચહેરામાં અકથ્ય દુઃખોના અક્ષરો સ્પષ્ટ હતા : જો કે ચિંતાની ફિક્કાશ માંદગી જેવી હતી, પણ તે વારંવાર ચિંતાને દાબી સૌની સાથે વાતો કરતી હતી.

અને તેણે અરધી પોણી કલાક સૌ સાથે વાતો કરી,

પણ બહાર જરા ખખડાટ થતો કે કુતરું ભસતું, પવનથી ઝાડનાં પાન ચાલતાં, કે સાંકળ ખખડતી કે તરતજ લક્ષ્મીબાઈના ચહેરામાં ગભરાટની છાયા પસાર થઈ જતી : આવેલ મંડળીમાં એક વૃદ્ધ તદ્દન જ અપરિચિત હતો. બાકી બીજા બધા લક્ષ્મીબાઈની મિજમાની ઘણી વખત ચાખી ગયેલા હતા. તે વૃદ્ધ માણસ–તદ્દન શાંતિથી–લક્ષ્મીબાઈની દરેક હીલચાલ તપાસી રહ્યો હતો. જરાક ખખડાટ થતાં લક્ષ્મીબાઈ ફીક્કી પડી જતી હતી; તે તરતજ એકાદ સવાલ પૂછી પોતાની મનોવ્યથા છૂપાવી દેતી હતી.

'કેટલા થયા ?' લક્ષ્મીબાઇએ અચાનક પૂછ્યું : એ પૂછતાં પૂછ્યું, પણ પેલા વૃદ્ધે જોયું કે લક્ષ્મીબાઈના આખા અંગમાં ધ્રૂજારી આવી ગઈ: તેના. હૃદયમાં કોઈ મહાવ્યથા હતી :

'નાનાં બા ! નવ થયા :' અને આ જવાબ સાંભળતાં જ લક્ષ્મીબાઇ વધારે ફીક્કી પડી ગઇ.

અંતે સૌને લાગ્યું કે લક્ષ્મીબાઇની માંદગી સાચી છે : ને જયમલ્લ ક્યાંય છૂપાયો નથી. સૌ ઉઠયા ને તે સાથે ઉઠી : પગથિયાં નીચે સૌને વળાવી પાછી ફરી. ને તેણે એકદમ પલંગ પર પડતું મૂક્યું.

'કેટલા થયા ? ગોદાવરી ! કેટલા થયા ?'

'નાનાં બા ! આમ છેક ધીરજ મૂકી દેશો ?'

તે જ વખતે હરદયાલ પાછો દેખાયો. લક્ષ્મીબાઈની આંખમાં એટલું દર્દ હતું કે તેની સામે જોતાં જ હરદયાલ ચૂપ થઇ ગયો. પણ તેને પેલા વૃદ્ધના શબ્દો યાદ આવ્યા :

'લક્ષ્મીબાઇ પોતાના જીવનસર્વસ્વ જેવા કોઇ પ્રિયતમની રાહ જૂએ છે!'

ને તેણે બોલવાની હિમ્મત કરી: 'લક્ષ્મીબાઈ! હું પાછો આવ્યો છું. તમારે કાંઇ કહેવું છે?'

પેલી મંડળી બહાર નીકળ્યા પછી તરતજ પેલા વૃદ્ધે સૌને કહ્યું હતું કે લક્ષ્મીબાઇ ગમે તેમ પણ કોઇની રાહ જૂએ છે! ને તેનામાં પ્રિયતમને મળવાની ધગશ હોય તેવું લાગણીમય છાનું દર્દ છે! પણ તેના મિત્રો લક્ષ્મીબાઇને વધારે સતાવવા રાજી ન હતા, એટલે તે સૌ વૃદ્ધના શબ્દો સાંભળી હસી પડયા ને પછી તે મંડળી તરતજ રવાના થઇ. ગઇ!

પણ હરદયાલની આંખમાં ઝેર હતું. તે પાછો ફર્યો ને તરતજ પેલા વૃદ્ધના શબ્દોની સચ્ચાઈ સમજાણી. દરેક ગુલાબ પરથી રહ્યાં સહ્યાં ફૂલ ઉપડી ગયાં હતાં: તાજા ધૂપની સુગંધ પ્રસરી રહી હતી: ને ઘીના દીવા કોડિયામાં બળતા હતા: લક્ષ્મીનો કોઇ ગુપ્ત સ્નેહી આજે આવવાનો લાગે છે! આ વિચારથી જ હરદયાલનું મગજ છવાઇ ગયું હતું.

હરદયાલનો સવાલ સાંભળતાં જ લક્ષ્મી સ્વસ્થ બની ગઇ. પણ હરદયાલ એક પગલું આગળ વધ્યો:

'લક્ષ્મીબાઈ! કોણ આવનાર છે કહો તો ખરાં?' અને તે મીઠું હસ્યો.

પણ તેની હિમ્મત ને શબ્દ બધાં ચાલ્યાં ગયાં. લક્ષ્મીબાઇની આંખ ફરી હતી: ન જોયેલું તેજ ને ન અનુભવેલું દુ:ખ તેમાં હતાં.

'હરદયાલ ! આમ આવ ભાઇ ! જરા આંહીં આવ.' હરદયાલને લાગ્યું કે પોતાના સવાલથી કાંઈ નવીન સત્ય બહાર પડે તેમ છે.

અને હરદયાલ અંદર ગયો. લક્ષ્મીબાઇએ એક ચિઠ્ઠી તેના હાથમાં મૂકી દીધી. ચિઠ્ઠીમાં માત્ર ચાર પાંચ શબ્દો હતા.

'ત્રણ દિવસ પછી : નવ કે દશ વાગે રાત્રે. તે દિવસે ન અવાય તો માતા ! છેલ્લા પ્રણામ. પછી મળવાની આશા સ્વર્ગમાં.' હરદયાલે ચિઠ્ઠી વાંચી ત્યાં સુધી લક્ષ્મીબાઇ તેની સામે જોઈ રહી.

'કેમ ? હરદયાલ ! તું શું કહે છે ? તારામાં હું વિશ્વાસ મૂકી શકું કે ?'

એજ વખતે બારણે ખખડાટ થયો.

'હરદયાલ ! ભાઇ ! એને બચાવ. તારે જોઇએ તો આ વાડી લઇ લે'

'હું હજી કાંઇ સમજ્યો નથી '–હરદયાલ ખોટું બોલ્યો, કારણ કે હરદયાલને ત્રણ વાતનો મોહ થયો હતો : જયમલ્લ વિનાની લક્ષ્મીનો, લક્ષ્મીબાઇની વાડીનો ને નોકરીની કીર્તિનો : તે પોતાના મનમાં વિચાર ગોઠવતો હતો, કે ત્રણે કામ કેમ પાર પડે ! પણ માત્ર પવનથી જ સાંકળ ચાલી હતી.

'ત્યારે આજે ત્રીજો દિવસ છે ?'

હા. પણ બોલ, તું વિશ્વાસઘાત નહિ કરે ?'

'કોણ હું ? ના ના મારી ખાત્રી રાખો. સુખેથી

નિરાંત કરો. ' અને એટલું બોલી હરદયાલ ચાલ્યો ગયો. એને જોઈતા સમાચાર મળી ગયા હતા. જયમલ્લ હોય તો લક્ષ્મી વશ થાય નહિ : ને લક્ષ્મી વિનાની એકલી વાડીમાં હરદયાલને મોહ ન હતો : તે પોતાના વિચારો ગોઠવતો ચાલ્યો ગયો.

(૪)

રાત્રિના નવ કે સાડા નવ થયા હશે.

અને તે વખતે એક સિપાઈ સેનાપતની સીમમાં એકલો ચાલી રહ્યો હતો : થાકથી એનું શરીર લેવાઇ ગયું હતું. ને તે ભૂખથી થાકી ગયો હતો : એનાં જૂના પગરખાંમાંથી વારંવાર ધૂળના ગોટા ઉડતા હતા, ને ચંદ્રમાની રોશનીમાં, દુઃખની વરાળ જેવા, વેરાઈ જતા હતા. અંતે તેણે એક લાંબી દૃષ્ટિ કરી, ને સેનાપતના ઝાડવાં જોઇ છૂટકારાનો દમ ખેંચ્યો; ' હાશ ! અંતે આવ્યું ખરું ! '

અને એના શબ્દો પણ એકાંતમાં મોટા બની રહ્યા. અંતે સેનાપતની ધૂળવાળી શેરીઓમાં થોડીક ડમરી ઉડી: એકાદ કૂતરું છેટે ભસ્યું : બીજાએ દૂરથી એને જવાબ આપ્યો : કોઇ ત્રીજાએ તાલ પૂરાવ્યો ને પાછું સર્વ શાંત થઇ ગયું. પેલાં ધૂળવાળાં જૂનાં પગરખાં ઘસાતાં આગળ ચાલ્યાં : ને બરાબર લક્ષ્મીબાઇના ઘર પાસે અટક્યાં: એક જાગી ઉઠેલું પક્ષી કાંઇક લવી ગયું, બારણા પર ત્રણ ટકોરા પડયા, ને જરાક બારણું ચાલ્યું.

લક્ષ્મીબાઇ અંદર રાહ જોતી જ બેઠી હતી. એકદમ અંદરથી દોડી : તેણે બારણું ખોલી નાંખ્યું. હવે છેલ્લી ઘડીએ એની ધીરજ ખૂટી પડી :

'આવ ! બેટા ! જયમલ્લ આવ્યો કે ?. . .' તે પેલા થાકેલા સિપાઇ તરફ એકદમ દોડી ગઇ.

એ જ વખતે એક કરડો ચહેરો સામે દેખાયો :

'લક્ષ્મીબાઇ ! '—હરદયાલ પાસે—સામે ઉભો રહીને બોલ્યો:

'બચાવ ! એને બચાવ !—હરદયાલ ! આ વાડી—ઘર બધું તારું. જા લઈ જા.'

'બાઇ સાહેબ ! ' પેલો થાકેલો સિપાઇ બોલ્યો : લક્ષ્મીબાઇ એકદમ પાછી હટી ગઇ. 'હેં ! ત્યારે જયમલ્લ ક્યાં ? નથી આવ્યો ?'

'બાઇ સાહેબ ! એ હવે આવશે.—ચાલ્યા આવતા હશે પ્રથમ આવત પણ—પણ—' સિપાઇ વધારે બોલી શક્યો નહિ. લક્ષ્મીબાઇ નીચે પડી ગઇ હતી.

હરદયાલ ચાલતો થઇ ગયો : લક્ષ્મીબાઇને તેના વિષે કાંઇ પણ શંકા આવી નહિ. એવી અધીરી આશા શંકા ગળી જાય છે; ને વળી હરદયાલે વિશ્વાસ રાખવાનું વચન તો આપ્યું હતું. એને પણ વાડીનો મોહ નહિ થાય ? લક્ષ્મીબાઇ એમ આશ્વાસન લઇ રહી હતી.

એ ગમે તેમ થાય, લક્ષ્મીબાઇ પાછી સ્વસ્થ બની પોતાના જયમલ્લની રાહ જોતી બેઠી હતી. સમાચાર આપનાર સિપાઇ જયમલ્લ, સહિસલામતીની ખાતર જરા મોડેથી આવશે એમ કહીને પછી નિરાંતે સૂઇ ગયો હતો.

પણ લક્ષ્મીબાઇને લાગ્યું કે વખત બહુ જાય છે. પાન ચાલે છેઃ બારણું ખખડે છેઃ અરે ! કૂતરું ભસે છે; પણ બધું ન કામું ! કોઇ આવતું નથી.

અને તે પોતે છેક બારણા પાસે બહાર ડોકાતી ઉભી.

લક્ષ્મીબાઇને જરાક અશાંતિની જરુર છે, પણ રાત્રિ વધારે ને વધારે નિ:શબ્દ થાય છે.

ઘરની પાસે ગોદાવરીને ઉભી રાખી તે બહાર નીકળી. તેને લાગ્યું કે ગામ બહાર ધર્મશાળા છે, ત્યાંથી વધારે ખબર પડશે. રાત્રિના ચાર બજ્યા સુધી રાહ જોઇ: અરે! આજે ક્યાંય અવાજ નથી: મૂંગા તારા પણ બોલતા નથી: ચંદ્રને પણ છાનું છાનું ચાલવાની ટેવ પડી ગઈ છે! પવન પણ શાંત છે!

અને હાશ! અંતે છેક દૂર દૂર માણસ આવે છે: તે પાસે પાસે આવે છે: છેક પાસે આવે છે. બસ! જયમલ્લ! . . . લક્ષ્મી હર્ષમાં કૂદી-દોડી.

સામેથી એક ખેડૂત આવતો હતો: 'બાઇ! સેનાપતનો રસ્તો આ?'

'હા, હા. ભાઇ, તું ક્યાંથી આવે છે? તારી પાછળ કોઇ આવે છે? મારા જય-અરે! કોઇ તમારી પાછળ આવે છે? . . .'

'ના, કોઈ નથી આવતું.'

મુસાફર ચાલ્યો. તારા ફિક્કા પડવા લાગ્યા: ચંદ્રનું તેજ હરાયું: પૂર્વના આકાશમાં હૃદયના જખમ જેવો રાતો રંગ આવવા લાગ્યો.

અને લક્ષ્મી નિરાશ થઇ પાછી વળી. તે પોતાની મેડી પર ચડી ગઈ:

o



તે બારીમાંથી બહાર લાંબી નજર કરતી બેઠીઃ બહાર કાંઈ દેખાતું નથી, પણ તે શાંત બેઠી જોયા કરે છે. અને તે અચાનક જ એકદમ ઉઠીઃ તેની દૃષ્ટિ બહાર હતીઃ 'અહા! આવ્યો કે? . . .'

અને બીજી જ ક્ષણે તે અટકી પડીઃ 'હાય! હરદયાલ! તું છો કે? તને વાડી–ઘર ઓછાં પડયા?' લક્ષ્મીબાઇ દૂર દૂર બનતો બનાવ જોતી હોય તેમ બોલી રહી હતી.

અને બરાબર તે જ વખતે સેનાપત્તની દૂરની સીમમાં–દૂરની સીમમાં જયમલ્લનું શરીર હરદયાલની બંદુકથી વિંધાઇને નીચે પડી ગયું. આ દૃશ્ય જાણે બનતું હોય તેવું લક્ષ્મીબાઇએ કલ્પનામાં જોયું ને તે તરતજ જમીન પર સૂઈ ગઇઃ

સવારે પેલો સિપાઇ પ્રભાતિયાંનો બેસુરો રાગ ગાય છે ને ગોદાવરી દૂધનું બોધરણું લઇ મેડી પર ચડે છેઃ

'નાનાં બા! ગાય દોઉં છુંઃ તમે આવો છો કે?' પણ લક્ષ્મીનાં પોપચાં પર ભાર છેઃ ને થોડાક વાળ માત્ર પવનથી ચાલી રહ્યા છે!

ગોદાવરી લક્ષ્મીને ધીમે હલાવે છેઃ 'નાનાંબા!' અને તે એકદમ ચીસ પાડી નીચે બેસી જાય છેઃ લક્ષ્મીના થંડા શરીરમાં મૃત્યુની શાંતિ ને નિરાશાનાં છાનાં આંસુ ભર્યાં છે!



હરદયાલના વિશ્વાસઘાતની ખબર એના અંતઃકરણને, લક્ષ્મીને, ને જયમલ્લને ત્રણને છે. લોકોને કાંઇ ખબર નથી. હજી કયારેક કયારેક એ ત્રણે જણાં રાત્રે મળે છેઃ ને હરદયાલ

મા દીકરાના અવાજથી ધ્રૂજતો પથારીમાંથી બેઠો થઇ બૂમ પાડે છે: 'હવે નહિ કરું! હવે નહિ કરું!'

ડૉકટર કહે છે એ મગજની નબળાઇ છે: પણ માત્ર હરદયાલ આ મનની નબળાઇ જાણે છે. એની આશા-વાડીની તૃષા–એટલાજ છાના સ્વરથી રૂએ છે! એની તાકાત નથી કે વાડી સામે નજર કરે: નજર કરતાં જ પેલો પ્રસંગ આબેહૂબ ખડો થાય છે!

માતૃપ્રેમ

સાબરમસા નદીના શાંત પટ પર બે ઘોડેસવાર ઝપાટાબંધ આગળ વધતા હતા. રાત્રિ તદ્દન નિર્મળ હતી, ને ક્યારેક અકાળે જાગી ઉઠેલા પક્ષીની ટૂંકી ને ઉતાવળી ચિચિયારી સિવાય બાકી સર્વત્ર ગંભીર શાંતિ ફેલાઈ ગઈ હતી.

'નરસિંહ! અરધો રસ્તો કાપ્યો હશે?' આગળ ચાલતા ઘોડેસવારે પૂછ્યું: એની તીવ્ર ને સ્પષ્ટ વાણી રાત્રિમાં પછડાણી.

'હા. અરધે પંથે પહોંચી ગયા છીએ: બાપુ સહિસલામત હોય!'

'હું તો ધારૂં છું આપણે પહોંચીશું ત્યાં ગંગા શુભસમાચાર આપવા ઉભી હશે.' આગલા સવારે ઘોડાને જરા એડી મારી ને તે વફાદાર પ્રાણી ઝપાટાબંધ આગળ વધવા લાગ્યું. થોડીવારમાં તો રાત્રિમાં ઘોડેસવારના પડઘા જ માત્ર સંભળાઈ રહ્યા.

દિવસ ઉગવાને થોડી વાર હતી ત્યાં બન્ને સવારો રાજદુર્ગના વિશાળ રસ્તાપર આવી પહોંચ્યા. ત્યાં તમસાના કિનારાપર થોડીવાર વિશ્રામ લઇ બન્ને પાછા આગળ વધ્યા

રાજદુર્ગનો જમીનદાર મરણપથારીપર હતો. જૂના રીતરિવાજને માન આપનાર હોવાથી પ્રખ્યાત જ્યોતિષ-શાસ્ત્રજ્ઞ પંડિત ચિંતામણિને બોલાવવામાં આવેલ હતો. રાજદુર્ગના ગઢમાં અનેક ખટપટ ચાલી રહી હતી. જમીન-દારનો મોટો પુત્ર જમીનદારથી વિરૂદ્ધ હતો. ને રાજાનો જીવ બચાવનાર, પોતાનો જીવ જોખમમાં નાખે, એવી ઘટના હતી. ચિંતામણિને ઘેરથી નીકળ્યાં આજે પંદર દિવસ થઇ ગયા હતા ને તેથી તેની તપાસ કરવા તેનો પુત્ર ઉમાનાથ આ મુસાફરી વેઠી રહ્યો હતો.

ગામમાં ઉતારો કરી, ઉમાનાથે દરબાર ગઢપર જઈ પોતાના પિતાની ખબર કાઢી. ચોકીદારે કહ્યું કે પંડિત અંદર ગયા છે. ઉમાનાથ બહાર બેઠો. વિશાળ ચોગાનના બગીચામાં અનેક ફૂલો ખીલી રહ્યાં હતાં. ઉમાનાથ તે તરફ દૃષ્ટિ રાખી નિરાંતે બેસીને પિતાની રાહ જોવા લાગ્યો. પંડિત સહીસલામત છે એમ સાંભળી એને ઠંડક વળી.

ઉમાનાથની ઉમ્મર ભાગ્યે જ પંદર વર્ષની હશે. આ એની પહેલી મુસાફરી હતી ને પંડિતના ઘરનો વિશ્વાસુ નોકર નરસિંહ સાથે ન આવ્યો હોત તો ઉમાનાથ એકલો આ જોખમ ખેડવા હિમ્મત કરત નહિ.

પંદર વર્ષના છોકરાને કલ્પના કરવાનો અધિકાર છેઃ ને ઉમાનાથ કાંઇક વધારે કાલ્પનિક હતો. એની સમક્ષ

પોતાની ગામડાની જીંદગીનો એક દેખાવ આવ્યો: પોતે પોતાની મા સાથે નદીપર નહાવા ગયો છે: વેકૂરમાં કુવા કર્યા છે: ખેતરની પાળ બાંધી છે ને પોતે ખોટાં ખીયાંને સાચું પાણી પાઇ રહ્યો છે ! એક તરફથી એની મા ધોઇ લીધેલાં કપડાં બાંધી ચાલી નીકળે છે ને જાણે સાદ પાડે છે: ' ઉમાનાથ ! ઉમાનાથ ! ચાલ મોડું થાય છે.'

કલ્પનામાં ને કલ્પનામાં ઉમાનાથ મોટેથી બોલી ઉઠયો: 'હં; આવ્યો.' પોતાના શબ્દથી પોતે જાગૃત થઇને જ્યાં દરબારગઢ તરફ એક નજર ફેરવી ત્યાં દરબારગઢમાંથી બહાર નીકળતી એક સ્ત્રીમૂર્તિ તેની નજરે ચડી. તે તેની સામે જોઇ રહ્યો. પણ તેના મનમાં તો હજી પેલી કાલ્પનિક સૃષ્ટિ ખડી હતી. ને 'હં; આવ્યો' એ શબ્દના પડઘા સંભળાતા હતા. પેલી સ્ત્રીમૂર્તિ ઉતાવળે પગલે ગઢમાંથી બહાર નીકળી, બગીચામાં થઇ, ઉમાનાથ તરફ આવતી હતી. તે જ વખતે એને કોઇકે પાછળથી હાકલ મારીને બોલાવી: ' અરૂણલેખા ! રાણી સાહેબ બોલાવે.' પણ તે તો પાછું જોયા વિના આગળ જ વધી અને બરાબર ઉમાનાથની સામે આવીને ઉભી. ઉમાનાથે એક ઘડી અકસ્માત અરૂણલેખા તરફ જોયું. તેના મનમાં એકદમ એક મૂક વિચાર જન્મ્યો: ' અરૂણલેખા ? અરૂણલેખા તો મારી માનું નામ છે.'

જાણી ન શકાય તેવા બળથી ધકેલાઇને તે એકદમ બેઠો થઇ ગયો. અકસ્માત–અચાનક–સહજ જ તેણે તે સ્ત્રીનો પાલવ સાહ્યો. ને તે 'સમજી શકે તે પહેલાં તેનાથી બોલાઇ ગયું: ' મા ! '

પેલી સ્ત્રી પણ જાણે પરિચિત સ્વર સંભળાયો હોય તેમ થંભી ગઇ. તેણે ઉતાવળથી ઉમાનાથ સામે જોયું. સ્વરની પેઠે ચહેરો પણ ચિરપરિચિત લાગ્યો. ઉમાનાથની માફક જ તેનાથી પણ બોલાઇ ગયું: ‘બેટા! તું કોણ છો? ક્યાં રહે છે? તારું નામ શું?’

‘મારું નામ ઉમાનાથ!’ એટલો જ જવાબ મળ્યો.

‘આંહીં કોની રાહ જૂએ છે?’

‘પંડિત ચિંતામણિની!’

વિજળીનો આંચકો અનુભવ્યો હોય તેમ અરૂણલેખા જરાક પાછી હઠી ગઈ. ઉમાનાથે એ જોયું. અચાનક મળેલી સંપત્તિ લૂંટાઇ જવાનો ભય ઉત્પન્ન થયો હોય તેમ તે અરુણલેખાની વધારે નજીક આવ્યો: અને તેનો હાથ પકડી લીધો.

‘મા! તમને મા કહું કે?’

‘હા બેટા! કહે.’ એટલા માયાભર્યા શબ્દો સાથે, અરુણલેખાએ આગળ પગલું ભર્યું. ને તેને હાથે વિંટાઇને ઉમાનાથ તેની પાછળ ચાલ્યો. બહાર એક ગાડી આવીને ઉભી હતી.

અરુણલેખા, ઉમાનાથ સાથે, તેમાં બેઠી ને ઉતાવળથી ગાડીને ઘર તરફ હંકાવી મૂકી.

અરુણલેખા ઘેર પહોંચી. પોતાને કોઇ અમૂલ્ય સમૃદ્ધિ મળી હોય તેમ તેના દરેક કાર્યમાં બહુ ચોકસાઇ ને અધીરાઇ આવી ગયાં હતાં. તેણે ઘરનું બારણું બહુ જ સંભાળથી વાસી દીધું. દીવાન ખંડમાં કોચપર બેસી તે ઉમાનાથ

સાથે વાતો કરવા લાગીઃ વારંવાર એનાપર હાથ ફેરવી વહાલથી પૂછવા લાગીઃ 'ત્યારે બેટા ! તું પંડિતનો દીકરો છે કાં? પંડિત તને ચાહે છે?'

'હા, મા! હું તમને મા કહું કે?'

'હા બેટા કહે કહે. મને મા કહે. પણ . . . તારે મા નથી? તારી ખરી મા ક્યાં છે?' 'ખરી' શબ્દપર અરુણલેખાએ મૂકેલા ભારથી ઉમાનાથ ધ્રૂજ્યો.

'ખરી મા? અરે રે! મારે મા જ નથી; પણ . . .' તે બોલતાં અચકાયો. 'તમને 'મા' કહું એમ જ થયા કરે છે.'

'હવે તું આંહી જ રહેજે બેટા! પંડિત તો મહા ઠગ માણસ છે!' અરુણલેખાએ કહ્યું.

એ શબ્દ સાંભળતાની સાથે જ ઉમાનાથ બેઠો થઈ ગયોઃ 'હેં! પંડિત–મારો બાપ–એ મહા ઠગ છે? કોણે કહ્યું એ મહા ઠગ છે?' તે જુસ્સાથી બોલ્યો.

અરૂણલેખા તેની સામે જોઇ રહી. ઉમાનાથનો જુસ્સો આવ્યો તેવો જ ગયો. તે ફરી શાંતિથી બોલ્યોઃ 'ઓ! મા! આ તું શું બોલે છે?'

'બેટા! હું સાચું કહું છું. પંડિત જીવતો શયતાન છેઃ ધૂર્ત છેઃ તેને છોડી દે. હવે આંહી મારી પાસે રહી જા.'

કોઇ પોતાને કપટથી બાંધે છે એવો વિચાર આવતાં જ ઉમાનાથ એકદમ બેઠો થઇ ગયો. તે બારણા તરફ દોડયોઃ 'પંડિત મારો પિતા છે, અને તેની વિદ્વતા દેશભરમાં પ્રસરી રહી છે.'

ઉતાવળથી એટલું બોલી તે બારણાની સાંકળને અડયો. અરૂણલેખા એકદમ તેની પાછળ દોડી. તેને બાથમાં લઇ લીધો. અંતે ઘેલીની માફક તેને હેતભર્યા ચુંબનોથી નવરાવી દીધો. તે જ વખતે બહારથી બારણાપર જોરભર્યો હલ્લો થયો. અરૂણલેખાએ ઉતાવળથી ઉમાનાથને ચૂપ રહેવાની નિશાની કરી, પાસેના ખંડમાં ધકકેલી, બારણું વાસી દીધું અને પોતે તરત ગંભીર બની બારણું ખોલવા આગળ પગ ધર્યો.

' અરૂણલેખા ! અરૂણલેખા ! ' બહારથી ઉતાવળો અવાજ થતા હતા. અરૂણલેખાએ દ્વાર ખોલી નાખ્યું. એક વૃદ્ધ. પુરુષે હાથમાં કાગળ લઇ પ્રવેશ કર્યો.

' ઓહો ! ઉમર જમાદાર ? '

' હા; બાપુ, લ્યો આ કાગળ. અલ્લા ચાયસો કરે. એક ઘડીમાં નશીબ આડેથી પાંદડુ ખેસવી દે. '

અરૂણલેખાએ તેના શબ્દો પર ધ્યાન ન આપતાં હાથમાં કાગળ લીધો. તેનો એક પણ શબ્દ વાંચે તે પહેલાં તેણે કાગળમાંથી બહાર નજર ફેરવી. વૃદ્ધને ખેસવીને એક પચીસ સત્તાવીસ વર્ષના જુવાને પ્રવેશ કર્યો હતો. અરૂણ-લેખાએ તીરછી આંખે તેની સામે જોયું. ને હસતે મોંએ તેને આવકાર આપ્યો. વૃદ્ધ જમાદાર તરત ત્યાંથી ચાલ્યો ગયો.

' અરૂણલેખા ! ' હવે પેલો જુવાન બોલ્યો. તેના શબ્દો મધ જેવા ચોખ્ખા અને મધુર હતા: ' બહુ ઉતાવળો આવ્યો છું. પણ સાંભળ, જો: જમીનદાર પડયા છે. હવે તું મારી થઇને રહીશ કે ? '

અરૂણલેખાનું ચિત્ત કોઇ વાતપર ન હતું. એણે એક ચિંતાભરી છાની નજર બારણા તરફ નાંખી. ઉમાનાથ તડમાંથી દેખાતો હતો. મોં પર આવતી નિરાશા અને ભયને ઢાંકીને તે જલદી જ પાછી પેલા જુવાન તરફ ફરી.

'ના નયનપાલ! હવે હું તારી નહિ થઇ શકું. હું આજથી જૂદી પડું છું?'

'હેં! અને પંડિતને . . . ?'

'હા. પંડિતને હું ધિક્કારૂં છું. પણ . . . પણ . . . મને ધિક્કાર અને વૈર પાછળ જવાનો હવે મોહ નથી.'

'હ . . . વે મોહ નથી ત્યારે આ ઠગાઇ શા માટે ચલાવી રહી હતી?' નયનપાલે તરવાર જેવા ઘા મારવા શરૂ કર્યા.

'કારણ કે–' અરૂણલેખાએ અત્યંત દૃઢતાથી જવાબ વાળ્યો: 'આજ દિવસ સુધી મારૂં જીવન પંડિતને હંફાવવામાં પડયું હતું: હવે તેનો એનાથી વધારે સારો ઉપયોગ થઇ શકે તેમ છે.'

'અને તે શો વારૂ?' નયનપાલે ત્વરાથી પૂછ્યું.

'મારા જીવનને પણ પવિત્ર માને તેવી નિર્દોષ સરલતા આજે મળી ગઇ છે!'

અંદરના ખંડમાં જરાક અવાજ થતો લાગ્યો. નયનપાલે એક સાશંક દૃષ્ટિ તે તરફ ફેંકી. અરૂણલેખાના ગાલપર ભયનાં સ્પષ્ટ ચિન્હો તરી આવ્યાં. નયનપાલના મનમાં એક વિચાર આવી ગયો: 'અરૂણલેખાએ પોતાના કોઇ ગુપ્ત સ્નેહીને આંહી છૂપાવ્યો લાગે છે.' તે સફાળો બેઠો થઇ ગયો.

'ઠીક ત્યારે મારે પણ વખત નથી. તને પંડિતની

ધૂર્તતા ખૂંચી રહી હોય ને તારે વૈર લેવું હોય તો, તું જાણે છે કે જમીનદાર જીવતાં હું તને ચાહતો અને હજી પણ ચાહું છું. બોલઃ એક જ શબ્દમાં જવાબ દઇ દે.' નયનપાલ દૃઢતાથી એક પછી એક વાક્ય બોલતો ગયો.

અરૂણલેખા તેની સામે જોઇ રહી હતી. અત્યારે તે ખરેખર વધારે સુંદર લાગતો હતો. તે થોડી વાર માટે ડગી પણ ખરી. તેની નસેનસમાં ન છીપાવી શકાય તેવી તૃષા વહેવા લાગી. તેને ભેટવા માટે તે અધીરી બની રહી. તે એક પછી એક વધારે ને વધારે બળવાળા આંચકા અનુભવવા લાગી. પણ તે અત્યંત શાંતિથી અડગ ઉભી રહીઃ મનમાં ને મનમાં તે દૃઢાગ્રહથી બોલી રહીઃ 'આજે હવે હું સ્ત્રી નથી. હું માતા છું!'

'બોલ અરૂણલેખા! તારૂં પંડિતપરનું વૈર ને મારો પંડિત પરનો ધિક્કારઃ બન્ને તૃપ્તિ પામશે. બોલ તું શું કહે છે? મને-જમીનદારને તું શું જવાબ આપે છે? મારી થઇને રહીશ કે? બોલ તું શું કહે છે? હા કે ના?'

અરૂણલેખાએ પોતાનું આખું શરીર ઉંચું કરીને અત્યંત દૃઢતાથી જવાબ વાળ્યોઃ 'ના'

'ચોક્કસ?' નયનપાલ ચેતવણી આપતો હોય તેમ બોલ્યો.

એટલી જ દૃઢતાથી જવાબ મળ્યોઃ 'હા; ચોક્કસ.'

'હું જમીનદાર છું!'

'હશે. હું વધારે સમૃદ્ધિ આજે જ પામી છું!'

નયનપાલે એક તીરછી તિરસ્કાર ભરી દૃષ્ટિ ફેંકીઃ 'હું જાઉં છું!'

'ભલે!' અરૂણલેખાએ બેદરકારીથી કહ્યું.

અભિમાન અને વેગમાં તે ચાલ્યો ગયો. અરૂણલેખાએ છૂટકારાનો એક દમ ખેંચ્યો. તેણે પુત્રની ખાતર આજે નયનપાલના સ્નેહને હોમી દીધો હતો. તે વધારે પવિત્ર બની ઉમાનાથને મળવા દોડી. તેણે પાગલની માફક જોસથી અંદરના ખંડનું બારણું ધકકેલ્યું. પણ તે અંદરનું દશ્ય જોઇને હતી ત્યાં જ ચોંટી ગઇ. ખંડ તદ્દન ખાલી હતો અને ખંડની પાછળની ખુલ્લી બારીમાંથી, બે દઢ નયનો તેના તરફ તાકી તાકીને જોઇ રહ્યાં હતાં. અરુણલેખા એકદમ બે ડગલાં પાછી હઠી ગઇ. જે માણસને તેણે આખી જીંદગી-ભર ધિક્કાર્યો હતો તે જ માણસ—પંડિત ચિંતામણિ પેલી ખુલ્લી બારીમાંથી તેની સામે તાકીને જોઇ રહ્યો હતો. તે પાછળના વરંડા પર ચડી બારીમાં આવ્યો હતો. અરુણલેખા પાછી હઠે તે પહેલાં તેણે દઢ આજ્ઞાવાહી અવાજે કહ્યું: ‘અરુણલેખા! ઉમાનાથ કયાં છે ?’

‘ઉમાનાથ ?’ અરૂણલેખા બોલતાં અચકાણી. ‘મને ખબર નથી, આંહીં નથી.’

‘આંહીં નથી ?’ પંડિતે તીવ્રસ્વરથી કહ્યું: અને અરૂણ-લેખાએ પ્રયત્ન કર્યા છતાં તેની આંખના અગ્નિ સામે તે જોઇ શકી નહિ: ‘ત્યારે કયાં છે ? તેં શું નિશ્ચય કર્યો છે? બોલ ?’

‘હું તને ધિક્કારું છું!’ અરૂણલેખાએ કહ્યું.

‘અને મને પણ તારા પ્રત્યે ઓછો ધિક્કાર નથી.’ પંડિતે જવાબ વાળ્યો: ‘પણ સાંભળ. જો; જમીનદાર મૃત્યુ પામ્યો છે. અને તેથી નયનપાલ હવે જમીનદાર થશે. તારે

એની મોંઘી રાણી બનવું હોય તો બસ જા, હું તારૂં કલંક છુપાવીશ.'

'તું મારૂં કલંક છુપાવે એ કરતાં એ કલંકને પવિત્ર ગણી પૂજે એવો નિર્મળ પ્રેમ મને મળી ગયો છેઃ એ પ્રેમ મને તારશે. મારી અધમતા એ પ્રેમના સ્પર્શથી ચાલી જશે. મારે હવે કોઇની દરકાર નથી.' અરૂણલેખાએ શ્રદ્ધાથી –હિમ્મતથી કહ્યું.

પંડિતનું મોં વીલું પડી ગયુંઃ તે તરત નીચે ઉતરી ગયો. પણ જતાં જતાં બોલી ગયોઃ 'તારી હઠીલાઈ તને સુખથી દૂર ખેંચી જાય છે!'

'હશે, ભલે તેમ થાય.' અરૂણલેખાએ બેદરકારીથી કહ્યું. અને તે પણ ઉમાનાથને શોધવા માટે ખંડ છોડી ગઇ.

અંદરના ખંડમાં ધકેલાયા પછી ઉમાનાથ અંદર ગયો પણ તેને સર્વત્ર વિશ્વાસઘાતની ગંધ આવવા લાગીઃ તેને લાગ્યું કે પોતાના પિતા પંડિત સામે દ્વેષ ધરાવનાર પ્રતિ-પક્ષીના પંજામાં પોતે સપડાઇ ગયો છે. તેણે કોઇ ઉપાયે નાસી છૂટવાનો નિશ્ચય કર્યો. પાછલી બારીને ધક્કો માર્યો તો તે ખુલી ગઇ. પાછળ વંડો હતો ને તેમાં થઇને એક કેડી રાજમાર્ગ પર ચાલી જતી હતી. તે એકદમ નીચે કૂદ્યો ને પાછો રાજમાર્ગ પર થઇ દરબારગઢમાં પહોંચી ગયો. ત્યાં તેને ખબર પડી કે જમીનદાર માંદા હતા તે મરણ પામ્યા છે અને પંડિત દરબારગઢ છોડી નીકળી ચૂક્યા છે. તેણે પંડિતની શોધ રાત્રિના દશ બજ્યા સુધી ચલાવી; કાંઇ પત્તો લાગ્યો નહિ. ઉતારે ગયો તો ત્યાં નરસિંહ

મળે નહિ. ઉમાનાથ એકલો ત્વરાથી ચારે તરફ ફરી શોધ કરવા લાગ્યો. તમસા નદીના પૂલ પર થઇ પોતાના ગામ પર જતો રસ્તો ઘણે દૂર સુધી જોઇ આવ્યો. પણ નરસિંહ કે પંડિત કોઈ મળ્યું નહિ. અંતે થાકી ઉતારા તરફ પાછો વળ્યો. તે પસાર થતો હતો તેટલામાં એક અંધારી જગ્યાએ –જમીનમાંથી નીકળ્યો હોય તેવા–એક માણસે તેના ખભા પર હાથ મૂક્યો. ઉમાનાથે ભડકીને પાછળ જોયું. પુરુષના વેષમાં અરુણલેખા પોતે જ ઉભી હતી.

'તમારું નામ પંડિત ઉમાનાથ ?' તેણે પૂછ્યું.

પંડિત ભડક્યોઃ 'હા !'

તેણે નાકપર આંગળી મૂકી તેને ચૂપ રહેવા કહ્યું અને પોતાની પાછળ ચાલવા નિશાની કરી.

અરુણલેખા આગળ ને ઉમાનાથ પાછળ એમ તેઓ આગળ વધ્યાં. એક અંધારા માર્ગે થઈ તેઓ કોઈ અજાણી જગ્યા પર પહોંચ્યાં. ઉમાનાથે આસપાસ દૃષ્ટિ કરી, જગ્યા તદ્દન એકાંત નિર્જન અને ભયંકર હતી. તે બન્ને એક વૃક્ષને અઢેલીને શાંત ઉભાં.

થોડી વારમાં ત્યાં માણસો આવવા લાગ્યાં, પહેલો એક જુવાન આવ્યો. પછી બીજા બે ચાર આવ્યા. તેની પાછળ પણ કેટલાક માણસો આવતાં દેખાયાં. થોડી વારમાં તો ત્યાં રોશની પ્રગટી ને એક નાની સરખી સભા ભરાઇ ગઈ. ઉમાનાથે ભયથી, અવિશ્વાસથી ચારે તરફ દૃષ્ટિ ફેરવી. તે ધ્રૂજી ઉઠયા. પોતે સ્મશાનમાં ઉભો હતો અને તાજી બળેલી ચિતાઓના ભસ્મના ઢગ હજી જાગતા હતા !

ભરતીઓટ

ડાઇને તેણે એક વખત ઉમાનાથનું માથું અત્યંત પ્યારથી પોતાની છાતી સાથે દબાવ્યું: વર્ષોના વર્ષો સુધી સંઘરી રાખેલા વાત્સલ્યના પ્રભાવે તેની પ્રફુલ્લ છાતીમાંથી દૂધ ઝરવા માંડયું. તેણે નિરવધિ પ્રેમથી ઉમાનાથને ફરી ફરી પોતાના તરફ ખેંચ્યો. તેના ગાલ પર એક મધુર ચુંબન લીધું: ને હૃદય ફાટી જાય તેવા સ્વરે બોલી: 'બેટા! ઉમાનાથ! હું તારી મા છું. તું મારો પુત્ર છે. હું તને નિરવધિ પ્રેમથી ચાહું છું.'

આ શબ્દનો પ્રત્યુત્તર ન આવ્યો, પણ ઉમાનાથની આંખમાંથી અનાથતાનાં આંસું ખરવા લાગ્યાં.

અને તેજ વખતે પંડિતના મોં પર ફિક્કાશ દેખાવા લાગી. તેનું તેજ ઝાંખું પડતું લાગ્યું. અગ્નિ જેવી તીવ્રતા ચાલી ગઇ ને ઉમાનાથ—મા અને દીકરો—એક બીજાને ભેટીને ચાલ્યાં આવતાં હતાં તેઓ જ્યારે તેનાથી થોડે દૂર રહ્યાં ત્યારે તેણે અસહાય બનીને શૂન્ય આકાશમાં હાથ ઉંચો કર્યો. અચાનક એક ધબકારો થયો અને પંડિતનું શરીર જોસથી નીચે જઈ પડયું!

૧૯૨૬

એકવીસમી સદીનું પ્રભાત : બે દૃશ્યો

૧

એલીસબ્રિજ ટાઉનના એક સુંદર મકાનમાં, રાત્રિના લગભગ બાર વાગે ત્રણ ગૃહસ્થો બેસીને વાતચીત કરી રહ્યા હતા: ત્રણમાંથી એક પ્રૌઢ વયનો, કાંઇક ગંભીર લાગતો પુરુષ હતો: જ્યારે બે લગભગ સરખી વયના ઉછરતા જુવાનીઆ હતા.

'બાપુજી! વાંચ્યું કે ?' બેમાંના એકે કહ્યું.

પ્રૌઢ માણસે કાંઇક ખિન્નતાથી ઉત્તર વાળ્યો: 'હા! હવે રહીસહી છેલ્લી સંસ્કૃતિ વિનાશ પામી ગઇ.'

બન્ને જુવાન એક બીજા સામે જોઈ હસ્યા: પ્રૌઢ પુરુષે તે જોયું. પણ ન જોયું કરીને બોલ્યા:

'એવું છે રામભાઇ! આજે તમને, આ ધારાથી, ભારે આનંદ થાય છે. એનું પરિણામ જોશો ત્યારે ખિન્ન થશો'

'પણ બાપુજી! તમને એમ લાગતું નથી કે, સ્ત્રીકેળ-

સ્ત્રીઓ આપઘાત કરી રહી હતી. એ બધી વાત એક જ સપાટે છિન્નભિન્ન થઈ જશે.'

'અને હું—' બીજો જુવાન જે અત્યાર સુધી ચૂપ હતો તે બોલ્યો. પ્રૌઢે તેની સામે શંકાથી જોયું:

'અને તું શું ?—શંકરભાઈ!—'

શંકરભાઇ રામભાઇથી નાનો હતો. બન્ને ભાઈઓ, પિતાને જૂના સિદ્ધાંતના માનીને મનમાં ને મનમાં ખૂબ ખીજાતા, તે આજે આ તક જોઇ, પોતપોતાના વિચારો વેગથી દર્શાવી રહ્યાં હતા.

'અને હું' શંકર બોલ્યો: 'આજે જ એ ધારાનો લાભ લેવા માગું છું!'

'એટલે ?—' પિતાએ અત્યંત દયાથી પોતાના પુત્ર તરફ જોયું. તેણે નજર ચૂકાવી.

એ જ વખતે 'સાહેબજી! આપ છો નાં ?—સારું થયું, નહિતર શોધવા પડત' કરતો ક ને પોલીસ ઇન્સ-પેક્ટર ત્ર્યંબકલાલ, ને એક બીજા વકીલ જેવા જણાતા ગૃહસ્થે પ્રવેશ કર્યો.

'ઓ—હો—!' વૃદ્ધે ખિન્નતા ભૂલીને તેને આવકાર આપ્યો: 'તમે ક્યાંથી ત્ર્યંબકલાલ ?—કાંઇ કામે ?'

'જી હા જૂઓ,' કહીને ત્ર્યંબકલાલે કેટલાક કાગળ કાઢ્યા: 'અરજદાર શંકર મનહરલાલ દીક્ષિત—એ કોણ ?'

શંકર આગળ વધ્યો: 'હું પોતે!—'

બાપ આભો બનીને શું થાય છે એ જોઇ રહ્યો.

'તમે આ વકીલ હર્ષવદનનાં પુત્રી સુલક્ષણાને પર-ણ્યા છો કાં ?'

વણી માટે એ પગલું અત્યંત આવશ્યક હતું: આપણે સ્ત્રીઓને ચુલામાં ને ચુલામાં જ રાખવા માગીએ છીએ એ વાત ક્યાં સુધી નભે?'

વૃદ્ધે એક નિઃશ્વાસ મૂકયો: કાંઇ ઉત્તર આપ્યો નહિ, પણ તે જુવાનના જવાબથી અસંતોષ પામ્યો હતો.

'રિપોર્ટ બીજું શું કહે છે?'

'બીજું કાંઇ જ નહિ: લગ્નને કરાર રૂપે એક વરસની અજમાયશ તરીકે, ગમે તે જ્ઞાતિનાં અવિવાહિત સ્ત્રીપુરુષ વાપરી શકે: માત્ર એવી અજમાયશ લેનાર તરુણ સ્ત્રીપુરુષે સંતતિનિયમનનો સિદ્ધાંત બરાબર જાળવવો જ જોઇએ: કોઇ સારા, 'સર્ટીફાઇડ" ડૉકટરની મદદથી એ નિયમ જાળવી શકવાની ખાત્રી આપવી જોઇએ. બીજું, જે જે કુટુંબમાં, સ્ત્રીપુરુષ લગ્નવિધિથી જોડાય કે તરત જ તેમણે જૂદું રહેવું જોઇએ; અને ત્રીજું, કોઈ પણ સ્ત્રી અરજી આપીને, રસોઇ કામમાંથી પોતાને મુક્ત કરવાની ધણીને ફરજ પાડી શકે. એવા સુશિક્ષિત કુટુંબનાં તરુણ સ્ત્રીપુરુષ 'ગવર્નમેન્ટ સર્ટીફાઈડ' હોટેલમાં અમુક ભાડાથી રહી, ને ખાઇ પી શકશે. આજે 'અમદાવાદી હોટેલ' માં નવાં પચાસ કુટુંબો એ રીતે રહેવા આવ્યાં!'

'આપણું સત્યાનાશ જશે!' વૃદ્ધે પોકાર કર્યો.

'આપણે એક જ સપાટે ખૂબ પ્રગતિ કરી દીધી એમ મને લાગે છે. એમાં આપણી સ્ત્રીઓનું કલ્યાણ જ છે: પુરુષોનું તો છે જ: સંયુક્ત કુટુંબની ઘરેડમાં હજારો

૧૩ માં રહેજો ને ખાજો પીજો. બાકી, હું ધારું છું કે, હવે વધારે વખત ઘર આંગણે ચૂલા રાખી હું પછાત વર્ગમાં ખપવા માગતો નથી. દુનિયા ખૂબ આગળ વધી છે ને હું ઘણો પાછળ છું. મારે ઝડપથી તેને પકડી પાડવી રહી. આ–લો સાહેબજી !'

'અરે ! રામ ! ભાઇ—'

'અમદાવાદી હોટેલ. રૂમ નં. ૧૩. તમે ત્યાં જાઓ. બધી સગવડ મળશે.'

'અને તું—'

'હું ત્યાં જ રૂમ નં. ૧૫૩ માં છું.'

'અરેરે ! આ ઘર ?'

'આ ઘર વેચીને સારૂં ફર્નીચર મંગાવવાની ગોઠવણ પણ થઇ ગઇ છે !'

'હેં !—'

'એ તો એમ જ થાય, પિતાજી ! જૂનો જમાનો નવાને ન જ ઓળખી શકે. ચાલો હું જાઉં: મારી રાહ જોવાતી હશે. આપણે ઘણીવાર સાંજે તો મળવાના જ હોં કે ?–હં–હલો–સાહેબજી !'

⁂

૨

એલીસબ્રિજ પાસે આવેલી ગંજાવર 'અમદાવાદી હોટેલ' ના, નવમા મજલા પર, સત્તાવીશમા રૂમમાં, બે ત્રણ જુવાન માણસો ભેગા થયા હતા. એ રૂમના હમેશના રહેવાશી હિરણ્યકુમારના લગ્નોત્સવની તિથિ હોવાથી, આ

'હા.'

'સુલક્ષણાની અરજી છે કે, તે ચુલાના કામમાંથી મુક્ત થવા માગે છે. અને 'અમદાવાદી હોટલ' માં રૂમ નં. ૧૩૧૭ માં, તેને અને તમારે માટે રહેવાની ગોઠવણ થઇ છે.' વૃદ્ધ પિતાએ, આશ્ચર્યથી શંકર તરફ જોયું. શંકરે, પોતાની સ્ત્રી મારફત નવા ધારાનો લાભ સૌથી પહેલાં જ લીધો હતો તે હમણાં જ કહી ગયો, તે વાત તેના પિતાને ખૂંચી રહી !–

'બરાબર છે.' શંકરે હર્ષભેર જવાબ વાળ્યો.

'અને સાહેબ, આપ !–' પોલીસ ઇન્સપેકટર, શંકરના પિતા તરફ ફર્યો: 'આપની મિલકતનું તમામ 'લીસ્ટ' આજે જ રજુ કરો. આપ જૂના મતના હો, ને તેથી તમારા મતથી વિરુદ્ધ ચાલનારને, મિલકતમાંથી બાતલ કરો કે બીજી રીતે મિલકતનો વિનાશ કરો, તે કાયદેસર રીતે અટકાવી શકાય છે.'

દીક્ષિત મૂઢ બનીને સાંભળી રહ્યા: 'શંકર!' તે ગળ-ગળા થઇને બોલ્યા: 'આંહી આપણે સૌ સાથે શું ખોટા હતા બેટા! તું મને પાળતો, હું તને જાળવતો: તારી વહુ પણ સારાં હતાં. આવું ન કર્યું હોત તો ?'

'પ્રગતિ અને વિકાસ, પિતાજી! અટકાવી શકાતાં નથી!' શંકરે બેદરકાર ઉત્તર વાળ્યો.

દીક્ષિતે બીજા પુત્ર તરફ જોયું: 'બેટા! તું ?'

'હું ?—' રામભાઇએ ઉત્તર વાળ્યો: 'હું પછાત કેમ રહી શકું ?—મેં 'અમદાવાદી હોટેલ' માં તમારા નામ પર, અમુક રકમ જમા મૂકી છે. તમે સુખેથી રૂમ નં.

'સુવર્ણા ! બરાબર વિચાર કરજે હો બેન !–'

'તમારા કરતાં હું મારું હિત વધારે સમજું છું ભાઇ !' સુવર્ણાએ પોતાના ભાઈને પ્રત્યુત્તર વાળ્યો.

'બસ, ત્યારે પત્યું. એ આગ્રહનો વિષય જ ન હોઇ શકે.' ડૉક્ટરે, પોતાના ખીસામાંથી ઘડિયાળ કાઢી તેમાં જોતાં જોતાં કહ્યું: 'નવ ને પાંત્રીશ'!

'હેં ! ચાલો ત્યારે, સુવર્ણા બેન, તું આવે છે કે?'

'હાસ્તો !–'

સુવર્ણા બેઠી થઇ. તેના ભાઈએ હિરણ્યકુમાર સાથે હસ્તધુનન કરી લીધું અને ડૉક્ટર પણ હાથ મીલાવીને ચાલતા થવાની તૈયારીમાં હતા, તેટલામાં અચાનક સાંભર્યું હોય તેમ તેણે પોતાના પાટલુનના ખીસામાં હાથ નાંખ્યો, એક કાગળ ખેંચી કાઢયો, ને તે ટેબલ પર હિરણ્યકુમાર સામે ધર્યો.

'આ આપનો કરારલેખ સાહેબ !'

'ઑહ !'

'અને—' ડૉક્ટરે બીજા ખીસામાં હાથ નાખ્યો– 'આ આપનું 'બીલ' સાહેબ !'

'યે–સ–કેટલું છે ?–શાનું છે ?'

'કેટલું છે તે કહું ને શાનું છે તે આપ જાણો છો: પંદરસો સાઠ, તેર આના, નવ પાઇ, સાહેબ !'

'બરાબર, સારું–' હિરણ્યકુમાર ખુરશી પરથી બેઠો થઈ, સૌની સાથે ચાલ્યો.

'અને–' ડૉક્ટરે પાછા ફરતાં કહ્યું: 'છેલ્લી પરીક્ષાનું બીલ—હવે આવશે.'

મિત્રો આજે વિનોદ કરવા આવ્યા હતા. રૂમની બરાબર વચ્ચોવચ્ચ એક ગોળ ટેબલ હતું, અને તેની આસપાસ ગોઠવાઇને એક સ્ત્રી અને ચાર જુવાન માણસો બેઠાં હતાં. પાસે એક ખૂણામાં બીજા ટેબલ પર વીજળીના ચાર દીવા બળી રહ્યા હતાઃ ઉપરથી પંખાનો ધીમો અવાજ પણ આવતો હતોઃ અને સામેની ભીંતમાં ગોઠવેલા, વિજળીના યંત્રના પ્રતાપથી, આખી રૂમ હૂંફ ભરેલી લાગતી હતી.

બહાર માત્ર ત્રણ પ્રકારના અવાજો આવતા હતાઃ મોટરના. મોટરસાઇકલના અને ગગનમાં ચાંદનીમાં ખેલવા નીકળેલા કેટલાક વિમાનના.

'આજે તમારા લગ્નને એક વર્ષ પૂરું થાય છે ?...'

એક જુવાન જેણે અમેરીકન ટાઇપના કોટ પાટલુન ને હેટ ચડાવ્યાં હતાં, તેણે પેલી સ્ત્રી સામે જોઇને પૂછ્યું.

સ્ત્રીએ જવાબ આપ્યોઃ 'હા !'

'અને પરિણામ ?'

બધાએ આતુરતાથી સ્ત્રી સામે જોયુંઃ તેણે પોતાની ડોક એક તરફ જરા નમાવી થોડું હસી ને પછી ઉત્તર વાળ્યોઃ

'મને લાગે છે, ડૉક્ટર ! કે તમારી મદદની જરૂર પડશે. હિરણ્યકુમારનો સ્વભાવ મને અનુકૂળ નહિ પડે.'

ડૉક્ટર રોફથી હિરણ્યકુમાર સામે જોઇ રહ્યોઃ હિરણ્યકુમારે તેની નજર ચૂકાવી.

'સુવર્ણા ! તેં બરાબર વિચાર કર્યો છે ?–' હિરણ્યકુમારે સુવર્ણા તરફ ફરીને કહ્યું.

'હા.' સ્ત્રીએ ટૂંકો પણ દૃઢ જવાબ વાળ્યો.

'સુવર્ણા ! બરાબર વિચાર કરજે હો બેન !–'

'તમારા કરતાં હું મારું હિત વધારે સમજું છું ભાઇ !' સુવર્ણાએ પોતાના ભાઈને પ્રત્યુત્તર વાળ્યો.

'બસ, ત્યારે પત્યું. એ આગ્રહનો વિષય જ ન હોઇ શકે.' ડૉક્ટરે, પોતાના ખીસામાંથી ઘડિયાળ કાઢી તેમાં જોતાં જોતાં કહ્યું: 'નવ ને પાંત્રીશ'!

'હેં ! ચાલો ત્યારે, સુવર્ણા બેન, તું આવે છે કે ?'

'હાસ્તો !–'

સુવર્ણા બેઠી થઇ. તેના ભાઈએ હિરણ્યકુમાર સાથે હસ્તધુનન કરી લીધી અને ડૉક્ટર પણ હાથ મીલાવીને ચાલતા થવાની તૈયારીમાં હતા, તેટલામાં અચાનક સાંભર્યું હોય તેમ તેણે પોતાના પાટલુનના ખીસામાં હાથ નાંખ્યો, એક કાગળ ખેંચી કાઢયો, ને તે ટેબલ પર હિરણ્યકુમાર સામે ધર્યો.

'આ આપનો કરારલેખ સાહેબ !'

'ઑહ !'

'અને—' ડૉક્ટરે બીજા ખીસામાં હાથ નાંખ્યો–'આ આપનું 'બીલ' સાહેબ !'

'યે–સ–કેટલું છે ?–શાનું છે ?'

'કેટલું છે તે કહું ને શાનું છે તે આપ જાણો છો: પંદરસો સાઠ, તેર આના, નવ પાઇ, સાહેબ !'

'બરાબર, સારું–' હિરણ્યકુમાર ખુરશી પરથી બેઠો થઈ, સૌની સાથે ચાલ્યો.

'અને–' ડૉક્ટરે પાછા ફરતાં કહ્યું: 'છેલ્લી પરીક્ષાનું બીલ—હવે આવશે.'

'છેલ્લી પરીક્ષા ?—'

ડૉકટરે પાટલુનના બન્ને ખીસામાં હાથ નાખ્યા, બૂટના આગલા ભાગ પર ઉભા રહી શરીર લંબાવ્યું ને ભાષણકર્તાની ઢબે બોલ્યાઃ

'આપ જાણો છો સાહેબ !—કે આવા વાર્ષિક કરારથી થયેલાં લગ્નને, કાયદા પ્રમાણે, હમેશાં સંતતિ-નિયમનની દવા લેવાની હોય છે કે જેથી, વરસને અંતે, એક બીજાને અનુકૂળ ન પડે, ને આપ છૂટા થાઓ છો તેમ છૂટા થાય તો, તેમનાં સંતાનોની કોઇ જાતની ચિંતા—અનાથાશ્રમ, સરકાર કે સમાજ કોઇ પર ન રહે. તે પ્રમાણે હું હમેશાં એક વર્ષ સૂધી સુવર્ણાને તપાસી ગયો છું તે આપને વિદિત છે. કેમ સુવર્ણા ?'

સૂવર્ણાએ હસતાં ડોકું ધૂણાવ્યું.

'જે તપાસને પરિણામે આજે તમે બન્ને નચિંત છૂટાં થઈ શકો છો.'

'બરાબર, એનું આ બીલ તમે આપ્યું તે ?'

'જી હા.'

'પછી–બીજા બીલની શી વાત છે ? છેલ્લી પરીક્ષા–'

'એવું છે, સાહેબ, કે સુવર્ણાને છેલ્લી વખત તપાસી લેવી પડશે, ત્યારપછી જ, તે બીજા વાર્ષિક લગ્નકરારમાં જોડાઇ શકશે.'

'ઑહ !—'

ત્રણે જણા ચાલતા થયા. હિરણ્યકુમાર બારણા પાસે જ ઉભો.

'સાહેબજી !'

'જી હા. સાહેબજી !'

'સુવર્ણા આવજો !'

'હા. આવજો !'

છેલ્લા શબ્દની પાછળ બારણું બીડાયું ને હિરણ્યકુમાર, ઉતાવળે ઉતાવળે ટેબલ પાસે પહોંચ્યો. બીલ જોવા માંડ્યો. 'પંદરસો સાઠ, તેર આના, નવ પાઇ.' ઘણું કહેવાય : ચાલો પત્યું કરીને, તે ખાટલા પર પડવાની તૈયારી કરવા લાગ્યો. તેટલામાં જ તેના બારણા પર ટકોરા પડ્યા.

હિરણ્યકુમાર સફાળો બેઠો થયો. પાછા ફર્યા કે શું એવી કુતૂહલવૃત્તિથી તેણે ઉતાવળે બારણું ખોલ્યું. સામે ત્રેવીસ ચોવીસ વર્ષની એક સ્ત્રી ઉભેલી માલમ પડી.

'સુવર્ણા બેન આવ્યાં છે કે ?–'

'ના. એ તો ગયાં.'

'કેમ ?'

'તેમને સ્વભાવ અનુકૂળ ન આવ્યો.'

'એમ ?–'

'તમે કોણ ?'

'હું લક્ષ્મી. સુવર્ણાની નાની બેન છું.'

'હા. હા. તમે તો મુકુંદરાય સાથે, લગ્નવિધિથી જોડાયેલાં હતાં કાં ?'

'હા. પણ આજે જ અમારો કરાર પૂરો થયો છે. એમનો સ્વભાવ ઉગ્ર છે. અને ઉગ્ર સ્વભાવ એટલે રોગ.'

'બરાબર છે.'

'તમને સુવર્ણા સાથે કેમ ન ફાવ્યું ?'

'મને એનો સ્વભાવ બહુ ઠંડો લાગ્યો. મને જરા ઉગ્ર પ્રકૃતિ પર મોહ છે.'

'એમ ત્યારે તો હું ઉગ્ર પ્રકૃતિ . . .'

'તમને ફાવે તો—'

'મને વાંધો નથી, તમે બીજે વચનથી બંધાયા ન હો તો.'

'ના ના–' હિરણ્યકુમારે ટોકરી પર જ હાથ લગાવ્યો.

'હલો, કોણ ?–રામો ?'

'હા.'

'ડૉક્ટર સાહેબ દરવાજેથી નીકળી ગયા કે ?'

'જી ના.'

'જરા નીકળે તો પાછા મોકલજે.'

'કેમ ?' લક્ષ્મીએ પૂછ્યું.

'તમારે શરીરની છેલ્લી તપાસ કરાવવી પડશે નાં ?..'

'હા. હા.'

રીતે–લાખુ દાખલ થઇ. તેના હાથમાં ખજુરીની પાંચ પૈસાની ત્રણ મળે છે એ જાતની સાવરણી હતી. તેનો લાંબો, લેવાઈ ગયેલો ચહેરો, આગળ પડી આવતું અણીદાર કંઈક વાંકું નાક, અને બે ધોળા ડોળા જેવી વ્યક્તિત્વહીન શૂન્ય આંખો જોઈને કંઇક આશ્ચર્ય અને દિલગીરી સાથે હું તેના તરફ જોઇ રહ્યો.

'લાખુ! આ જરા આંહીંથી સાફ કરી નાખજે.'

લાખુની પાછળ તેના સાડલાની કોર પકડીને મારો નાનો પુત્ર અરુણ ઊભો હતો.

'લાખુ! કહે'ની ક્યારે આવશે? . . . કહે'ની કાલ આવશે?–કેમ આવશે?—'

લાખુ મૂંગે મોંએ વાળવા માંડી. પણ અરૂણની જીભ તો ચાલ્યા જ કરતી હતી.

લાખુ વાળીને ચાલી ગઈ અને અરૂણ તેની પાછળ ચાલ્યો. મેં તેને ઈશારતથી બોલાવ્યો.

'અરુણ! જો લાખુને એવું ન પૂછાય હો. તું કોના આવવાની વાત કરે છે?'

'છબીના જીવાની!'

'છબી શું?'

'કેમ વળી જીવાની છબી છે ને? લાખુએ' એને પોતાની કોટડીમાં સંતાડી રાખી છે–' પોતાની આંખો ને લુચ્ચા હાસ્યથી વધારે વહાલો લાગતો અને જરાક ભયભીત થઈને પાછું જોતો જોતો, તે પોતાની આંગળી નાક પાસે લાવીને મને ચૂપ રહેવાની શિખામણ આપતો, છેક

મારા કાન પાસે મોં લાવ્યો: ' તમને એક ખાનગી વાત કહું ? જો કોઇને કહેશો નહિ હો, લાખુએ એ છબી આપણા ઘરમાંથી ચોરી લીધી છે ! '

મારા વકીલમિત્ર એક તો બે ત્રણ વર્ષ પછી અને ઇંગ્લંડથી આવ્યા પછી પ્રથમ જ અમારે ત્યાં આવતા હતા એટલે ઘરમાં બધાં છોકરાં તૈયાર થઈને આનંદથી આમ તેમ ઘૂમી રહ્યાં હતાં. નોકરો પણ અપ–ટુ–ડેટ બનીને ઉભા રહી ગયા હતા, શ્રીમતી પોતે પણ તૈયાર હતાં, બધું સરસ હતું. બહારનો તાપ પણ લીલા ઝાડને સુંદર ચળકાટ આપી રહ્યો હતો. અને આનંદમાં ભાગ લેતાં પાછળ રહી ન જાય માટે બ્રાઉન પણ પૂંછડી આમ તેમ હલાવતો ઘૂમી રહ્યો હતો.

' અને તમને બીજી વાત કહું ? '

' શું ? '

' લાખુ કહે છે કાં જીવો પાછો આવશે ને નહિતર હું જીવા પાસે જઇશ–લાખુની પાછળ હું પણ . . . તેના સાડલાની કોર પકડીને, બાપુ, એને કહેતા નહિ હો, એને ખબર ન પડે તેમ જવાનો છું. અને–પછી એને ખબર પડશે ત્યારે . . . એને કહેતા નહિ હો—' મારા ગળે હાથ વીંટીને કાનમાં વાત કરતો કરતો તે પોતાના મુક્ત નિર્દોષ હાસ્યથી દેવદૂતના જેવું મીઠું ઉલ્લાસભર્યું હસવા લાગ્યો.

' કોઇને કહેશો નહિ હો—લાખુ તો એવી ખીજાશે'

' પણ બેટા ! ' મેં એનો હાથ તરછોડી નાખ્યો. ' તને ખબર નથી એવું બોલાય નહિ. '

લાખુ પાછી ફરીઃ 'અરુણભાઇ !–તમે ફરવા આવો સો ?'

અરુણ હસ્યોઃ 'હં, હું સમજી ગયો છું હો ! તું વાત સાંભળવા આવે છે.'

લાખુ બોલીઃ 'તે એવી શી ખાનગી વાત કરવી સે તે.'

'બાપુ કહેતા નહિ, કહેતા નહિ,' કરતો અરુણ મારી ડોકે વળગીને કૂદવા લાગ્યો. આજના ઉલ્લાસભર્યા પ્રસંગમાં આ શોકની છાયા જોઇને મને જરાક ગ્લાનિ થઈ. 'લાખુ ! તું જા. હમણાં જા, અરુણ આંહી છો રહ્યો.' લાખુ ચાલી ગઇ.

'લાખુ મને શા માટે બોલાવે છે તમને ખબર છે?'

'ના.'

'જીવો મારા જેવડો હતો ત્યારે તેણે એક દિવસ એને માર્યો હતો એ વાત કરવા.'

મેં ધીમેથી તેનો હાથ ઉઠાવી લીધો. 'જો ભાઈ, હવે ગુપચુપ બેસી જા, હમણાં મહેમાન આવશે ત્યારે ડાહ્યો થઇને બેસજે હો.'

સાધારણ રીતે છોકરામાં ડહાપણ–આપણું માનેલું ડહાપણ–જરા ધીમે ખાવાનું, બહુ ધીમે બોલવાનું, દાંત ન દેખાય તેવી રીતે એટલે કે અંતર ન કળાય તેવી રીતે હસવાનું–મહેમાનની હાજરીમાં પાંચ દસ મિનિટ આવી જાય તો ઘણું, એ જાણે કે પ્રચલિત સામાજિક રિવાજ હોવાથી મેં પણ અરુણને 'ગુડ મોર્નિંગ, બાઇ ધ બાઇ, થેંક્યું, નો' એવા એવા ચાર પાંચ શબ્દો પઢાવ્યા ન

પઢાવ્યા, ત્યાં તો 'હલ્લો, મિ. દવે, હાઉ ડુ યુ ડુ ' કરતા અમારા વકીલમિત્ર મિ. વિજયલાલ દાખલ થયા.

અરુણને 'ગુડ મોર્નિંગ સર' કહેતો સાંભળીને તો તે પેટ પકડીને હસ્યા. અને પછી તો તે એવા વાતોએ ચડયા, અને છોકરાં અને અમે સૌ પણ એવા રસથી તેમની વાતોમાં તલ્લીન થઇ ગયાં કે અરુણ ક્યારે ગુપચુપ છટકી ગયો તેનું પણ ભાન રહ્યું નહિ. વિજયલાલ તો ઊઠતી વખતે પણ તેને જ સંભારતા રહ્યા. થોડીવારમાં તે પાછો આવ્યો, પણ તેનો નાનો ચહેરો આંસુથી ખરડાયેલો હતો અને એના હૃદયની વ્યથાનાં સ્પષ્ટ ચિહ્ન એના કુમળા મોં પર દેખાઈ આવતાં હતાં.

'શું છે? અરુણ, તું ક્યાં ગયો હતો?'

મારા સ્વરની કર્કશતાથી તે જરા બીધો, પણ પછી હિંમતથી બોલી ઊઠયો: 'મારી રકેબી લઇ આવવાનું મેં જીવાને કહ્યું હતું.'

'આ છોકરાને ગાંડું લાગ્યું છે કે શું? ક્યાં છે પેલી લાખુ?'–બારણા પાછળથી છલકાતી આંખે લાખુ બહાર નીકળી.

'જો લાખુ, તારે પાંચ પંદર દિવસ દેશમાં જવું હોય તો જઇ આવ, આખો દિવસ નાના છોકરાને રડાવવું હોય, જીવલાને સંભારી સંભારીને, તો અમારે ત્યાં નોકરી નહિ બને.'

લાખુની આંખમાં ઝળઝળિયાં આવ્યાં. તે નીચે જોઇ રહી.

'અને તું ક્યાં ગયો હતો? કેમ હજી ખાધું નથી? તારે ખાવું નથી?'

'મારે નથી ખાવું . . .'

લાખુની દિલગીરીમાં અમે પણ ભાગ લઇ રહ્યા હતા, પણ તે માણસાઇ ભરેલી રીતે, વખતે વખતે સંભારીને 'બિચારો જીવ' કહીને અફસોસ કરીને; પણ નાનું છોકરું જીવન, સત્ય અને વ્યવહારનો મર્મ ન સમજતાં, આવી રીતે, નોકરની ખાતર પોતે પણ ન ખાય તે જોઇને મારો પિત્તો ઊછળ્યો. બધી વસ્તુ સાધારણ રીતે શોભે. અસાધારણતા એ પ્રેમી અને પાગલનો ધર્મ એમને મુબારક હો.

'તું ખાઈ લે છે કે નહિ?'

આંખમાં ઝળઝળિયાં સાથે અરુણ ટેબલ પાસે આવ્યો અને એક નાની રકાબી ખેંચીને ચુપચુપ બેઠો. બેસતાં બેસતાં પણ તે લાખુ સામે જોયા વિના રહી શક્યો નહિ.

'એને જલેબી આપ, ગાંઠિયા લે, આ ચા પી. અને લાખુ – તું આ બધું સાફ કરી નાંખ.'

મૂંગે મોંએ લાખુ બધું સાફ કરવા મંડી.

આ જમાનામાં જ્યાં બધું જ નિશ્ચિત ધોરણ પર થતું જાય છે ત્યાં, પાંચ વર્ષના છોકરાના મરણ માટે પાંચ મિનિટ, દશ વર્ષનાંને માટે દશ મિનિટ, એવો કોઇ ચોક્કસ સામાજિક રિવાજ હોવો જોઇએ. અને વધુમાં વીરચંદ કે ભૂપસિંહ કે ગુલાબરાયનું છોકરું મરે તો અઢી કલાક, લાખુ, નાથુજી કે ધૂળાજીનું છોકરું મરે તો પા કલાક એવો પણ રિવાજ હોવો જોઇએ. પ્રેમને અમર્યાદિત રીતે ફેલાવવાનો નૈસર્ગિક દોષ ધરાવનાર બાળક વ્યવહારમાં રીઢું થયા પહેલાં ઘણી વખત આ બાબતમાં ભૂલ કરી નાખે છે.

થોડી વારમાં જ અરુણ ઊઠ્યો.

'કેમ ? ખાઇ લીધું ?'

'મને ભાવતું નથી . . .'

'ભાવતું કેમ નથી ? શું ભાવે છે ? આંહી આવ . . .' ભયથી ઘસડાતો તે મારી પાસે આવ્યો. 'શું ભાવે છે ?'

શૂન્ય દૃષ્ટિએ તે મિઠાઇની રકાબીઓ તરફ જોઇ રહ્યો. 'આજ મને એમ થાય છે કે મારે ખાવું ન જોઇએ.'

'ખાવું ન જોઇએ ?–શા માટે ?'

આંખમાં આંસુ લાવીને તે ભયથી ધ્રૂજતો મારી સામે ઊભો રહ્યો: 'કારણ કે લાખુ હજી રૂએ છે ને છાની રહી નથી.'

એક ઘડીભર તો ગુસ્સાનો વેગ મારા અંતરમાં આવી ગયો: પણ બીજી જ ક્ષણે લાગ્યું કે છોકરો એક પરમ સત્ય કહી રહ્યો છે.

મારાથી રકાબી નીચે મૂકાઇ ગઇ. એટલામાં જરાક ધ્રૂજતી લાખુ બારણા પાસે આવી હોય એમ લાગ્યું.

'શા'બ !'

'કેમ ?–'

'શા'બ, આજ જીવલાનો માસિયો સરાવવો છે તે એક બ્રાહ્મણને તેડવા જવું છે–તે જાઉં ?'

'આજ જીવલાનો માસિયો છે ?'

'આજ છે.'

'બોલ્યા વિના–જવાબ આપ્યા વિના–હું શાંત રહ્યો. એટલામાં લાખુના સવાલના પ્રત્યુત્તરમાં હોય તેમ અંદરના ખંડમાંથી જવાબ આવ્યો: 'લાખુ, જા, તું તારે જા.'

૧૯૩૨

સંસ્કાર મૂર્તિ

એને તમે લગભગ છેલ્લો અવશેષ ગણી શકો. હું એ નાના ગામના મોટા ગુરૂ જેવા જીવણરામ વ્યાસની વાત કરૂં છું. જીવણરામની પવિત્રતા વિષે એ ચાર પાંચ ગામડાના જૂથમાં કોઈ સવાલ જ ન કરે; જન્મથી જ આડા અને રૈયતને રંજાડવામાં જ જેણે મહત્તા માનેલી એવા દરબારોના ડાયરામાં પણ જીવણરામ બેસે ત્યારે કોઈ મોટા હરફથી વાત પણ ન કરી શકે એટલો બધો કાયદા વિનાનો સ્થાપિત હક્ક આ બ્રાહ્મણ ભોગવી રહ્યો હતો. જીવણરામની સેવા એક પ્રકારનું પૂણ્ય ગણાતું. જે મહોત્સવમાં જીવણરામ ગેરહાજર તે મહોત્સવની મહત્તા અરધી થઇ જતી. જ્યાં જીવણરામ ત્યાં સઘળું પવિત્ર. એની હાજરીની શેહમાં દરબાર, પોલીસ પટેલ, મખ્ખીચુસ વાણિયો, ગંજેરી, ઘરફાડુ ને ગંજી બાળનાર સૌ એક પ્રકારની શેહ અનુભવતાં.

ફતુલાએ દારૂના ઘેનમાં ભરબજારે કોઈ ગરીબ બાઇની મશ્કરી કરી એ વાત જ્યારે જીવણરામના જાણવામાં

આવી ત્યારે પોતાની લાકડી લઈ, મુગટો ઓઢી, ને ચાંખડી પર ચડી તે તરત ચાલી નીકળ્યા. દરબારનું ઘેન ઉતરી ગયું હતું ને ફળીમાં સૌ તેની મશ્કરી કરી રહ્યાં હતાં. તેની વહુ કેસરબા પણ તેમાં ભાગ લેતાં હતાં. એટલામાં 'વહુ! બેટા! સાંકળ ઉઘાડજો, હું જીવણરામ.' એવો સ્વર આવ્યો. ઘડીભર તો સૌ સ્તબ્ધ જ થઇ ગયા. પણ પછી કેસરે ઘૂંઘટ કાઢીને બારણું ખોલી નાખ્યું ને પોતે સંકોચાઇને એક તરફ ઉભી રહી.

'કોણ તમે છો કે? ઠીક લ્યો તમને જ પેલા લ્હાણમાં લઉં.'

'હા હા લ્યો, હું તો તમારી દીકરી છું' મોં મલકાવીને કેસરે શરમાતાં શરમાતાં જવાબ વાળ્યો.

'ત્યારે બેટા, અગ્નિની સાખે તમે દરબારનો હાથ ઝાલ્યો, એટલે એનું અડધું પાપ તમને વળગવાનું, કનુભા દારૂ પીને આવે તો સાંકળ વાસીને ઘર બહાર ઉભો રાખો. દારૂ તો દૈત્ય છે. આખું જદુકુળ એના પાપે મર્યું.'

'પણ, એ માનતા નથી તે પછી હું શું કરૂં? મારે બાઇ માણસનું શું જોર?'

'માનતા નથી? રોટલો શું કરવા આપો છો? ઘરનાં રાણી છો કે ગોલી? ન માને તો દરબારને હેઠા બેસાડી દ્યો. જીવણરામ વ્યાસ આ ગામમાં જીવે ને દરબાર કોઇની મા દીકરી સામે આંખ ઉંચી કરે તો મારે ગામને દેહ દેવો પડે. હમેશ સવારમાં આવીને નકટા જેવો તમારે ઉંબરે 'જે નારા'ણ' કરીને ઉભો રહું છું. તે કાંઇ અમસ્તો?'

દેવભાષા બોલવા નિર્માણ થયેલો શુદ્ધ સંસ્કારી અવાજ

ગાજી રહ્યો. એની તપ્યા વિનાની શાંત ઉગ્રતા રાત્રિની ગંભીરાઇને લીધે વધારે સચોટ બની રહી.

કેસર નીચે જોઇને અંગુઠે જમીન ખોતરવા લાગી. ને વ્યાસની સામે જવાબ દેવાની હિંમત નહિ ચાલવાથી શાંત રહી.

'ક્યાં છે કનુભા ?'

'એ બેઠા.'

એટલામાં તો કનુભા પોતે જ સામે આવ્યો.

'બાપા, કાંઈ અત્યારે ?'

'હા બાપ. જેવાં જેનાં કરમ. કહેવા આવ્યો છું. પાંચ વરસ બાકી છે જીંદગી મારી, તે સુખે કાઢવા દેવી ન હોય તો તમે ગામના ધણી છો. તે બોલી દ્યો. બાકી હું જીવતાં ગામમાં ક્યાંય અન્યાય થાય તો મારે જીવ દેવો પડે. આજ આટલું બન્યું ને કાલ વધુ બને. દારૂડિયાનો શો વિશ્વાસ ?'

'પણ બાપા એક ભૂલ તો શંકર દાદા ય માફ કરે.'

'એ તો માફ કરે. એનામાં તેવડ છે તમારા જેવાને ચપટીમાં ચોળી નાખવાની–પણ, દરબાર, ઘરમાં ગંગા-જળ છે કે ?'

કેસરે એકદમ જવાબ વાળ્યો. 'હા,બાપા ઘણું છે.'

'ત્યારે આપો બેટા ! દરબારના હાથમાં. ને દરબાર, લ્યો ભગવાન શંકર લેખે પ્રતિજ્ઞા કે આજથી દારૂ ગૌમેટ બરાબર !'

એક પણ શબ્દ બોલ્યા વિના દારૂડિયાએ દારૂ ન પીવાની પ્રતિજ્ઞા લીધી. ને જીંદગીભર પાળી. જીવણરામની હાજરી જાણે પવિત્રતા માટે જ હોય તેમ જ્યાં એ જઇને ઉભા કે

તરત જ જે હોય તે શેહમાં નેશેહમાં ઘડીભર તો પવિત્ર બની જતો.

વ્યાસને ઘેર ઘોડિયું મોડું બંધાયું હતું. એક દીકરો ને દીકરી બે ઉછર્યાં હતાં. ઘર ભંગ થયા, અને બન્ને છોકરાં શહેરમાં ભણવા ગયા પછી પોતે એકલું એકાંત એક-ધારું પ્રશાંત જીવન ગાળવા લાગ્યા. સવારમાં ચારને ટકોરે વ્યાસ બેઠા થઇ જ ગયા હોયઃ જીવનપ્રભાત જગાવે ત્યારે આસપાસના પાંચ પંદર ઘરનાંને તો સદેહે નરસિંહ મહેતાનો અવતાર લાગેઃ ઠંડી ગરમી ગમે તે હોય, ગામને પાદર નદીએ નાહવા જાય અને સામાજીક ઋણ પૂરું કરતા હોય તેમ, નદીને કાંઠે પંદર વીસ ઝાડને પાણી પાયઃ એનું જોઇને કેટલાક બીજા પણ પાણી પાતાઃ ને વગર મહેનતે ગામને પાદર સહેજે સો સવાસો ઝાડનું જૂથ થઇ ગયું હતું. નદીમાંથી રેત પણ હમેશ કાઢવાના. છીપર લપસી ગઇ હોય તો બરાબર મૂકવાના. ને ઘેર ઘેર ભિક્ષાવૃત્તિ કરવા જાય તે પહેલાં દસ પંદર છોકરાંને પાસે બેસારીને મીઠી મશ્કરી કરતા ભણાવે. ઘેર સંગ્રહમાં હાંડલું ને તુંબડી, પણ વિદ્યાનો પ્રેમ અનહદ. બપોરે કથા શરુ થાયઃ ને સાંજે મંદિરે દર્શન કરવા જાય ત્યાં પણ નૈતિક વાતાવરણની ઝમાવટ તો ચાલુ જ હોયઃ જુવાનોને કહેશે ગામ લૂંટનારને પોલીસપટેલ શું હંફાવે તમારે જ હંફાવવા રહ્યા. ગામની પીપરોમાં ઘણ પડયા. મોટાં મોટાં વીસ વીસ વર્ષનાં ઝાડ મોટાં સામ્રાજ્યો સળે છે તેમ, અંદરથી પોલાં થવા લાગ્યાંઃ તે વખતે, સામ્રાજ્યને હણવા સંપત્તિ ને સમૃદ્ધિ જ બસ છે તેમ, ઘણને હણવા, મીઠા મધ જેવા ખોળનું પાણી ઝાડના પોલાણમાં

રેડવાનું બસ છે. પછી તો નાનું સરખું કીડીનું કટક જ ધણને ખેંચી લાવે. પણ એ કામ વ્યાસની દેખરેખ નીચે નાનું સરખું છોકરાનું વગર પગારનું લશ્કર ચલાવતું જ હોય.

જીવણરામ વ્યાસ જમાનાની સામે ઉભા હોય એમ લાગતું. પણ જમાનાનું બળ એના જેવું બીજા કોઇએ નહોતું માપ્યું. એક બે વખત કણબી વચન આપીને, જીવણરામ સાક્ષી છતાં, લેણદેણમાં ફરી ગયા. ત્યારથી જીવણરામે સૌને કહ્યું કે માણસ કામના બોજા નીચે ટૂંકી યાદ શક્તિનો બની ગયો છે માટે. કાગળસાહીમાં નોંધ કરીને રાખતા જાઓ; બોલની હવે કિંમત નથી રહી.

૨

બરાબર જીવણરામના પિતાની શ્રાદ્ધતિથી હતી. એક તરફ જીવણરામ ધાર્મિક ક્રિયામાં પડ્યા હતા. તેની પુત્રી તેને મદદ કરી રહી હતી એટલામાં બારણું ઉઘાડી જીવણરામને પગે લાગતો મેપો કોળી આવ્યો:

'બાપા ! પગે લાગીએ.'

'આવ, મેપા, આશીર્વાદ. કાંઇ આ તરફ ભૂલો પડ્યો આજ તો ?'

'બાપા, એક વાત તમને પૂછવા આવ્યો છું: આ મારા કરમમાં છોકરૂં નંઇ હોય, તે માળું કરમને કોઇ નો ફેરવે ?'

'મેપા, 'ઉધો કર્મનકી ગતિ ન્યારી'–કર્મફળ તો ભોગવ્યે જ છૂટકો.'

'બાપા ! પણ તમ જેવા તપેશરી પાસે એની ચાવી ન હોય એવું કાંઇ બને.'

'ચાવી તો ગાંડા ! સૌ વાતની છે, પણ તારાથી થાશે?'

'હા, હા ઇમાં શું છે ?'

'ત્યારે જો, સવત્સા ગાયની બાર મહિના તું ને તારી વહુ શિયાળો ઉનાળો ને ચોમાસું સેવા કરોઃ અને જેના ઓછાયામાં ઉભા રહેતાં પવિત્ર થઇ જવાય એવી સૌભાગ્ય-વંતી સ્ત્રીનાં હમેશાં દર્શન કરો.'

'બાપા ! પેલું કામ તો બને. પણ એવી પવિતર બાઇ ક્યાં જોવી ?'

એટલામાં જીવણરામની પુત્રી બહાર આવી. તેનું ગૌર કાંતિભર્યું સૌમ્ય મોં ગામડિયાને ગમી ગયુંઃ 'બાપા ! બેનનાં દર્શન કરૂં તો ?'

'ચાલે.'

મેપો ઉઠીને બહાર ચાલ્યો, એટલામાં માથે ટ્રંક લઇને આગળ મજૂર ને પોતે હાથમાં ચામડાંની 'એટેચી' લઇને પાછળ, એવા વેષે જીવણરામનો છોકરો આવ્યો.

જીવણરામનો છોકરો શહેરમાં વકીલાત કરતોઃ તેજ-સ્વી ગણાતોઃ બુદ્ધિશાળી હતોઃ અને એક પણ વાત કેવળ શ્રદ્ધા ઉપર નભાવવાની તેનામાં નબળાઇ ન હતી. તેણે પ્રવેશ કર્યો. ને કાંઇક ચીડાયલા મોંએ એક તરફ ખાટલો પડ્યો હતો તેના ઉપર 'એટેચી' ફેંકી !–

'બાપા ! તમે પાછું આ ધતિંગ શરૂ કર્યું છે કે ?'

જીવણરામ બોલ્યો નહિઃ પણ ભોળો કોળી ફાટી આંખે જોઇ રહ્યોઃ એને લાગ્યું કે જો આ બધું ધતિંગ હશે તો તો પછી મારૂં કરમ ક્યાંથી ફરશે ? એને પોતાનો છોકરો જન્મ્યા પહેલાં ગૂજરી જતો લાગ્યો,

'આપણી પ્રજાની અવનતિ આમ જ થઇ છે.' તેજસ્વી જુવાને આગળ વાત વધારીઃ આ બધું શું ભેગું કર્યું છે ?'

'ભાઇ !–જેના ખોળામાં હું રમ્યો તેને આજ સંભારૂં નહિ ?'

' પણ આવી રીતે ?–'

'ભાઈ ! તમને જે પુરૂષો આદર્શરૂપ લાગ્યા તેને તમે નથી સંભારતા ? આમાં તો માત્ર વેષ પલટો છે. તમે 'ફોટોગ્રાફ' રાખી 'ફ્રેઇમ' ટેબલ ઉપર મૂકી રાખો છો, હું આ ક્રિયા કરૂં છું. માનસ એનું એ છે. રૂપાંતર માત્ર રીતમાં છે.'

જુવાન નીચે બેસીને બૂટ કાઢવા માંડયો. એટલામાં એની બેન આવીઃ 'ભાઇ અમે સૌ તમારી રાહ જોતા હતા. આજે શ્રાદ્ધ–તીથિ–ને તમે આવો તો સારૂં.'

જવાબ આપ્યા વિના વકીલે મોજાં ખેંચવા માંડયાં.

૩

થોડા વખત પછી જીવણરામ ભટ્ટની પુત્રી વિધવા થઇ. તે પછી એ ભાઇની પાસે શહેરમાં રહેવા ગઇ.

એક વખત જીવણુરામ ભટ્ટ પોતાના નિત્ય કર્મમાંથી પરવારી ગામનાં છોકરાંને ભણાવતા બેઠા હતા. પાસે ડાહ્યો બનેલો કનુભા, અને શિષ્ય જેવો મેપો બન્ને બેઠા હતા. એટલામાં ટપાલીઓ આવ્યો, અને 'બાપા કાગળ' કહીને એક કવર ફેંકી ચાલતો થયો.

બાપાએ કવર ઉપર અક્ષર ઓળખ્યા. પોતાના વકીલ

પુત્રનું કવર હતું. ફોડયું પણ અક્ષર જીણા હતા, એટલે કનુભા તરફ ફેંક્યું. 'કનુભા! વાંચો તો.'

કનુભાએ પહેલાં મનમાં વાંચ્યું.

'બાપા! ભારે થઇ, હડહડતો કળજગ આવ્યો.

'કેમ?'

કેમ શું? બોન ફરી પરણ્યાં!

'હેં!'

'હા, આમાં લખ્યું છે.'

જીવણરામ મનમાં ઘા ખાઇ ગયા. પણ તેની લડત સમય સામે હતી જ નહિ. તેની સઘળી રમત આંતરિક શુદ્ધિ ઉપર જ હતી.

'એટલો આપણો દોષ.'

'આપણો કેમ બાપા?' મેપો બોલ્યો.

'ગાંડાભાઇ, આપણે હવે એક જૂલમ આદર્યો છે. આપણે જમાનાને ઓળખતા નથી. જો આજે ક્યાંય કોઇ કુટુંબમાં લક્ષ્મણ ભરત રામ ને સીતા જેવી વાત મળે છે?—કેમ નથી મળતી?'

'કળજગ આવ્યો.'

'ના, ના, ગાંડા! કળજગ તો માણસે બનાવ્યા છે. પણ આજે સૌને એક જ ધૂન છે. પરણી લેવું. કેમ પરણવું ને શા માટે પરણવું એ કોઇ સમજતું નથી.'

'પણ એમાં તો કળજગ કહું છું.'

'જો, જીવણરામભટ્ટ ને ભટ્ટાણી, એક દિલનાં સાચાં હોય તો એનું ફરજંદ આવું હોય જ નહિ. દોષ મારો. મારામાં સંયમ નહિ હોય.'

જોઇએ. હવે હું બ્રાહ્મણ તરીકે તમારી સામે ઉભો રહું એમાં મારી શોભા નથી !'



વકીલને આ ખબર પડી ત્યારે ક્રૂર મશ્કરી ભરેલા અટ્ટહાસ્યથી ઘર છવાઈ ગયું. તેમણે બીજે મન વાળવા માટે Eugenic નો છેલ્લો અંક વાંચવો શરૂ કર્યો: તેમાં એક લેખ તેમને સુંદર લાગ્યો હતો: 'our thoughts, our children are' આપણા આંતરિક સાચા વિચારનો પડઘો તે આપણાં બાળકો: બહારનો વેષ, ભાષણો, કૃતિઓ–સઘળાં ખોટાં રમકડાં માત્ર છે.

૧૯૩૨

ભરતી અને ઓટ

નવ સાહેબ બદલાવ્યા પણ નવે જાણે એક જ વેલાનાં ફળ હોય તેવા ભોગીલાલને લાગેલા. પહેલા સાહેબ આવ્યા તે હમેશાં એની બૈરી સાથે જવા માટે ભોગીલાલને જ પસંદ કરતા, બીજાએ એ મહેરબાની ઓછી કરી, પણ પોતાના બજારુ કામ માટે એની જ પસંદગી કરી. સ્વભાવના નમ્ર હોવું, મીઠાબોલા થવું કે જરાક વ્યવહારકુશળ હોવું એ કોઇ જાતના ભયંકર દોષ નથી, છતાં ભોગીલાલને એ ત્રિવિધ ગુણની છાયાને લીધે જ એકવીસ વર્ષ સુધી રેલવેની નોકરી કૂટતાં નવે સાહેબની નીચે નવ રીતે ઘસાવું પડ્યું હતું. એ તો સારું છે કે સંસ્કૃતની બીજી ચોપડીમાં જ પેલો ઘૃષ્ટં ઘૃષ્ટં ચંદનનો શ્લોક આવી જાય છે ને ભોગીલાલ પણ એ જ શીખેલા, બાકી બીજો કોઇ હોય તો આવા એકવીસ વર્ષના ઘસારાથી આગના ભડકા જેવો થઇ જાય !

ભોગીલાલ હરિકેનમાં ઘાસલેટ પૂરતા હતા, ચંદુલાલ—એનો મોટો છોકરો—બીજે દીવે બેસીને થોડાંક સંસ્કૃત રૂપો

ગોખતો હતો. બીજાં ત્રણ છોકરાં, નંબર ટુ, થ્રી અને ફોર, ખાટલામાં પડયાં પડયાં નાનકડી બબુડીને ચાંદો દેખાડીને, ચાંદાપોળી પુરણપોળી કરતાં હતાં; અને નંબર સીકસ્થને ભવિષ્યના આ ઘરના એક અતિથિને–પેટમાં રાખીને મણીવહુ એક તરફ ખાટલામાં સૂતાં હતાં. સમય ભરાઇ ગયો હતો એટલે એ બિચારાં દિવસના કામકાજથી થાકીને લોથ થઇને પડયાં હતાં.

'શું રાંધ્યું છે ખાવાનું ચંદુ!' હરિકેનમાં ઘાસલેટ ભરતાં ભરતાં ભોગીલાલે પૂછ્યું.

'ખીચડી.'

'શાક શાનું કર્યું છે?'

'તારા બાપને તો સત્તર વાનાની સુખડી જોઇએ. શરમાતા નહિ હોય, આંહી, માંડમાંડ બિચારો રાંધે છે ત્યાં વળી, શાક શાનું કર્યું છે? મોટા લખેશરી દીઠા ન હોય તો' મણીવહુ બોલ્યાં.

હરિકેનમાં જવાને બદલે ઘાસલેટની ધાર નીચે પડી. એટલે ભોગીલાલે ચંદુને જ ઉધડો લીધો.

'એલા! ચાંદીયા! ઊભો થઇ જા. નથી ભણવું મારે. પહેલાં આ ઘાસલેટ પૂરી દે' પોતે ઘાસલેટ ઢોળ્યું છે, એ વાત ભૂલી જઇને, ભોગીલાલે ચંદુલાલને જ ઉધડો લીધો.

'પણ તમે આવડા મોટા ઢોળતાં શરમાતા નથી?'

'હવે તું તારે પડી રહેને ખાટલામાં, નકર પછી બે વેણ સાંભળવાં પડશે.'

'સંભળાવો ને! બીજું તો ગજું કાંઇ નથી. તમારે પનારે પડીને કોઇ દી 'નિરાંતે કોળીયો ધાન તો ખાધું નથી.

એક પછી એક છોકરું ઊભું જ હોય. પાંચનું પૂરું થાતું નથી, ત્યાં હવે છટ્ઠાંને કયાં સાચવશો ?'

ભોગીલાલ આગામી સીક્સ્થ નંબરની ચિંતામાં ઘડીભર મૂંગો બની ગયો. ચંદુએ ચોપડી એક તરફ મૂકીને મૂંગા મૂંગા ઘાસલેટ પૂરી લીધું.

પછી ચંદુએ સૌનાં ભાણાં પીરસ્યાં. એટલામાં 'દૂધ' કહેતોક'ને રબારી આવ્યો.

વાળુ કર્યા પછી માણસ એક જાતની કાલ્પનિક સૃષ્ટિમાં પડે છે.

ભોગીલાલ પણ વાળુ કર્યા પછી શરીરને પંખો નાખતા બેઠા. સામે મણીવહુ લાંબાં થઇને સૂતાં હતાં અને એક છોકરું ખોળામાં, એક પાસે, એક ધણીધણિયાણી વચ્ચે, એમ આળોટતાં સૂવાની તૈયારી કરતાં હતાં.

'આના કરતાં ગામડું સારું. સો રૂપિયા મળે છે પણ કોઈ દી પગ વાળીને ધાનનો કોળીઓ ખાધો છે ?'

'એ તો એમ લાગે. ગામડામાં જાઓ તો ખબર પડે ! મથુરાંદાસ જઇ આવ્યા, જોયું નહિ ?' મણીવહુએ જવાબ વાળ્યો.

મથુરાંદાસ ભોગીલાલની ઑફિસમાં જ હતા. છ મહીનાની રજા લઇ પોતાની થોડી જમીન દેશમાં હતી તેમાંથી અનાજ પેદા કરવા ગયા હતા. પણ સવાસો રૂપિયાનું દેણું કરીને પાછા આવી ગયા હતા.

'પણ આ નોકરીમાંથી તો હવે છુટાછેડા કરવા છે. શંકરલાલની આંખે જ જોવું એમ કેમ પહોંચાય ?'

શંકરલાલ હેડક્લાર્ક હતા. ને એની નીચેના સૌ ક્લાર્કો માનતા કે બધા સાહેબ આવે છે ત્યારે સારા હોય છે, પણ પછી શંકરલાલ એને બગાડે છે. હિંદુસંસારમાં સાસુ, વહુ ને નણંદનો સંબંધ તો પ્રાચીન સમયથી પ્રસિદ્ધ છે જ; પણ નવા જમાનાએ એમાં ક્લાર્કો ને હેડક્લાર્ક, તથા આસિસ્ટન્ટ માસ્તરો ને હેડમાસ્તર એ નવા સંબંધો ઉમેર્યા છે.

'નોકરી છોડીને ખાશો શું?'

'અરે, મજૂરી કરશું. છૂટક કામ કરશું.'

મજૂરી કરનારો પતિ, પાણીનો લોટો ભરવાની મહેનત ઉઠાવતો નથી એ મણીવહુથી અજાણ્યું ન જ હોય.

'મજૂરી નાં? હાસ્તો. તમને મજૂરી મળશે પણ ખરી!'

'અરે, ગામડામાં જઇને ઘરખોરડાં સાચવશું. શરીર તો સુધરશે!'

હમણાં જ મથુરાંદાસનું ઉદાહરણ મણીવહુએ આપ્યું એટલે એ કાંઇ બોલી નહિ. છોકરાં ધીમે ધીમે ઊંઘવા માંડયાં હતાં અને ચંદુ આઘે જઇને વાંચવા બેસી ગયો હતો, એ તક જોઇને મણીવહુએ એક ઘા માર્યો:

'આ મારી છઠ્ઠી સુવાવડ આવી છે ને એમાં છ મહિના થયાં હેરાન થાઓ છો.'

નોકરીના કંટાળાનું ખરું કારણ આવી રીતે આવેલું ભોગીલાલને ગમ્યું નહિ. એણે, જે ખોટા આશ્રય નીચે માણસો સાચો ગુનો છુપાવે છે એનો જ આશ્રય લીધો: 'પણ એમાં હું કે તું શું કરીએ? નસીબમાં માંડયું હોય એટલું તો ભોગવવું જ જોઇએ ના?'

આ નસીબને કોઇએ જોયું નથી, પણ એણે સધળાને જોયા છે.

'પછી શું કહ્યું દેવશંકર ભટ્ટે ?'

દેવશંકર ભટ્ટ પાસેના પડોશમાં રહેતા જોશી હતા. એની પાસે ભોગીલાલ બેસતા ઊઠતા અને એમાંથી ધીમે ધીમે રાહુ શનિ મંગળમાં માન્યતા ધરાવતા થયા. સાધારણ રીતે એવું જ બને છે. દુઃખ મનુષ્યના તેજની કસોટી કરે છે, તેમ એની નબળાઈનું પણ માપ કાઢી લે છે.

'દેવશંકરે કહ્યું, હવે સવા મહિનો પીડા છે.'

'ત્યારે હાંઉ, મેં નહોતું કહ્યું ?'

૨

દોઢ મહિના પછી મણીવહુએ એક નવા છોકરાને જન્મ આપ્યો. પણ તે થોડા દિવસ પછી મરી ગયો. ભોગીલાલનો સંસાર, અગિયારથી પાંચનો પાછો ચાલવા લાગ્યો. મણીવહુ કામથી કંટાળે ત્યારે એકાદ છોકરાને ટીપી કાઢતી. જેમ મજૂરો થાકે ત્યારે દારૂ પી લે છે, તેમ સ્ત્રીઓ થાક ઉતારવા માટે ઘણી વખત આ ઔષધ વાપરે છે. ક્રોધનો ઉત્તેજક રસ થોડીવાર કંટાળાની, થાકની, ને વેઠની લાગણી ભૂલાવી દે છે ભોગીલાલ એકધારા જીવનથી કંટાળતા ત્યારે થોડીકવાર લાઈબ્રેરીમાં જઇને બેસતા. બેસીને વાંચતા તો જાહેરખબરો, પણ એથી થોડો વખત વીતતો. ડોક્ટરે કહ્યું હતું કે હવે સાતમી સુવાવડ આવે ત્યારે ખાપરીયું ને ખાપણ બન્ને સાથે જ તૈયાર રાખજો. એટલે

શંકરલાલ હેડકલાર્ક હતા. ને એની નીચેના સૌ કલાર્કો માનતા કે બધા સાહેબ આવે છે ત્યારે સારા હોય છે, પણ પછી શંકરલાલ એને બગાડે છે. હિંદુસંસારમાં સાસુ, વહુ ને નણંદનો સંબંધ તો પ્રાચીન સમયથી પ્રસિદ્ધ છે જ; પણ નવા જમાનાએ એમાં કલાર્કો ને હેડકલાર્ક, તથા આસિસ્ટન્ટ માસ્તરો ને હેડમાસ્તર એ નવા સંબંધો ઉમેર્યા છે.

'નોકરી છોડીને ખાશો શું ?'

'અરે, મજૂરી કરશું. છૂટક કામ કરશું.'

મજૂરી કરનારો પતિ, પાણીનો લોટો ભરવાની મહેનત ઉઠાવતો નથી એ મણીવહુથી અજાણ્યું ન જ હોય.

'મજૂરી નાં ? હાસ્તો. તમને મજૂરી મળશે પણ ખરી !'

'અરે, ગામડામાં જઇને ઘરખોરડાં સાચવશું. શરીર તો સુધરશે !'

હમણાં જ મથુરાંદાસનું ઉદાહરણ મણીવહુએ આપ્યું એટલે એ કાંઇ બોલી નહિ. છોકરાં ધીમે ધીમે ઊંઘવા માંડયાં હતાં અને ચંદુ આઘે જઇને વાંચવા બેસી ગયો હતો, એ તક જોઇને મણીવહુએ એક ઘા માર્યો:

'આ મારી છઠ્ઠી સુવાવડ આવી છે ને એમાં છ મહિના થયાં હેરાન થાઓ છો.'

નોકરીના કંટાળાનું ખરું કારણ આવી રીતે આવેલું ભોગીલાલને ગમ્યું નહિ. એણે, જે ખોટા આશ્રય નીચે માણસો સાચો ગુનો છુપાવે છે એનો જ આશ્રય લીધો: 'પણ એમાં હું કે તું શું કરીએ ? નસીબમાં માંડયું હોય એટલું તો ભોગવવું જ જોઇએ ના ?'

૩

મણીવહુને કસુવાવડ થઈ પછી એનું શરીર ઘસાતું ચાલ્યું. એટલે એ લગભગ પથારીવશજ રહેવા લાગી. એટલે ભોગીલાલ ઉપર ભાર વધ્યો. એ ભારમાં એનો મોટો છોકરો ચંદુ પણ ભાગ લેતો થઈ ગયો. ભોગીલાલને હવે જીવન ખરેખરું વેઠ જેવું લાગવા માંડયું. સાડાસાતથી સાડાદસ રસોઈ કરવી, પાંચથી સાત રસોઈ કરવી, સાતથી આઠ પથારી કરવી, અને પછી સૂઈ જવું કે વહેલું ઉઠાય. એવી ભયંકર નિયમિતતા ગમે તેવા બહાદુરને પણ ભારી પડી જાય. જે નિયમિતતા સિદ્ધાંત ખાતર નહિ પણ ઘડિયાળની ખાતર સાચવવી પડે છે, તે જીવન હણી નાખે છે. ભોગીલાલનું જીવન હણાતું ચાલ્યું. એને હવે જીવનમાં અથાગ પરિશ્રમ દેખાયો. મણીવહુ મહાન બોજો લાગ્યો. ચંદુ અને બીજાં છોકરાં કયારેક આનંદ આપનારાં, પણ ઘણી વખત જીવ લેનારાં લાગ્યાં. એના પગ ઘેર આવતાં ભારે બની જતાં. એને જીવનમાં જે કાંઇ આનંદ મળતો તે બહારનો જ હતો.

બે ઘડી ઑફિસમાં ગમ્મત થાય તે, રસ્તામાં હેડ કલાર્કની નિંદા થાય તે, સરકારનો પગાર ખાઇને સરકારી ધોરણની બેવકુફીના દાખલા અપાય તે, અને કયારેક પ્રચલિત પ્રશ્નો પર સાચીખોટી ટીકા થાય તે-ભોગીલાલના જીવનમાં આનંદ આપનારાં આટલાં જ ઝરણાં રહ્યાં.

આફરી, હણી નાખે એવી નિયમિતતા માણસને વ્યસન તરફ દોરી જાય છે. જેમ દારૂનું, તમાકુનું, કે સિગારેટનું વ્યસન થાય છે, તેમ વર્તમાનપત્ર વાંચવાનું, ચોપડીઓ

ભોગીલાલના જીવનમાં આ તરફની વિવિધતા ઓછી થઈ ગઈ. પરણેલા જીવનનો આનંદ, આજ દિવસ સુધી એ જે રીતે સમજ્યા હતા, તે રીત પર આજ પંદર વર્ષે પ્રહાર પડતો હતો. એટલે, જેમ દારૂડિયાના જીવનમાં દારૂની ખાલી જગો પડતાં એક જાતની ઉણપ લાગે તેમ એમના જીવનમાં પણ ઉણપ લાગવા માંડી. હવે એને મણીવહુ સાથેની વાતોમાં પહેલાંનાં જેવો રસ પડતો નહિ. ભભક-ભરેલી રીતે પોતાના કલાકોની વાતો કરીને પહેલાં એ મંડળ જમાવતા પરંતુ તેમાં પણ હવે રસ ઓછો પડતો. એમનું મન હવે લાઈબ્રેરીમાં સ્થિર થવા લાગ્યું: ત્યાં થોડીવાર વાંચે, પછી કોઇ હોટેલ બોટેલમાં જઇને ચાપાણી કરે અને પછી ઘેર આવે. સૌ સૂઈ ગયાં હોય એટલે એ પણ આવીને સૂઈ જાય. પણ એટલું છતાં એક દિવસે એમણે નર્સને વાત કરી, અને મણીવહુને થોડા દિવસ દવા પાઇ. પાડોશમાં બૈરાં ઘણી વખત વાતો કરતાં ત્યારે ચંપી કહેતી કે; 'મણીવહુનું તો બાઈ, શરીર, ધીંગું ધફડું પણ છેલ્લી કસુવાવડ પછી લેવાઈ ગયું. ત્રણ જ મહીને કસુવાવડ થઈ નાં એટલે. કહેતાં નથી કે સાત સુવાવડ સારી પણ એક કસુવાવડ ભૂંડી.'

'અરે મર રે ચંપી, તને વળી આવું કોણે શીખ-વાડયું ? આપણે તો મા સાચું કહેવાનાં. કસુવાવડ થઇ શાની ? કરાવી ને વળી થઇ થઈ કરવું.' ને કોઈ ચંપીને આવો જવાબ વાળતું પણ ચંપી બોલતી નહિ. ભોગીલાલને ત્યાં ઘરકામ કરવાના એને ત્રણ ચાર રૂપિયા મળતા.

૩

મણીવહુને કસુવાવડ થઈ પછી એનું શરીર ઘસાતું ચાલ્યું. એટલે એ લગભગ પથારીવશજ રહેવા લાગી. એટલે ભોગીલાલ ઉપર ભાર વધ્યો. એ ભારમાં એનો મોટો છોકરો ચંદુ પણ ભાગ લેતો થઈ ગયો. ભોગીલાલને હવે જીવન ખરેખરું વેઠ જેવું લાગવા માંડયું. સાડાસાતથી સાડાદસ રસોઈ કરવી, પાંચથી સાત રસોઈ કરવી, સાતથી આઠ પથારી કરવી, અને પછી સૂઈ જવું કે વહેલું ઉઠાય. એવી ભયંકર નિયમિતતા ગમે તેવા બહાદુરને પણ ભારી પડી જાય. જે નિયમિતતા સિદ્ધાંત ખાતર નહિ પણ ઘડિયાળની ખાતર આચવવી પડે છે, તે જીવન હણી નાખે છે. ભોગીલાલનું જીવન હણાતું ચાલ્યું. એને હવે જીવનમાં અથાગ પરિશ્રમ દેખાયો. મણીવહુ મહાન બોજો લાગ્યો. ચંદુ અને બીજાં છોકરાં કયારેક આનંદ આપનારાં, પણ ઘણી વખત જીવ લેનારાં લાગ્યાં. એના પગ ઘેર આવતાં ભારે બની જતાં. એને જીવનમાં જે કાંઇ આનંદ મળતો તે બહારનો જ હતો.

બે ઘડી ઓફિસમાં ગમ્મત થાય તે, રસ્તામાં હેડ કલાર્કની નિંદા થાય તે, સરકારનો પગાર ખાઇને સરકારી ધોરણની એવંકુરીના દાખલા અપાય તે, અને કયારેક પ્રચલિત પ્રશ્નો પર સાચીખોટી ટીકા થાય તે-ભોગીલાલના જીવનમાં આનંદ આપનારાં આટલાં જ ઝરણાં રહ્યાં.

આકરી, હણી નાખે એવી નિયમિતતા માણસને વ્યસન તરફ દોરી જાય છે. જેમ દારૂનું, તમાકુનું, કે સિગારેટનું વ્યસન થાય છે, તેમ વર્તમાનપત્ર વાંચવાનું, ચોપડીઓ

વાંચવાનું, કવિતા કરવાનું, ભાષણ કરવાનું, એવાં એવાં ઘણાં પ્રકારનાં વ્યસનો થાય છે. સિદ્ધાંતની ખતર નહિ, આનંદની ખાતર નહિ, પણ થાક અને કંટાળાથી બચવા માટે માણસ જે વસ્તુ, સારી હોવાથી નહિ પણ સહેલી અને હાથ પર હોવાથી ગ્રહણ કરે છે તે દરેક વસ્તુ વ્યસન છે–પછી તે ગીતાનું વાચન હોય કે સિગારેટ પીવાનું હોય કે શોધખોળ-નાં મુડદાં તપાસવાનું હોય. આવાં વ્યસન ન સમજી શકાય તેવી રીતે જ પ્રવેશ કરે છે. ભોગીલાલના જીવનમાં ખાલી પડેલી જગ્યા વર્તમાનપત્રના વાચને લઇ લીધી; બાકી વધી તે એકધારા જીવને સાચવી લીધી. ઘરમાં શું છે, ચંદુ શું કરે છે, કે ઘરની શી જરૂરિયાત છે, એ સઘળું, જે વાચનમાંથી પોતે કાંઈ લેવાના હતા જ નહિ, તે વાચ-નમાં ગુમાવી બેઠા. 'બસ, સવારે ઊઠીને પરવારે કે ભલી લાઇબ્રેરી ને ભલા પોતે. લાઇબ્રેરિયન પણ કંટાળી ગયેલો કે ભાઇ તમે સૌથી પહેલા આવો, સૌથી મોડા જાઓ, સૌના કરતાં વધારે 'પેપર' ફેરવો, અને સૌના કરતાં ઓછું વાંચો—આવો તે તમને આ મકાનનો શું ચસકો લાગ્યો છે? હજી તો લાઇબ્રેરિયન કમાડ ઉઘાડે તે પહેલાં ભોગી-લાલ ઉભા જ હોય. 'કેમ આજે તો કાંઈ મોડા?' કહે-તાં'કને એકાદ પેપર તેના હાથમાંથી ખેંચી લે. ચંદુ મોટો થઈને જરાક ઘર સંભાળતો થયો, એટલે તો એકધારા અખંડ જીવનથી જેમણે જીવનનો રસ ગુમાવ્યો છે એવા ભોગીલાલે નવી શોધ કરી કે રસ લાઇબ્રેરીમાં છે!

જીવનના નિત્યક્રમમાં જે રસભંગ પડ્યો હતો, તે રસભંગને અનેક ઉત્તેજક પદાર્થોથી તે ફોસલાવી કાઢવા

મથતા હતા. મણીવહુ સાથે બેસવાનો આનંદ, નાતજાતની ઈર્ષા કરવાનો આનંદ, હેડક્લાર્કની મશ્કરી કરવાનો આનંદ, અને એ સંધળાંને અંતે મણીવહુને રીજવવાનો આનંદ-આ જબરજસ્ત ખાલી પડેલો નિત્ય જીવનક્રમનો ભંગ એટલો તો અકારો હતો કે ભોગીલાલે તેને ચેવડાથી, ચાથી, સીનેમાથી, વર્તમાનપત્રોથી, લાઇબ્રેરીઓથી, અનેક રીતે સાંધવાનો યત્ન કર્યો, છતાં એકલા અટુલા ઉભેલા શુષ્ક બાવળની માફક, એ રસભંગતી ભયંકર મૂર્તિ એમની નજર સામે જ ઊભી રહેતી.

૪

ચંદુના વિવાહ વખતે એવા એકધારા જીવનમાં પણ રસની ભરતી આવી ગઇ. ગામડાગામનાં માણસો વરનો બાપ જોવા બહાર નીકળતા હતા એ જોઇને, પહેલી કવિતા કોઇ વર્તમાનપત્રને ખૂણે આવે ત્યારે લેખકને થાય તેવો આનંદ ભોગીલાલને થયો. ગામને ગોંદરે આંબલી ઉપર માંડેલું નિશાન ભડાકાબંધ પસાયતાએ ઉડાડી દીધું ત્યારે ચંદુના પિતા પ્લેટફોર્મ પર ભાષણકર્તાની પેઠે વજનદાર બન્યા. ચંદુના કરતાં માત્ર ત્રણ વર્ષે મોટાં ચંદુનાં વહુ સુમતિ ઘેર આવ્યાં, ત્યારે ઘરમાં નવો પ્રકાશ આવ્યો હોય તેમ સઘળું ઘર શોભી ઉઠ્યું. બીજી વખત જીવન શરૂ થતું હોય તેમ ભોગીલાલ નવેસરથી ઘરની રચના નિહાળવા લાગ્યા. તેમના અંતરમાં ઊંડે ઊંડે અસંતુષ્ટ થઇને સૂતેલો જીવનરસ ફરી જાગ્યો, ફરી એ જીવન મહાલવા લાગ્યા. ફરી ચંદુની બા પાસે વેવાઇવેલાંની વાતોએ નવી રસભરતી આવી.

ચંદુ નાનો હતો. ચંદુની વહુ મોટાં હતાં. ભોગીલાલ

અતૃપ્ત રસમૂર્તિ હતા. એક વખત મોટે મળસ્કે ચંદુની વહુ ઊઠીને ઉનામણિયામાં પાણી રેડતાં હતાં, ત્યારે ભોગીલાલ મદદ કરવા ઉભા હતા. પણ નાની છતાં સુમતિ સ્ત્રીને સહજ એવા પુરુષના અવિશ્વાસથી પોતાની જાતની ચોકીદાર થઈ ગઈ હતી એટલે ઘણે પ્રયત્ને છેવટે ભોગીલાલે વહુનું કાંડું પકડયું, ત્યારે તીણી ચીસથી, ઘર જાગી ઊઠયું, ને બીકણ સસલાની માફક ભોગીલાલ ભાગી ગયા એટલે સુમતિ બચી ગઇ. પણ ત્યાર પછી ભોગીલાલ વળી જીવનમાં વિરક્તિ ભોગવવા લાગ્યા.

એક વખત એ રાત્રે ઘેર આવ્યા. ત્યારે ઘરમાં પાણિપતના ત્રીજા યુદ્ધ જેવો અસ્તવ્યસ્ત દેખાવ નજરે ચડયો. મણીવહુ વિજયી સેનાપતિની માફક ચંદુ અને એની વહુ બન્નેને ધમકાવી રહ્યાં હતાં. ચંદુ એક ખૂણામાં ઊભો ઊભો ભર્તૃહરીશતકની ચોપડીમાં માથું રાખીને રોતો હતો. ચંદુની વહુ પણ ઊભાં ઊભાં રોતાં હતાં.

'ખબરદાર, હવે મારા ઘરમાં રોટલો ખાધો છે તો? લે, નાનકડી જીભે મોટી વાતો કરતાં શરમાતી નથી?' ભોગીલાલ હાથમાં કપડાનું, બંડલ લઇને ગુપચુપ આવીને ઊભા રહ્યા.

'શું છે?'

'હોય શું? આ તમારી વહુએ ઉકાળ્યું?'

અંતરમાં સૂતેલું પાપ જાગતાં ભોગીલાલ ઝાંખા પડી ગયા. વહુએ પોતાનું પાપ પ્રગટ કર્યું છે કે શું એ શંકાથી અંતરમાં ધ્રૂજવા લાગ્યા.

'પણ શું છે? ચંદુ કેમ રૂએ છે?'

'હોય શું? બધો વાંક તમારો છે.'

'પણ વાત કહે તો ખબર પડે નાં?'

આ તમારી ડાહીલી વહુ છે તે મથુરાંદાસને ત્યાં બેસવા ગયાં હતાં . . .'

પોતાની વાત નથી એ જ્ઞાનથી છૂટકારાનો ઊંડો દમ ખેંચતાં ભોગીલાલે સહજ ઉમળકાથી જવાબ વાળ્યોઃ 'હા, એમાં શું?'

'હવે સાંભળો તો ખરા, એમાં શું એમાં શું એમ જ બોલ્યા કરો છો તે.'

ભોગીલાલ નરમ પડયાઃ 'હા. લે કહે પછી?'

'પછી શું? મથુરાંદાસને ત્યાં વાત થતી હશે કે ફલાણાભાઈના ઘરમાં બહુ લોભી . . .'

'એમાં શું? જેને જેમ ઠીક પડે તેમ બોલે.'

'તે તમારી આ ડાહીરી સુમતિએ એમાં ટેકો પૂરાવ્યો કે હા, મારા સસરા લોભી તો બહુ છે.'

'એમ લાગ્યું હશે તે એમ બોલે.'

'એમ લાગે શું? જાણી જાણીને વગોવવાં.'

'અને ચંદુને શું છે?

'ચંદુડો વહુનું ઉપરાણું લેવા આવ્યો! ડાહીલી વહુ પાછી મને કહેવા આવે છે કે પોતાના દોષ કબૂલ કરવામાં જ સઘળા ગુણ સમાયા છે. બહુ ભણતરવાળી.'

દરેક નબળા હૃદયનો માણસ, પાપ પ્રગટ નથી થયું એવો આધાર મળતાં જે ઉંડો હલકો આનંદ મેળવે છે એવો આનંદ ભોગીલાલને થઇ રહ્યો હતો. કપડાનું બંડલ ત્યાં ને ત્યાં મૂકી તે ઉપરની મેડીએ ચડી ગયા. તે વખતે

તેમના પગમાં, હલકા આનંદનો તોર હતો. ઉપર ચડીને થોડીવાર તો બેઠા પણ પછી એ ઘેલો જીવડો એક સ્થાને રહી શક્યો નહિ. તે બેઠા થયા, હાથમાં કલમ લીધી, ને પોતાની નોકરી પરથી એક વરસની રજા લેવા માટેની અરજી ઘડી કાઢી. બીજી જ પળે પોતે હવે શું કરવું તેનો વિચાર કરવા લાગ્યો.

લાઈબ્રેરીમાંથી જે રસ લૂટેલો તે મૂર્તિમંત થઈને તેમને અનેક રૂપે આકર્ષવા લાગ્યો. તેમની કલ્પનાની નજર સમક્ષ, બહુ મોટા ને સુંદર અક્ષરો દેખાવા લાગ્યા. તેમાં જુદાં જુદાં આકર્ષક મથાળાંથી ભરેલું પોતાનું વર્તમાનપત્ર દેખાયું. ઉપર તંત્રી તરીકે 'ભોગીલાલ' શોભવા લાગ્યા. એમણે તો યોજના ઘડી પણ કાઢી પોતાની રજાનો રિપોર્ટ કવરમાં બીડી ટપાલ માટે તૈયાર કરી દીધો. જીવનમાં ફક્ત એક જ ગંભીર પ્રશ્ન હોય તેમ લલાટે આંગળી લગાડી, વીર નર્મદની માફક બેઠા બેઠા ચિંતન કરવા લાગ્યા: 'શું કરું? માસિક કાઢું કે સાપ્તાહિક કાઢું? તંત્રી લખું કે સંપાદક લખું?'–અને ભયંકર ઉથલપાથલની આગાહી આપતું એક નામ શોધી કાઢવા તેમણે રાતપાળી ખેંચી કાઢી.

*

પણ બીજે દિવસે સવારે ભોગીલાલના ઘર પાસે કાગળિયાનાં થોડાંક ચબરખાં ઊડતાં હતાં, તેમાં 'એક વરસની વગર પગારે' 'મહેરબાની રાહે' 'નહિતર આ રાજીનામું' વગેરે વગેરે શબ્દો ભંગીના સાવરણાથી આમતેમ અથડાતા ગંદી ખાળ તરફ ઉડી રહ્યા હતા.

૧૯૩૨

34084